
કુમાર




કૂકડાં - શ્રી ચંદ્રશેખર શુક્લનું ચીની ઢબનું ચિત્ર - વિશેષ અંદર વાંચો

૨૯૪

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

વર્ષ ૨૫ - અંક ૬ - તંત્રી - બચુભાઈ રાવત - જૂન ૧૯૪૮

સંસ્થાપક - રવિશંકર રાવળ



સાગર અને સરિતા

ચિત્રકાર · શકુન્તલા દીવાનજી

કુમાર
જૂન ૧૯૪૯
અંક ૨૯૪

ચિત્રો

કાવ્ય

ચરિત્ર


વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૭॥; પરદેશમાં રૂ. ૯॥ અથવા ૧૫ શિલિંગ. છુટક નકલના બાર આના.

ઉત્તર હિંદની આર્ય ભાષાઓ : લેખક તથા સંયોજક : રતિલાલ મોહનલાલ ત્રિવેદી



[પ્રાંતોની ભાષાવાર રચના કરવાના આજે અવારનવાર ચર્ચાતા વિષયને અંગે દેશમાં પ્રાંતીયતાનું એક સંકુચિત માનસ ઊભું થતું જાય છે; પણ આજે જુદાજુદા પ્રાંતોમાં જૂજવાં રૂપે પ્રગટેલી એ બધી ભાષાઓનું મૂળ તો એક જ છે. પ્રાંતીયતાના ઝનૂનમાં વિસરાઈ જતા એ મુદ્દા તરફ આ ઉપરનો આલેખ અંગુલિનિર્દેશ કરે છે, અને આપણી ભાષાઓના રસમય પેઢીનામાનો બોધ કરવા સાથે એમ પણ પ્રબોધી રહે છે કે, બધા પ્રાંતો જેમ એક જ માતૃભૂમિનાં અંગ છે, તેમ, જે ભાષાઓને ઓથે આ ઝગડા થાય છે તે ભાષાઓ પણ એક જ જનેતાની પુત્રીઓ છે. ઉપરના ઉત્તર હિંદના આલેખ જેવી જ દક્ષિણ હિંદની દ્રાવિડી ભાષાઓની પણ એકરૂપતા છે. આલેખને સમજવા માટે લેખની શરૂમાં આર્યોના આગમનની પૂર્વભૂમિકા સમજાવી છે. –તંત્રી]

આપણા દેશનાં જંગલો અને ડુંગરોમાં અનાર્યો અથવા આદિવાસીઓ તરીકે ઓળખાતી જે જુદીજુદી જાતિઓ આજ પણ વસે છે તે હિન્દના મૂળ વતનીઓ છે એવી સર્વસાધારણ માન્યતા છે. એમના પછી દ્રાવિડ નામની જાતિના લોકો બહારથી આવી આપણા દેશમાં વસ્યા. આ દ્રાવિડ લોકો હિન્દના આદિવાસીઓ કરતાં જુદા છે. દ્રાવિડો એ ઍસીરિયન અથવા 'અસુરો' છે અને તેઓ આર્યો પહેલાં ઍસીરિયા, ઇજિપ્ત વગેરે દેશોમાંથી આવીને હિન્દમાં વસ્યા, એવો કેટલાક વિદ્વાનોનો મત છે. ઋગ્વેદમાં કહેલા 'દસ્યુ'ઓ તે જ દ્રાવિડો, એમ પણ હાલ મનાય છે. દ્રાવિડો પછી આર્યો આવ્યા. તેમનાં બે જૂથો (અથવા અનેક જૂથો) જુદેજુદે સમયે હિન્દમાં દાખલ થયાં. પહેલું જૂથ, જેમાં સ્ત્રી, પુરુષ, બાળક, ઢોરઢાંખર વગેરેનો સમાવેશ થતો હતો તે શાન્ત રીતે નિવાસ અર્થે હિન્દમાં આવ્યું. બીજું જૂથ એ આક્રમણકારી હથિયારબંધ ટોળું હતું અને તેથી તેઓ માત્ર થોડી સ્ત્રીઓને જ પોતાની સાથે લાવી શક્યા. બંને જૂથો થોડાક ફેરફાર સાથે આર્ય ભાષા બોલનાર હતાં. પહેલું જૂથ પંજાબમાં વસ્યું હતું. બીજું જૂથ કાશ્મીરમાંથી ગિલ્ગિટ અને ચિત્રાલમાં થઇને એક ફાચર રૂપે હિન્દમાં ધસી આવ્યું, અને પહેલા જૂથને વિવિધ દિશાઓમાં ખસેડી, પૂર્વ તરફ આગળ વધી, ગંગા-યમુનાના પ્રદેશમાં ફેલાઇ ગયું. ત્યાં આ બીજા (અનુસંધાન આગળ પૃ. ૧૭૧મે)

નર્મદાતટે પૂર્ણિમા

બાલમુકુન્દ દવે

• ઇન્દ્રવંશા •

આછોતરી નીરછટા વહાવતાં,
ભીંજાવતાં અમૃતપ્રોક્ષણોથી,
મા ગુર્જરીની ઉરધાર શાં અહો!
આ નર્મદાનીર અખંડ રેલતાં.

• મંદાક્રાન્તા •

એ રેવાનાં દરશન કરી, આરતી આશકા લૈ
વેરાયા સૌ જનગણ,ઢળ્યો સૂર્ય અસ્તાચળે,ને
સામે તીરે ગડવર ઊભી ભેખડોની પછાડી
ઊગંતી શી વિમલ સહસા પૂર્ણિમા ફુલ્લભાળી!

કન્યા કોઈ કુલિન ગભરુને ગજાકે મુકી દે
એકાકીલી સરિતતટ,સૌ ગૈ સખી હોય ચાલી,
વીલી એવી નજર કરતી ચંદ્રિકા વ્યોમમાં કૈં,
તાલી લેતી તરલ સરતી મંડળી તારિકાની.

આજૂબાજૂ નિરજન લહી રમ્ય એકાંત શાંત
ઊતારીને ત્વરિત અળગું અભ્રનું ઉત્તરીય,
છાઈ દેતી રજતપટથી દીર્ઘ સોપાનમાલા,
આવી પ્હોંચી જલતટલગી પૂર્ણિમા-દેવબાલા.

છૂટી મૂકી કિરણલટને સ્નાનઔત્સુક્યઘેલી,
દે ઓચિંતી શુચિ જલવિષે કાયને મુક્ત મેલી.
સ્પર્ધા માંડે રમણીય તરંગો કશા નર્મદાના,
ગૌરાંગીનાં અમરતભર્યાં અંગને સ્પર્શવાને!

• વસંતતિલકા •

કાંઠે ઘડી, ઘડિકમાં ભર મધ્ય વ્હેણે,
કુંટાઇને ઘડિક બેટની આસપાસ,
દે ડૂબકી ઘડિક ડોકવતી જ દૂરે,
વ્હે પૂર્ણિમા જલપ્રવાહ જ સાથસાથ.

જ્યાં ઑરસંગમ થકી જલરાસક્રીડા
જામે, ચગે રસિકડી જયહિં રુદ્રકન્યા,
જ્યાં ઊડતી ધવલ ફેનિલ ઓઢણીઓ,
ચંદા ય ત્યાં ઘુમરતી વિચિવર્તુલોમાં.

• સ્રગ્ધરા •

ઝૂકેલાં તીરપ્રાન્તે
હરિત હરખતાં વૃક્ષનાં વૃન્દ ડોલે,
છાયાઓની છબીને
જલ-દરપણમાં ઝૂલતી જોય મુગ્ધ.
શીપોના પુંજ ધોળાં,
તરલ સરકતાં મચ્છ ને કચ્છપો યે,
દેખાતા આરપારે
અગણિત ચળકે કંકરો શંકરો શા.

• શાલિની •

ઓઢી આછું નર્મદાનીરચીર
પ્રકૃતિની લાડકી પુત્રી જેવી,
ધૂમી, હાંફી, થાક ખાતી હલેતી,
થંભી થોડું ચંચલા ચંદિરા જો!

• મંદાક્રાન્તા •

મોતી મોંઘાં ખરલ કરીને પાથર્યાં હોય તેવા
બ્હોળા વેણુઢગ ચળકતા વિસ્તર્યા શ્વેતશ્વેત.
પૂર્ણિમાનાં સહજ ઢળતાં કૌમુદીગાત્ર શ્રાંત,
ભેટી રે'તી બથબથ ભરી ભવ્યતા ભવ્યતાને.

• માલિની •

સહજ શ્રમ ઉતારી પૂર્ણિમા ચારુગાત્રી,
કિરણલટ સમારી હાસતી મંદમંદ!
જલ-નરતન સંગે સાધતી અંગભંગ,
અધિક વિવશ થાતી નર્તતી નવ્ય રંગ!

• મિશ્રોપજાતિ •

કદીક પીધી ગૃહની અગાસીએ,
ઉદ્યાનમાં અંકુરની પથારીએ,
ગિરિતણે ઉન્નત શૃંગ વા કદી
આકંઠ પીધી પ્રતિ માસ પૂર્ણિમા.

• અનુષ્ટુપ •

જોઇ જે એક આ કિન્તુ અનોખી નર્મદાતટે,
અખંડ મંડલાકારે, ચિદાકાશે ઝગ્યા કરે.



કવિ

માનવ! હું છું જવાસાનો છોડ.
લીલો ઉનાળે, સૂકો ચોમાસે! માનો તો મોટી ખોડ.—માનવ! હું છું૦

તાતા હું તાપમહીં જોઉં આહ્‌લાદમહીં આવંતી વર્ષાની છોળ;
વર્ષાના વેગભર્યાં જીવનઆવેગમાં હું જોઉં શિશિર ટાઢીબોળ.—માનવ૦

જોઇને જન્મ મને દેખાતું મૃત્યુ કને, મૃત્યુમાં જોઉં જન્મમોડ;
મોહીને માણી લીધી, જોઇને જાણી લીધી ચંચલ આ દુનિયાની દોડ.—માનવ૦

શાશ્વત વર્ષાને આંહી જગમાં ઉતારવાનો હૈયે મારે છે મહા કોડ;
મારો નવ મેળ ખાય પૃથ્વીની પ્રકૃતિથી, એકલડો તેથી-અજોડ!—માનવ૦

સરોદ

જીવન

અમોને વાત કો'દી ભૂલથી સુખની ન પૂછો;
કદી આનન્દ છે હૈયે, પરંતુ સુખ નથી.
અમોને સાથ કો'દી આવીને આંસુ ન લૂછો,
કદી આક્રંદ છે, વીલું પરંતુ સુખ નથી.
અમે તો એટલું જાણી ગયા છીએ ફકત કે
મળી છે જિંદગી—એવું ન સુખ, કે દુઃખ નથી.

મૃત્યુ

મોતનું કાળું અરે! ઢાંકણ ધરી
કોણ ઉજ્જ્વળ મુખ મનોહર આવશે?
માત્ર મારી છાબ જે છીપે ભરી
કોણ પ્રેમ થકી હસી અપનાવશે?
જેમની ના જીવને ઝાંખી કરી
એ જ શું 'મારો' કહી બોલાવશે?

મકરન્દ દવે

જેના અભાવે આપણા નાગરિક જીવનનો નાશ થઇ રહ્યો છે.

સમાજહિતની દૃષ્ટિ

—[મનન]—

હિંદ રાજકીય દૃષ્ટિએ આઝાદ બન્યું ને આપણે આશા રાખી હતી કે આમ જનતા સ્વાતંત્ર્યનો પ્રાણવાયુ લેશે કે તરત તેની દૃષ્ટિ ફેરવાઇ જઈ તે એક સ્વતંત્ર ને ગૌરવયુક્ત દેશના જવાબદાર નાગરિક તરીકે વિચારવા અને વર્તવા માંડશે. પણ હજુ સુધી તો આ સુખદ પરિવર્તનનાં કોઇ ચિહ્નો જણાતાં નથી. લાગે છે કે હજુ આપણે આપણા નાગરિક જીવનનો નૈતિક પાયો જ મજબૂત કરવાનો બાકી છે; આપણને ઘેરી વળેલી આંતરિક નબળાઇમાંથી માર્ગ કાઢવાનો છે.

ભવ્ય વારસો ધરાવતો આપણો હિંદ એક મહાન ને સુંદરતમ દેશ છે. તેની પ્રજામાં બુદ્ધિમત્તાની કમી નથી. આપણા લોકોત્તર પુરુષો પૂર્વ કે પશ્ચિમ તરફના કોઈ પણ દેશના એ પ્રકારના પુરુષો સાથે બુદ્ધિપ્રતિભા અને નૈતિક મૂલ્યની બાબતમાં સહેલાઇથી બરાબરી કરી શકે તેમ છે. પરંતુ દેશની સાચી શક્તિ કે અશક્તિ તે દેશના એવા ગણ્યાગાંઠ્યા લોકોત્તર નેતાઓની શક્તિ-અશક્તિ ઉપરથી નહિ, પણ જનતાના સામાન્ય નાગરિકની યોગ્યતા પરથી નક્કી થાય છે. અને સખેદ એ કબૂલ કરવું જોઇએ કે હિંદનો સરેરાશ નાગરિક અજ્ઞાન ને આળસમાં એટલો તો ડૂબેલો છે કે પોતાની વ્યક્તિગત પ્રગતિ તથા સમાજ-કલ્યાણના કાર્યમાં પડોશી સાથે સહકાર્ય કરવાની તેનામાં રજ પણ મહત્ત્વાકાંક્ષા કે નિશ્ચય નથી. એ કેવળ જાત તરફ જ જોનારો, સાંકડા મનનો એકલપેટો છે. તેની દૃષ્ટિમર્યાદા માત્ર પોતાના—અને બહુબહુ તો પોતાનાં સગાંવહાલાંના—સ્વાર્થની બહાર ભાગ્યે જ કશું જોઈ શકે છે.

તેનામાં નાગરિક ધર્મ(civic sense)ની તો મોટી ખામી છે. દાખલા તરીકે રસ્તા પર કેવી રીતે ચાલવું તેનું યે તેને ભાન નથી. ટિકિટબારી, બસ-સ્ટૅન્ડ કે સીનેમા આગળ હારમાં ઊભા રહેવાની તેને તમા નથી. કોઈ સુંદર સ્થળે પર્યટન પર જાય તો વધેલા કાગળ વગેરે કચરો ત્યાં જ ફેંકી દેતાં તે જરા પણ અચકાતો નથી. રસ્તે જતાં, આગગાડીમાં કે બીજે ક્યાંય તે ઈચ્છા થતાં જ ગમે ત્યાં થૂંકે છે. પોતાના ઘરને તદ્દન સ્વચ્છ ને સુઘડ રાખનાર ગૃહિણી પણ પોતાના ઘરનો કચરો ઘરની બહાર આંગણામાં જ નાખી દેતાં જરા પણ અચકાતી નથી.

જાહેર સભાઓમાં આપણે ભાગ્યે જ વખતસર પહોંચવાનો પ્રયત્ન કરીએ છીએ. સભામાં મોડો આવનાર શરમિંદો બનવાને બદલે દાંડાઇથી વચ્ચે ઘૂસવાનો યત્ન કરે છે. આપણે કોઇને મળવાનો વખત આપીએ છીએ તે પણ ભાગ્યે જ પાળીએ છીએ. આગગાડીમાં બીજા ઉતારૂઓના હકનો રજમાત્ર વિચાર ન કરતાં જેમ બને તેમ વધુ જગ્યા દાબી રાખવાનો પ્રયત્ન કરીએ છીએ. આપણા પોતાના હક્કો માટે લડવાનું આપણને તરત શૂર ચડી આવે છે, પણ તેમ કરતાં બીજાના હક્કો જાળવવાની લેશ પણ પરવા કરતા નથી. જવાબદારી તરફ આપણે તદ્દન બેપરવા છીએ.

આપણા વેપારનું અને ઉદ્યોગનું ધોરણ પણ ઊંચું નથી. દેશ આખાને ભરખી રહેલી આજની કટોકટીભરી સ્થિતિમાં પણ પોતાને સમાજના અગ્રણી ગણાવતા ધનિક વેપારીઓ અને ભારે પગારવાળા અમલદારો માનવ દુઃખ અને યાતનાઓ સાથે સોદો કરતાં જરા પણ અચકાતા નથી. કાળાં બજાર, નફાખોરી, લાંચરુશ્વત આદિ અનેક સમાજવિરોધી કાર્યો તેઓ બેધડક કરી રહ્યા છે. આ તો ઉપરછલ્લા નજરે પડતા જ મુદ્દા છે. આપણા રોજિંદા જીવનની અનેક નાનીમોટી બાબતોમાં નાગરિક તરીકેની આપણી ફરજો પાળવા આપણે બિલકુલ નિષ્ફળ બલ્કે નાલાયક નીવડ્યા છીએ.

આ બધાંનું કારણ શું છે? મારા મતે આનું પાયારૂપ કારણ જાહેર નીતિ તથા સામાજિક ફરજ માટેની આપણી પક્ષપાતપૂર્ણ અને ભૂલભરેલી માન્યતા જ છે. આપણે વ્યક્તિને સમષ્ટિથી જુદી પાડીએ છીએ; સમાજજીવનથી આપણા ખાનગી જીવનને અલગ માનીએ છીએ. આમ, સમાજ પ્રત્યેના આપણા દૃષ્ટિકોણમાં જ સડો પેઠેલો છે.

આપણા દેશમાં વ્યાપક સ્વરૂપમાં સમાજના હિત તરફ જે બેદરકારી તથા વ્યક્તિગત સ્વાર્થની જ ટૂંકી દૃષ્ટિ દેખાય છે તેનું એક કારણ આપણી એક ભ્રામક ધાર્મિક માન્યતા પણ છે આ ભૌતિક જગત સર્વ માયા છે એમ માનીને આપણે કેવળ આત્મોન્નતિનો જ વિચાર કરી સમાજ તરફની આપણી ફરજો તરફ બેદરકાર બન્યા છીએ. પરિણામે કેવળ પોતા પૂરતું જ વિચારનારી પોતાનો જ લાભ જોનારી સ્વાર્થી મનોવૃત્તિ આપણે ઉછેરી છે.

પણ આપણે ભૂલી જઇએ છીએ કે સમાજથી વ્યક્તિનું અસ્તિત્વ જુદું સંભવી શકતું જ નથી. વ્યક્તિ ને સમષ્ટિને વિચાર કે કાર્યમાં એકબીજાથી જુદાં પાડવાં જ અશક્ય છે. માણસ સ્વતંત્ર વ્યક્તિ તરીકે પોતાનો વિકાસ કે ઉન્નતિ કરે તેમાં અવરોધ ન હોય, પણ તે સમાજને નુકસાન કરીને કે સમાજના ભોગે તો હરગીઝ નહિ વ્યક્તિત્વવાદની ઉગ્ર હિમાયત કરનારા પશ્ચિમના દેશો પણ સામાજિક ફરજને પહેલું સ્થાન આપે છે, કેમકે કોઇ પણ વ્યક્તિનું અસ્તિત્વ કાર્ય કે પ્રગતિ, આરોગ્ય ધનસંપત્તિ કે સુખસગવડ, બધું સમાજને જ આભારી છે. તેના બદલામાં વ્યક્તિએ પણ સમાજના કલ્યાણનો, સમાજની પ્રગતિનો વિચાર કરવો જોઇએ. સમાજના ભોગે પોતાનો લાભ તથા પોતાની ઉન્નતિ કરવાનો પ્રયત્ન કરનાર વ્યક્તિ સમાજદ્રોહી છે, દેશદ્રોહી છે. કાળા બજારિયા વેપારીઓ કે લાંચિયા અમલદારો, ખોરી દાનતના કારીગરો કે નાફરમાન નોકરો, બિનજવાબદાર સેવકો કે લાપરવા જુવાનિયાઓ, બધા જ પોતાના તાત્કાલિક લાભ કે સગવડ સાધવામાં કેટલું ભયંકર નુકસાન સમાજને કરી રહ્યા હોય છે તે સ્વાર્થના અંધાપામાં જોઈ શકતા નથી. પણ નરી આંખે ન દેખાતી એ વસ્તુ અંતે સમાજની નૈતિક કરોડ તોડી સમાજનો નાશ કરે છે; ને પરિણામે સમાજ સાથે તે વ્યક્તિનો પોતાનો પણ નાશ થાય છે.

આથી આપણે બરાબર સમજી લેવું જોઇએ કે સમાજથી જુદું મનુષ્યનું અસ્તિત્વ કદી પણ સંભવી શકતું નથી. વ્યક્તિ એ સમાજજીવનના શરીરના અવયવો સમાન છે. હાથપગ આદિ અવયવોને શરીરથી જુદા કરતાં જ જેમ તે ચેતનહીન અને બિનઉપયોગી બની જાય છે, તેમ વ્યક્તિનું પણ છે. જેમ શરીરના સર્વ અવયવો સહકારથી કાર્ય કરી શરીરને ટકાવી રાખે છે અને તેના બદલામાં જીવનરસ મેળવે છે, તેમ વ્યક્તિએ પણ સમાજશરીરની જ ઉન્નતિનો વિચાર કરવો જોઇએ; કારણ સમાજના હિતમાં જ વ્યક્તિનું હિત સમાઇ જાય છે આ જાતની વિશાળ દૃષ્ટિ જો આબાલવૃદ્ધ સૌ રાખે તો નાગરિકધર્મની જે ખામી આપણામાં દેખાય છે તથા વ્યક્તિસ્વાર્થની જે ઝેરી ભાવના ફેલાઈ છે તે દૂર થતાં વાર નહિ લાગે. આમ થાય તો જ આપણા સ્વપ્ન પ્રમાણેનું હિંદ આપણે સર્જી શકીશું તથા તેનો ભવિષ્યકાળ તેના ભૂતકાળ જેવો ઉજ્જ્વળ બનાવી શકીશું.

(ફૅરવાનમાંના આ૦ કૃપાલાનીના લેખને ટેકે)

ઈ. ૧૮૭૯માં મદ્રાસના એક નાના ગામડામાં એક બાળકનો જન્મ થયો. પુત્રજન્મથી આનંદિત થએલા પિતાએ તરત જોષીને તેડાવ્યા અને બાળકની કુંડલી માંડીને તેનું ભવિષ્યકથન કરવા કહ્યું. પણ જોષી તો કુંડલી તૈયાર કર્યાં પછી આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો! શ્રીમદ્ શંકરાચાર્ય ને રામાનુજાચાર્ય જેવા શ્રેષ્ઠ પુરુષોની કુંડલી જેવા ગ્રહો તે બાળકની કુંડલીમાં જણાવાથી જોષી તો પહેલાં માની જ ન શક્યો. તેણે ફરી ગણતરી કરી, તો યે એ જ કુંડલી આવી. આખરે કુંડલી પરથી તે બાળકના ભવિષ્યની ગણતરી કરીને જોષીએ બાળકના પિતાને બિલકુલ ધીમા અવાજે કાનમાં કહ્યું, 'આ બાળક મોટો થશે ત્યારે દેશમાં સૌથી ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરશે; તે સાથે જીવનમાં મોટાં દુઃખ અને યાતનાઓ પણ સહન કરવાનું તેના નસીબમાં છે.' પિતા પણ આ સાંભળીને ચકિત થઇ ગયા!

પણ ૭૦ વર્ષ પહેલાંનું એ ભવિષ્યકથન આજે અક્ષરશઃ સાચું પડે છે. તે બાળક એ આજના ચક્રવર્તી રાજગોપાલાચાર્ય. ૨૧મી જૂને તે હિંદના રાજપદ સમા ગવર્નર જનરલના પદે નિયુક્ત થવાના છે.



પોતાની વિચક્ષણ બુદ્ધિપ્રતિભા, ઝીણવટભરી અજોડ દલીલશક્તિ, ચાણક્ય સમી મુત્સદ્દીગીરી, મતપ્રતિપાદનની નીડરતા સાથે નિર્મળ નિષ્કલંક ચારિત્ર્ય અને નમ્રતાશીલ મળતાવડો સ્વભાવ ધરાવનાર ચક્રવર્તી રાજગોપાલાચાર્ય હિંદની પ્રજાને 'રાજાજી'ના લાડીલા નામથી સુપરિચિત છે. હિંદના અગ્રણી ધુરંધર રાજપુરુષોમાં રાજાજીનું સ્થાન અનોખું છે. ગાંધીજી સુદ્ધાં તેમના પ્રશંસકોએ તેમની નિર્ણયશક્તિને 'સૉલૉમનનો ન્યાય' કહી તેના પર પ્રશંસાના ફૂલ

રાજાજી

સ્વતંત્ર હિંદના પહેલા હિંદી ગવર્નર-જનરલ ચક્રવર્તી રાજગોપાલાચાર્ય

લોકજીભે જેમનામાં ચાણક્યની મુત્સદ્દીગીરી, ભીષ્મની અડગતા ને સૉલૉમનની ન્યાયનિષ્ઠાનું આરોપણ કર્યું છે.

વેર્યાં છે. જોકે સત્તાકાંક્ષી હરીફો તો તેમનામાં ચાણક્યની કુટિલ રાજનીતિનું આરોપણ કરે છે, જ્યારે તેમના દુશ્મનો તો શકુનીની શઠતાનો આરોપ પણ તેમના પર મૂકે છે. છતાં તે બધાને તેમના વિશુદ્ધ ચારિત્ર્ય માટે એકસરખું માન છે મહાત્માજીને તેમની સૂક્ષ્મ અને દૂરગામી બુદ્ધિમત્તા પર એવો તો વિશ્વાસ હતો કે કયારે ય પણ કોઈ કૂટ પ્રશ્નનું સર્વસંમત નિરાકરણ લાવવું હોય ત્યારે તે કામ રાજાજીને જ સોંપતા. મહાત્માજીની સૌથી નજીક રહી તેમના ગાઢ સંપર્કમાં આવનાર પણ રાજાજી, અને મતભેદ થતાં તેમનાથી વધુ વિમુખ બનનાર પણ રાજાજી છે. વિદુર જેવું વિશદ દૃષ્ટિબિંદુ ધરાવવા સાથે ભીષ્મ જેવું કૃતનિશ્ચયનું અડગ બળ પણ તે ધરાવે છે.

મદ્રાસના એક નાનકડા ગામમાં અદના વકીલ તરીકે કારકિર્દી શરૂ કરી ક્રમેક્રમે મહાત્માજીના પટ્ટ અનુયાયી, કૉંગ્રેસના મંત્રી, મદ્રાસ પ્રાંતના મુખ્ય પ્રધાન, બંગાળના પ્રથમ હિંદી ગવર્નર અને હવે આઝાદ હિંદના પ્રથમ હિંદી ગવર્નર જનરલનું માન મેળવનાર રાજાજીની જીવનમાળામાં અખંડ લોકસેવા અને પ્રબળ દેશપ્રેમનો એક મજબૂત દોરો પરોવાએલો ચાલ્યો આવે છે. તેમણે કીર્તિના ઉન્નત શિખર પર ઉજ્જ્વળ પ્રકાશનો આનંદ પણ ભોગવ્યો છે, અને અપ્રિયતાની ગર્તામાં એકલવાયાપણાના દુઃખની વેદના પણ અનુભવી છે. છતાં તેમના હેતુની શુદ્ધતા તથા દેશદાઝની લાગણી માટે તો કોઇને પણ શંકા ઉત્પન્ન થઈ નથી મહાત્માજીના કલ્પતરુની શીતળ છાયા હેઠળ જો જવાહરલાલની દૃષ્ટિની વિશાળતા ફાલી છે, સરદાર વલ્લભભાઈની નિશ્ચયની દૃઢતા પાંગરી છે તો રાજાજીની દૂરદર્શિતા વિકસી છે. પોતાની નાજુક તબિયતની કે પોતાના વિશાળ કુટુંબના યોગક્ષેમની પરવા કર્યા વગર ૧૯૧૮માં તેમણે દેશસેવાનો ભેખ લીધો ત્યારથી આજ સુધી એ જ ઉત્કટતાથી અને લગનીથી તેમણે દેશસેવા કર્યા કરીને લોકહૃદય પર ચક્રવર્તીનું પદ પ્રાપ્ત કરી પોતાની 'ચક્રવર્તી' અટક સાર્થ કરી છે.

એવા એ ચક્રવર્તી રાજગોપાલાચાર્યનો જન્મ ઇ. ૧૮૭૯માં મદ્રાસના સાલેમ જિલ્લાના હોસુર ગામ પાસેના ગામડામાં એક ચુસ્ત બ્રાહ્મણ કુળમાં થયો હતો. તેમના પિતા ચક્રવર્તી આયંગર સંસ્કૃતના એક પ્રગાઢ વિદ્વાન ગણાતા. છેક નાનપણથી જ રાજાજીએ તેજસ્વી વિદ્યાર્થી તરીકે ખ્યાતિ મેળવી હતી. જોતજોતાંમાં તો તેમણે બૅંગ્લોરની સેન્ટ્રલ કૉલેજમાં રહીને બી. એ.ની ડિગ્રી મેળવી લીધી અને વકીલાતના અભ્યાસ માટે મદ્રાસની પ્રેસિડેન્સી કૉલેજમાં દાખલ થયા. તેમના આ અભ્યાસકાળ દરમિયાન એક વાર સ્વામી વિવેકાનંદ મદ્રાસ આવ્યા ત્યારે રાજાજી તેમના સંપર્કમાં આવ્યા. આ ટૂંકા સંપર્કે તેમની આંખમાં નવું આંજણ આંજ્યું, અને પોતાના દેશબાંધવોની થએલી દુર્દશા તથા પતનનું ચિત્ર તેમની આંખ આગળ ખડું થયું. તેમની ઉન્નતિ કરવાના બે મુખ્ય માર્ગો પણ સ્વામીજી પાસેથી તેમને મળ્યા. એક તો અસ્પૃશ્યતાનો નાશ અને બીજું દેશને પાયમાલ કરતી દારૂની બદીનો અંત. આ બે મહાન

સત્ત્વશીલ સ્વભાવ·નિર્મલ સાદાઈ·ઉત્કટ દેશદાઝ ને નિષ્કલંક ચારિત્ર્ય

આદર્શોએ તેમના હૃદયમાં ત્યારથી ઊંડો પાયો નાખ્યો અને આગળ જતાં તક મળતાં જ તેમણે તે બંને કાર્યો કરી પણ બતાવ્યાં.

ઈ. ૧૯૦૦માં બી. એલ.ની પણ ડિગ્રી મેળવી લઇ તેમણે સાલેમમાં વકીલાત શરૂ કરતાં વેંત જ પોતાની બુદ્ધિની પ્રતિભા, કાયદાનું ઊંડું જ્ઞાન અને દલીલ કરવાની અજોડ શક્તિ વડે બીજા વકીલો તથા ન્યાયાધીશોને આંજી નાખ્યા અને થોડા જ વખતમાં તેમનો ધંધો ધીકતો ચાલવા લાગ્યો. કાયદાની એકેએક ઝીણવટભરી ગૂંચ ઉકેલવાની તેમની બુદ્ધિ, કોઈ પણ મુદ્દાનું બારીક પૃથક્કરણ કરી તેને પ્રમાણબદ્ધ રીતે રજૂ કરવાની તર્કશક્તિ તથા પોતાનો મુદ્દો સામાને ગળે ઉતારવાનું ચાતુર્ય ઇત્યાદિ પર તો તેમનાથી મોટા વકીલો અને ન્યાયાધીશો પણ આફરીન હતા. ધીમેધીમે જેમ કોઈ પુષ્પની સુવાસ આપમેળે બધે ફેલાય તેમ રાજાજીના નિર્મળ વ્યક્તિત્વની સુગંધ પણ ફેલાવા માંડી. સાલેમની પ્રજા તેમના તરફ માનથી જોવા લાગી ને આખરે ૧૯૧૭માં તો તેમને સાલેમની મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે પણ ચૂંટવામાં આવ્યા.

મ્યુનિસિપાલિટીના અધ્યક્ષપદનાં એ બે વર્ષ દરમ્યાન તેમણે જે ક્રાંતિકારી સુધારાઓ કર્યા તે તેમની દૃઢ નિશ્ચયાત્મક બુદ્ધિ તથા નીડરતા બતાવે છે. પ્રમુખ થતાંવેંત જ તેમણે અસ્પૃશ્યોને જુદા ગણવાની નીતિ કાઢી નાખીને તેમને બ્રાહ્મણોની માફક જ પાણીના નળ તથા કૂવાઓ વાપરવાની છૂટ આપી ને શાળાઓ તથા બોર્ડિંગોમાં હરિજનોને બ્રાહ્મણોની સાથે રહેવાભણવા તથા ખાવાની અનુકૂળતા કરી આપી. મદ્રાસનો ચુસ્ત અને કર્મકાંડી ગણાતો કટ્ટર બ્રાહ્મણ-સમાજ તો આ 'ધર્મનાશક' સુધારાઓ જોઇને કકળી ઊઠયો. તેમણે પ્રચંડ વિરોધ કર્યો, પણ રાજાજી અડગ રહ્યા. છેવટે તેમણે રાજાજીનો સામાજિક બહિષ્કાર પોકાર્યો. કોઈ નાતીલા તેમને ત્યાં કોઈપણ પ્રસંગે જાય નહિ. કોઇ ગોર તેમનું ધાર્મિક કાર્ય કરાવે નહિ. પણ રાજાજી તો કોઈ જુદી જ માટીના ઘડાએલા હતા. જેમજેમ નાત તરફથી વિરોધ વધવા લાગ્યો તેમતેમ તેમનો નિશ્ચય વધુ પાકો થતો ગયો. ગોરના બધા જ મંત્રો પોતે જાતે શીખી લઈ બધાં કાર્યો પોતે જ કરવા લાગ્યા. જ્યારે તેમના પિતા મૃત્યુ પામ્યા ત્યારે પણ તેમણે તેમની સર્વ ઉત્તરક્રિયા જાતે જ વૈદિક મંત્રો વડે કરી. આવી અડગતા આગળ આખરે ગોરને નમવું પડ્યુ; કારણ તેને તો ખોટ જવા લાગી. અંતે ગોરે પોતાનો બહિષ્કાર પાછો ખેંચી લીધો.

પણ સાલેમનું સંકુચિત ક્ષેત્ર છોડી તેમનું મન મદ્રાસ જવા ઝંખી રહ્યું હતું. તે વખતના મદ્રાસના જાણીતા આગેવાન સ્વ. કસ્તુરીરંગ આયરની ઇચ્છા પણ રાજાજી પોતાની શક્તિ તથા સેવાનો લાભ મદ્રાસને આપે એવી હતી. આથી તેમણે ઘણા ભારપૂર્વક લખીને રાજાજીને મદ્રાસ બોલાવી લીધા. ૨૦ વર્ષની સાલેમની ધીકતી વકીલાત પછી મદ્રાસમાં રાજાજીએ જ્યારે પોતાની યશસ્વી કારકિર્દી શરૂ કરી ત્યારે ઘણાને લાગ્યું કે હવે થોડાં વર્ષમાં તે હાઈ કૉર્ટ જજ થશે. પણ રાજાજીના જીવનમાં તો જુદો જ પલટો આવવાનો હતો.

૧૯૧૯ની એ હિંદના ઈતિહાસની શકવર્તી સાલ હતી. સરકારે રૉલેટ ઍક્ટનો કાળો કાયદો પસાર કરીને જનતા પરના અન્યાયની પરાકાષ્ઠા કરી હતી. દક્ષિણ આફ્રિકાથી હિંદ આવેલા ગાંધીજીએ એ કાયદાનો પ્રાણાન્તે પણ વિરોધ કરવાનું ઠરાવીને સત્યાગ્રહનું રણશિંગું ફૂંક્યું હતું. એના પ્રચાર માટે મહાત્માજી મદ્રાસ તરફ નીકળ્યા. રસ્તામાં તેમને મદ્રાસના એક વકીલ તરફથી 'રૉલેટ ઍક્ટ-પ્રશ્નોત્તરી' નામનો ટાઇપ કરેલો એક લાંબો કાગળ મળ્યો. તેમાં દરેક મુદ્દાને ઝીણવટથી છણીને કેટલાક પ્રશ્નો પૂછેલા હતા. મદ્રાસના વકીલોની દીર્ઘસૂત્રતા તથા અતિ ઝીણી બુદ્ધિમત્તા જોઈને, ત્યાંથી જોઇએ તેવો સહકાર મળશે કે નહિ તે બાબત ગાંધીજી સાશંક થયા. મદ્રાસ પહોંચ્યા પછી જે વકીલનો પેલો કાગળ હતો તેમને જ ત્યાં ગાંધીજીનો ઉતારો હતો; પણ એ ઘરમાં એટલા બધાની આવજા હતી ને ઘરના મુખ્ય યજમાન એટલા તો શરમાળ અને સંકોચશીલ હતા કે પોતે રાજગોપાલાચાર્યને ત્યાં જ ઊતર્યા છે એ જાણતાં મહાત્માજીને બે દિવસ થયા! રાજાજીની પ્રસિદ્ધિપરાઙ્મુખતાનો આ એક નોંધપાત્ર દાખલો છે. જો તે ધારત તો યજમાનના હકની રૂએ ઘરમાં જામતી બેઠકમાં આગળપડતું સ્થાન લઈ પોતાની છાપ બધા પર પાડીને માન ખાટી શકત. પણ રાજાજીના સ્વભાવમાં જ એ વસ્તુ નહોતી.

ધીમેધીમે રાજાજી મહાત્માજીના ગાઢ સંપર્કમાં આવ્યા. અનેક પ્રશ્નો પૂછીને તેમણે અહિંસા તથા સત્યાગ્રહનું શાસ્ત્ર બરોબર સમજી લીધું, અનેક દલીલો કરીને તેની અસરકારકતા તથા પાકાપણું તાવી લીધું અને આખરે મહાત્માજીને પોતાના 'ગુરુ' તરીકે માન્ય કરીને સત્યાગ્રહના સિદ્ધાંતને પોતાની અસામાન્ય ગ્રહણશક્તિથી એવો તો પચાવી નાખ્યો કે પછી તો, જે લોકો સત્યાગ્રહ શું છે તે સમજવા મહાત્માજી પાસે આવતા તેમને તેઓ રાજાજી પાસે મોકલતા.

રૉલેટ ઍક્ટના વિરોધમાં ગાંધીજીએ જે દેશવ્યાપી હડતાલ પડાવી હતી તેની યોજનાનો ઉદ્ભવ પણ ગાંધીજી રાજાજીના ઘરમાં હતા ત્યારે જ થયો હતો. રાજાજીએ તો હવે દેશને ખાતર સંપૂર્ણ ભેખ લીધો. કુટુંબસેવા ને નગરસેવાનો સંકુચિત આદર્શ દૂર કરી તેને સ્થાને સમસ્ત દેશની સેવા સ્વીકારી તે બહાર પડ્યા અને બાવા બનીને મહાત્માજી સાથે ચાલી નીકળ્યા, એટલું જ નહિ પણ પોતાની સાથે દીર્ઘસૂત્રી ગણાતા મદ્રાસી ભાઇઓને પણ રણમાં ચડાવ્યા!

૧૯૨૦માં અસહકાર શરૂ થતાં જ રાજાજી પોતાની ધીકતી કમાણીની વકીલાત છોડી મેદાને પડ્યા. પોતાની નિષ્ઠા, ધગશ તથા બુદ્ધિમત્તાને કારણે તેમણે થોડા જ વખતમાં કૉંગ્રેસમાં એવું આગળપડતું સ્થાન પ્રાપ્ત કર્યું કે ૧૯૨૦ની નાગપુર મહાસભાના તે મંત્રી નિમાઇ ગયા. આ દેશસેવાનું ફળ તેમને પણ તાત્કાલિક મળ્યું. ૧૯૨૧ના ડિસેમ્બરમાં સરકારે તેમને કેદ પકડ્યા અને કેસ ચલાવીને ત્રણ માસની સજા કરી વેલુરની જેલમાં ધકેલી દીધા.

એ વખતે રાજાજીનું સ્વાસ્થ્ય પણ ઠીક નહોતું. આખે શરીરે ગૂમડાં નીકળ્યાં હતાં, એટલું જ નહિ પણ થોડાં વરસથી લાગુ પડેલો દમનો વ્યાધિ પણ તેમને સતાવતો હતો. આમ છતાં પણ જેલમાં દાખલ થયા ત્યારે તેમનું હૃદય જરાયે થડક્યું નહિ, ઉલટું કંઈક અંશે કૃતકૃત્યતા અનુભવી રહ્યું. જેલમાં શરૂમાં તેમને સારી પેઠે તકલીફ સહન કરવી પડી; પણ તેથી ન તો તેમને ગ્લાનિ થઈ કે ન તો પસ્તાવો થયો. તેમણે પોતાના એ જેલનિવાસ દરમિયાન એક ડાયરી લખી છે જેમાં તેમણે ત્યાં થએલા વિવિધ અનુભવો, ઉદ્ભવેલા વિચારો તથા કરેલી પ્રવૃત્તિઓની નોંધ લીધી છે. પ્રસન્નતા અને પવિત્રતા પ્રેરતી એ નોંધપોથીમાં તેમના નિર્મળ અને ઉદાર હૃદયનું એવું તો સ્પષ્ટ પ્રતિબિંબ સાંપડે છે કે દરેક રાષ્ટ્રપ્રેમીએ તે 'જેલ ડાયરી' એક વાર અવશ્ય વાંચી જવી જોઈએ.

૧૯૨૨માં જ્યારે તે જેલમાંથી છૂટ્યા ત્યારે ગાંધીજી તથા બીજા કેટલાક નેતાઓ પકડાઇ ગયા હતા. દેશમાં કંઈક શૈથિલ્ય અને નિરાશા

ટાગોર
પૂર્વ અને પશ્ચિમનો પૂલ*

લેખક
ડૉ. કૃષ્ણલાલ શ્રીધરાણી



૭ એપ્રિલ ૧૯૨૦ના રોજ ભાવનગર દક્ષિણામૂર્તિ વિદ્યાલયમાં રવીન્દ્રનાથ આવ્યા ત્યારે સ્વ. કલાકાર રાગરાવે કરેલો સ્કેચ

કોઈ મહાપુરુષના સ્વર્ગવાસ પછી પણ તેની મૃત્યુતિથિને બદલે જન્મદિન ઊજવવાની પ્રથા મને વધારે પસંદ છે. ઊજવણી આનન્દની જ હોય; મૃત્યુતિથિ તો ખરખરો માગે. આપણા હિન્દુ સંસારમાં વાર્ષિક શ્રાદ્ધની પ્રથા છે. પણ જે આત્માનો મોક્ષ થયો હોય, તેને વળી શ્રાદ્ધની સનદની શી અપેક્ષા? મને તો શંકા જ નથી કે કવિવર ટાગોરનો આત્મા વિશ્વાત્મા સાથે મળી ગયો છે.

જો રવીન્દ્રનાથ આજે જીવતા હોત, તો આ એમનો ૮૭મો જન્મદિન ઊજવાત. પણ આપણે ઊજવીએ છીએ એમના મૃત્યુ પછીનો સાતમો જન્મદિન. એટલે આ એમની મોક્ષપ્રાપ્તિની સાતમી વર્ષગાંઠ!

બે વર્ષ માટે હું એમનો શિષ્ય હતો, શાંતિનિકેતનમાં. દુનિયાભરમાં તેઓ 'ટાગોર' તરીકે પંકાતા, પણ અમારા શાંતિનિકેતનમાં તો તેઓ ગુરુદેવ તરીકે પૂજાતા. અમારી એ શાળાનું મુખ્ય આકર્ષણ ગુરુદેવ જાતે જ. એમને જોતાંવેંત હિમાલયના કોઈ શિખરની યાદ આવતી. વિશ્વકર્માએ ભાગ્યે જ કોઇ વ્યક્તિને વધારે વ્હાલથી સર્જી હશે! છ ફૂટ અને ત્રણ ઇંચની તો એમની પડછંદ કાયા; અને તેની ઉપર લાંબી લહેરાતી, પગ સુધી પહોંચતી રેશમની કફની, આર્યત્વના ઓજસ સમી એમની સોનેરી ચામડી, અને ગરદન પર ગૂંચળાં લેતાં ધોળા વાળનાં ઓડિયાં. એવી જ, સમદરનાં મોજાં સાચવતી, એમની સફેદ દાઢી. વાલ્મીકિ કે વ્યાસ એવા જ લાગતા હશે!

ટાગોરના જેવું ખાનદાન ગોત્ર હિન્દમાં મળવું મુશ્કેલ. ઇંગ્લંડના હક્સ્લી કુટુમ્બની અને અમેરિકાના ઍડમ્સની પેઢીની એ યાદ આપે ઈસ્વી સનની છેક સાતમી સદીમાં એ કુટુમ્બ બંગાળમાં સ્થિર થયું. એ પછી સૈકાઓ સુધી મુઘલોની મુત્સદ્દીગીરી કરી અને 'રાજા'ની પદવી મેળવી. રવીન્દ્રનાથના દાદા તે 'પ્રિન્સ' દ્વારકાનાથ ટાગોર, અને સતીની ક્રૂર પ્રણાલિકાને બુઝાવવામાં તેમનો હાથ. રવીન્દ્રનાથના પિતા તે મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોર, જેમનો ૧૮૪૫માં 'બ્રાહ્મો સમાજ' સ્થાપવામાં હાથ. એક ટાગોરે હિંદુસ્તાની સંગીતનું સંશોધન કર્યું, તો એમના બીજા બે પિતરાઇ ભાઈઓએ (અવનીન્દ્રનાથ ને ગગનેન્દ્રનાથે) ભારતીય કળાનો ઉદ્ધાર કર્યો.

સાત ભાઇઓમાં સૌથી નાના રવીન્દ્રનાથે આ વિરાટ દેશમાં મહાકવિ કાલિદાસ પછીના પહેલા રાષ્ટ્રીય કવિ તરીકે કીર્તિ મેળવી. સૈકાઓ સુધી પ્રાંતપ્રાંતના કવિઓ પ્રાંતપ્રાંતમાં ઊગ્યા અને પ્રાંતપ્રાંતમાં જ આથમ્યા; રવીન્દ્રનાથ એવા પહેલા કે જેમની અસર સમસ્ત હિંદ પર પડી. આપણા ગુજરાતી સાહિત્યનો જ દાખલો લ્યો. સાહિત્યની એક આખી પેઢી રવીન્દ્રનાથને થોડેઘણે અંશે આભારી છે.

મહાકવિ મિલ્ટને કવિતાની લગભગ ૧૮,૦૦૦ લીટીઓ લખી છે; ગુરુદેવ ટાગોરે કવિતાની ૧,૦૫,૦૦૦ લીટીઓ લખી છે. એમણે ૧,૪૦૦ તો ગીતો લખ્યાં છે. સુંદર નવલકથાઓ પણ એમણે સર્જી. પણ એમની ખરી ઝલક એમની ટૂંકી વાર્તાઓમાં આવે છે; ને તે પ્રતિપાદિત કરે છે કે ટાગોર મહાકાવ્ય-પ્રધાન નહિ, પણ ઊર્મિકાવ્ય-પ્રધાન હતા. એમણે માનવધર્મ અને તત્ત્વચિંતન ઉપર પણ ગ્રંથો લખ્યા છે, અને કળાની ચિકિત્સા પણ કરી છે. પણ એમની ખરી જાહોજલાલી તો એમની ગેયતામાં. બંગાળના ખેડૂતો પણ એમનાં ગીતો લલકારે, અને ગામડાને ચોરે રેલાતી ચાંદનીમાં એમનાં નાટકો ભજવાય.

એ મહાકવિની માનવતાનાં મને ઘણાં યે સ્મરણો છે. એક સાંજે અમે એમને વીંટળાઇને એમના આવાસ 'ઉત્તરાયન'ના પુસ્તકાલયમાં બેઠા હતા. ગુરુદેવ એમના Religion of Mannું બંગાળી ભાષાન્તર વાંચતા હતા. ત્યાં તો એકાએક વીજળીના ચમકાર સાથે ગગન કડાકા કરતું ગર્જ્યું અને મૂશળધાર મેઘ વરસવા લાગ્યો. ગુરુદેવ એકદમ ઊભા થયા, અને 'મને મારો માલિક બોલાવે છે'

* ઑલ ઇન્ડિયા રેડિયોના દિલ્હી સ્ટેશનેથી ગઈ તા. ૮મી મેના રોજ ગુજરાતીમાં આપેલો વાર્તાલાપ. ઑલ ઇન્ડિયા રેડિયોના સૌજન્યથી

એમ બોલતાબોલતા પોતાના ઓરડામાં ચાલ્યા ગયા. બીજે દિવસે અમને ખબર પડી કે એમણે 'ઝંઝાવાત' ઉપરનું પોતાનું પ્રખ્યાત ગીત ત્યારે સર્જ્યું હતું.

શાંતિનિકેતનમાં વર્ગો વૃક્ષઘટાઓ નીચે લેવાતા. એક વખત ગુરુદેવ અમને શાલવિથિકા(શાલવૃક્ષનાં ઝુંડનું નામ)માં શેલીની કવિતાઓ સમજાવતા હતા. ઓચિંતા ફડાક દઇને એમણે ચોપડી બંધ કરી અને 'કવિઓને પણ ક્યારેક ક્યારેક દાળભાત જોઇએ,' એમ કહેતાકહેતા ઉત્તરાયન તરફ ચાલી નીકળ્યા.

શાંતિનિકેતન માટે ફાળો ઉઘરાવવાની ગુરુદેવની તરકીબ ન્યારી હતી. આશ્રમના વિદ્યાર્થીઓ પાસે નાટકો તૈયાર કરાવી તેઓ કલકત્તા-મુંબાઈની સફરે ઊપડતા અને એમ પૈસા એકઠા કરતા. આ અંગે તેઓ એકવખત ઉત્તરાયનમાં 'નટીની પૂજા' નામના પોતાના નાટકની તૈયારી કરાવતા હતા. એક બાળાની નૃત્ય કરવામાં કાંઈ ભૂલ રહેલી જણાઇ, એટલે એ બોંતેર વર્ષના ડોસા કૂદી પડ્યા અને એ નૃત્ય સાચું કેમ કરવું તે બતાવવા નાચવા લાગ્યા! એમની પુત્રી મીરાંએ એમને જો ન પટાવ્યા હોત તો 'હાર્ટ ઍટેક' થાત અને એ માંદગીમાં પટકાઈ પડત.

ગુરુદેવના હૃદયમાં એક શલ્ય રહી ગયું હતું. એમને થયું હતું કે જ્યાં સુધી પશ્ચિમવાસીઓએ એમની પ્રતિભાને ન પિછાની, ત્યાં સુધી ન તો બંગાળે કે ન તો ભારતવર્ષે એમની કદર કરી. આપણા દેશનું ખરું અધઃપતન માનસિક છે. દસ વખત જેલ જઈ આવેલા દેશભક્તો પણ ગોરી ચામડીથી અંજાઈ જાય છે. આ ન્યાય અનુસાર ૧૯૧૩ની એક સુંદર સવારે, લગભગ એકાએક, રવીન્દ્રનાથ ટાગોરનું નામ સમસ્ત હિન્દની જીભે રમવા લાગ્યું; કેમકે તે દિવસે જાહેર થયું કે ઇતિહાસમાં પહેલી જ વાર એક હિન્દીને સાહિત્ય વિભાગનું 'નોબેલ પ્રાઈઝ' મળ્યું. બંગાળના સાક્ષરોએ એક 'સ્પેશિયલ ટ્રેઇન' કલકત્તાથી કરી અને તેઓ સૌ ગુરુદેવને અભિનન્દવા આવ્યા શાંતિનિકેતન. ગુરુદેવે તેમને દર્શન પણ ન આપ્યાં અને જણાવ્યું કે એક જ રાતમાં પોતામાં આટલો મોટો ફરક પડવો અશક્ય છે!

ઈતિહાસમાં પહેલી જ વાર આમ નોબેલ પ્રાઈઝ પાશ્ચિમિક સંસ્કૃતિના કુંડાળામાંથી બહાર નીકળ્યું. જોકે એમ દાવો કરવામાં આવે કે તે પહેલાં એ ઇનામ મેળવનાર કિપ્લિંગ પણ હિંદમાં જ જન્મ્યા હતા અને ભારતવર્ષીય લખાણો ઉપર જ એમને એ ઇનામ મળેલું; પણ કિપ્લિંગનાં સામ્રાજ્યવાદી સર્જનોએ તો પૂર્વ અને પશ્ચિમની વચ્ચે,—સ્વતંત્ર પ્રજા અને ગુલામ પ્રજાઓ વચ્ચે અંતર વધાર્યું, જ્યારે ટાગોરે ઇતિહાસમાં પહેલી જ વાર પશ્ચિમને ખાત્રી કરાવી આપી કે તે પૂર્વ પાસેથી કાંઇક શીખી શકે તેમ છે, અને પૂર્વ 'ગોરાઓના બોજ' કરતાં કાંઈક વિશેષ છે. કિપ્લિંગે ગાયું કે:

East is East and West is West,
And never the twain shall meet.

જ્યારે ટાગોરે પચાસ વર્ષ સુધી લખીલખીને સાબિત કરી આપ્યું કે પૂર્વ અને પશ્ચિમ તો એક જ બ્રહ્માનાં બે મુખ સમાન છે, અને જો અશક્યતાની વાત કરવી હોય તો ગાવું જોઇએ કે:

Man is Man, Machine is Machine,
And never the twain shall meet.

આમ મનુષ્ય અને યંત્ર વચ્ચે અંતર વધારનાર ટાગોરે પૂર્વ ને પશ્ચિમના અંતર ઉપર સૂરેસૂરે અને તાલેતાલે સેતુ બાંધ્યો. પૂર્વ-પશ્ચિમની એકતાના કર્તવ્યમાં એમણે ભેખ લીધો અને તેઓ વિશ્વ-યાત્રી બન્યા. પશ્ચિમની એમણે નવ વખત યાત્રા કરી. તેઓ રશિયા પણ ગયા અને તે દેશના મહાન પ્રયોગ વિષે એક પુસ્તક લખ્યું. એ ઇરાન પણ ગયા, અને ટાન યૂન શાન નામના ચીની લેખક કહે છે કે ગુરુદેવ ટાગોરના ૧૯૨૪ના ચીનના પ્રવાસે તો ચીનમાં પૂર્વીય અસ્મિતાની તાલાવેલી જગાવી.

જેમ એમણે પશ્ચિમને ભારતીય સંસ્કૃતિ પીરસી, એ જ રીતે એમણે પૂર્વને પશ્ચિમનું ગૌરવ સમજાવ્યું. એમનું શાંતિનિકેતન તો એક ઉપ-જગત જેવું બની રહ્યું હતું. હું ત્યાં ભણતો ત્યારે ત્યાં અમેરિકાથી, ઇંગ્લંડથી, જર્મનીથી, સ્વિટ્ઝર્લૅન્ડથી, ચીનથી, જાપાનથી, ઇરાન-થી અને સીલોનથી આવેલા અધ્યાપકો ભણાવતા અને તદુપરાંત બીજા દેશોથી પણ મુસાફરો આવતા. પછી તો ત્યાં એક 'ચીની ભવન' પણ ઊઘડ્યું; કેમકે ગુરુદેવને ખાત્રી થઇ હતી કે જ્યાં સુધી પૂર્વના તત્ત્વચિંતનનો પશ્ચિમના પદાર્થશાસ્ત્ર સાથે સંગમ નહિ થાય ત્યાં સુધી માનવજીવન ઊણું જ રહેવાનું. પણ આવું ઐક્ય તો સમાન દેશો વચ્ચે થઇ શકે, ગુલામ અને માલિકની વચ્ચે નહિ; અને એટલા જ માટે ટાગોરે હિન્દ—સ્વાતંત્ર્યની હિમાયત કરી અને પોતે જગતવાદી હોવા છતાં દેશવાદીઓને ટેકો આપ્યો.

પશ્ચિમનું શિક્ષણ સ્વીકારવા છતાં શાંતિનિકેતનનાં જીવન અને સંસ્કૃતિ આર્યાવર્તનાં જ રહ્યાં. શાંતિનિકેતન વેદકાળના એક ગુરુકુળ સમું થઇ રહ્યું, અને એમાં ગુરુદેવે સાચા ગુરુનો પાઠ ભજવ્યો. જેમ જૂના કાળનાં ગુરુકુળો સંસ્થાપ્રધાન નહિ પણ વ્યક્તિપ્રધાન હતાં, તેમ જ શાંતિનિકેતન ટાગોરપ્રધાન હતું. જે સ્થળે એમના મહર્ષિ પિતાને દિવ્ય જ્ઞાન સાંપડ્યું, એ સ્થળે જ રવીન્દ્રનાથે પોતાની સંસ્થાના પાયા નાખ્યા અને આવાહન કર્યું: शांतम् शिवम् अद्वैतम् । અને પોતાનું ધ્યેય જાહેર કરતાં એમણે જણાવ્યું કે 'શાંતિનિકેતન રચાયું છે બે ઝરણાંઓના સંગમ ઉપર—એક તો બ્રહ્માન્ડનું ઝરણું, અને બીજું ઝરણું મનુષ્યના આત્માનું.'

ઈલમકી લકડી બનાવવા નીકળતાં થએલા ફેજની વાર્તા



જાદુના ખેલ શીખવાનો અમને નાદ લાગ્યો હતો. અમારી હાઇસ્કૂલમાં કોઇ એક અંગ્રેજી માસિક આવતું તેમાં અવારનવાર આવા ખેલના લેખ આવતા. તે વખતે અમારી ઉમર ૧૪-૧૫ વર્ષની હતી. તેથી લેખ વાંચતાં જ કુમારસુલભ જિજ્ઞાસાને કારણે તેના પ્રત્યક્ષ અખતરાઓ કરવા અમે તલપાપડ બની જતા.

ગંજીપાના કેટલાક ખેલ અને બીજી હાથચાલાકીઓ તથા કરામતો તો અમે સહેલાઈથી હસ્તગત કરી લીધી. પછી ખાસ સાધનો વડે થઇ શકે તેવા ખેલના અખતરાઓ શરૂ કરવાનું ઠરાવ્યું.

તેમાં એક ખેલ એવો હતો કે પહેલાં એક મીણબત્તી સળગાવવી અને પછી તેને ઓલવી નાખવી. તે પછી તેને ખાસ તૈયાર કરેલી જાદુઈ લાકડી અડકાડીએ એટલે એની મેળે તે પાછી સળગી ઊઠે!

એની રીત એવી હતી કે જાદુગર લોકો રાખે છે તેવી એક લાકડી રાખવી; પણ તે કાચની જ હોવી જોઈએ. એ લાકડી પર અગાઉથી ગંધકનો તેજાબ તથા પોટાશ પરમૅંગનેટનું દ્રાવણ લગાડી રાખવું. (એ બંને વસ્તુઓ કયા પ્રમાણમાં લેવાની હતી તે આજે યાદ નથી; પણ પેલા માસિકમાં આપેલું તેનું પ્રમાણ અમે નોંધી લીધું હતું.) મીણબત્તી સળગાવ્યા પછી તેને ઓલવી નાખવી અને તેની દીવેટ જરા ગરમ હોય તે વખતે જ પેલી દ્રાવણવાળી ઇલમકી લકડી મંત્રોચ્ચાર સાથે તેને અડાડવી એટલે મીણબત્તી ફરી સળગી ઊઠે એવી કરામત હતી.

અમે આ પ્રયોગ કરવાનું નક્કી કર્યું. મારા સાથીદાર તરીકે મારા મોટા કાકાના સૌથી નાના ભાઇ હતા. તેમને અમે 'નાનાકાકા' કહેતા. તેમની ઉમર પણ મારા જેટલી જ હતી અને અમે એક જ વર્ગમાં અભ્યાસ કરતા. અમારો સંબંધ કાકા–ભત્રીજા જેવો જરા પણ ન હતો; સગા ભાઈ અગર જિગરજાન દોસ્ત માફક અમે રહેતા.

તે વખતે અમે અંગ્રેજી ચોથા કે પાંચમા ધોરણમાં ભણતા હતા, એટલે રસાયનશાસ્ત્રનું જરા પણ જ્ઞાન નહોતું અને ગંધકનો તેજાબ તથા પોટાશ પરમૅંગનેટના ગુણધર્મ પણ જાણતા નહોતા. માત્ર એટલી ખબર હતી કે તેમાંની પહેલી દવા ભયંકર વસ્તુ છે અને હાથ કે કપડાંને અડકે તો તેને બાળી નાંખવાની શક્તિ ધરાવે છે. એટલે તેની સાથે સાવચેતીપૂર્વક કામ લેવું એટલો જ ખ્યાલ હતો.

મારા મોટાકાકા વૈદરાજ હતા. વૈદક ઉપરાંત ઍલોપથીની દવાઓ તથા ઉપચારો પણ તેમણે અપનાવ્યા હતા. ઘણીખરી દવાઓ તેઓ ઘેર જ બનાવતા. તેને માટે જરૂરી દ્રવ્યો બજારમાંથી લઈ આવવાનું તથા મોટાકાકાની સૂચના અનુસાર તેમાંથી યોગ્ય દવા બનાવવાનું કામ મોટે ભાગે અમારે માથે જ આવતું. મોટાકાકાની દવા માટેનાં દ્રવ્યો લાવવા માટે હમેશ અમે જતા હોવાથી ગાંધી તથા ઇતર દવાવાળાઓ અમને સારી રીતે ઓળખતા અને અમે જે માગીએ તે દવાઓ આપતા,—એમ ધારીને કે વૈદરાજે મંગાવી હશે. એ તકનો લાભ લઈ અમે, અમારી જોઈતી વસ્તુઓ પણ ઉઠાવી લાવ્યા. આમ, જરૂર પૂરતો ગંધકનો તેજાબ તથા પોટાશ પરમૅંગનેટ લાવી રાખીને કોઇ અનુકૂળ સમયની રાહ જોવા લાગ્યા.

અને ઈશ્વરકૃપાએ એ અનુકૂળ પ્રસંગ પણ મળી ગયો. કોઈ દરદીને જોવા માટે મોટાકાકાને એક દિવસ બહારગામ જવાનું થયું. વહેલી સવારના તેઓ ઊપડી ગયા અને બીજા દિવસે સવારે પાછા આવી જવાના હતા. આથી તે દિવસે બપોરે અમે અમારો જાદુનો અભિનવ પ્રયોગ કરવાનું નક્કી કર્યું.

બપોરે ખાઇપીને પરવાર્યા પછી ઘરનાં બધાં માણસો આરામ કરતાં હતાં. મોટાકાકાનો દવાખાનાવાળો ઓરડો ખાલી હતો. ત્યાં બીજું કોઈ નહોતું. મોટાકાકા તથા અમે ઊઠવાબેસવા માટે એ જ ઓરડાનો ઉપયોગ કરતા. આજે મોટાકાકા નહિ હોવાથી અમને જોઈતું એકાંત મળી ગયું.

ઓરડાનું બારણું જરા અડકાવી અમે અમારું કામ શરૂ કર્યું. મોટાકાકાનો દવા બનાવવાનો માપવાનો (મેઝરિંગ) ગ્લાસ લીધો. દવા હલાવવાનો કાચનો નાનો સળિયો હતો તે તથા જરા જાડો અને મોટો એવો કાચનો એક બીજો સળિયો હતો તે બંને લીધાં. પહેલાં મેઝરિંગ ગ્લાસમાં ગંધકનો તેજાબ નાખ્યો અને પછી તેમાં પોટાશ પરમૅંગનેટને ભેળવવાનું શરૂ કર્યું. ભેળવવાનું કામ નાનાકાકા કરતા હતા. પેલા નાના સળિયા વડે તેઓ મેઝરિંગ ગ્લાસમાંનું દ્રાવણ આસ્તેઆસ્તે અને સાવચેતીપૂર્વક હલાવતા હતા. મને લાગ્યું કે દ્રાવણ એકરસ થઇ ગયું હશે, એટલે મેં કહ્યુંઃ 'નાનાકાકા, હવે દ્રાવણ તૈયાર થઇ ગયું લાગે છે. પેલા મોટા સળિયા પર લગાડી જુઓ જોઈએ.'

'લાવ એ સળિયો; અને તું હવે મીણબત્તી સળગાવ' નાનાકાકાએ ગંભીરતાથી કહ્યું.

બહુ જ પોચા હાથે અને એકદમ આસ્તેઆસ્તે તેમણે મોટા સળિયાના એક છેડા પર થોડું દ્રાવણ પેલા નાના સળિયા વડે લગાડયું અને તે દરમિયાન એક બાજુ ખસી મેં પેલી મીણબત્તી સળગાવી અને કહ્યું, 'ચાલો, તૈયાર?'

'તૈયાર.' તેમણે કહ્યું. 'ચાલ, હવે મીણબત્તી ઓલવી નાખશું?'

મેં ફૂંક મારી મીણબત્તી ઓલવી નાખી અને અમારી ઈલમકી લકડી વડે મીણબત્તીની ગરમ દીવેટનો સ્પર્શ કરવા ધડકતે હૃદયે નાનાકાકાએ હાથ લંબાવ્યો.

અમારું સમગ્ર ધ્યાન, પોતાની બધી જ શક્તિ સાથે મીણબત્તીની વાટ પર કેન્દ્રિત થએલું હતું. અતિ કુતૂહલ અને થોડી બીક સાથે અમે પેલી ઇલમકી લકડી સાથે મીણબત્તીની વાટને સ્પર્શ કર્યો.

'તટ્'! એવો જરાક તણખો થયો અને મીણબત્તીની ગરમ દીવેટ

જરા લાલ થઇ, પણ તે સળગી નહિ; જ્યોત પેટાઇ નહિ.

'હં, હં, નાનાકાકા બરાબર છે. બરાબર છે.' મેં કહ્યું. 'અખતરો બરાબર છે; પણ સળિયાપર પૂરતા પ્રમાણમાં દવા ચોપડાઈ નથી તેથી જ્યોત પેટાઇ નહિ દવા જરા વધારે લગાવો.'

'લગાવું ? થશે ?' એમ પૂછતાંપૂછતાં તો તેમણે નાના સળિયા પર દ્રાવણ લઈ જાદુઇ લકડી પર ચોપડવાનું શરૂ પણ કરી દીધું.

હું જરા વધારે ઉત્સાહમાં આવી ગયો. મેં જોયું કે નાનાકાકા વધારેપડતી સાવચેતી રાખતા હતા અને તેથી ધીમેધીમે કામ કરતા હતા. નાના સળિયા વડે પૂરતી દવા પણ લેતાં ડરતા હતા.

'આમ બીતાંબીતાં શું ચોપડો છો ? લાવો મારી પાસે.' એમ કહી મેં તેમના હાથમાંથી બન્ને સળિયા લઈ લીધા.

ડાબા હાથમાં મોટો સળિયો રાખી, જમણા હાથમાંના નાના સળિયા વડે મેઝરિંગ ગ્લાસમાંનું દ્રાવણ મેં જોરથી હલાવવા માંડયું. નાનાકાકાની 'બીક'ની સરખામણીમાં મારો 'ઉત્સાહ' વખાણવા લાયક હતો. મારા હાથમાનો નાનો સળિયો મેઝરિંગ ગ્લાસની અંદર ગોળ ફરતો હતો અને જાણે મારા ઉત્સાહને ઓળખી ગયો હોય તેમ મૃદુ અને કર્ણપ્રિય અવાજ કરતો હતો—જાણે કે 'તેજાબ તરંગ' નામનું કોઇ વાદ્ય પોતાની સુંદર ગત વગાડતું ન હોય !

પણ બાપ રે! આ શું ?

'તટ્ તટ તટ્. કટ્ કટ કટ કટ્!' એવા અવાજો પેલા પ્યાલામાં થવા લાગ્યા. તેજાબ–તરંગે આ વળી કઈ ગત વગાડવા માંડી, એ તો તે વખતે કંઈ ખ્યાલમાં ન આવ્યું. પણ માત્ર એટલી જ ખબર પડી કે ગ્લાસમાં 'તટ તટ તટ્, કટ કટ કટ્' કરતો કાંઈક ભયપ્રદ અવાજ શરૂ થઈ ગયો હતો અને હજી ચાલુ જ હતો. પણ એ શબ્દસંગીત એટલેથી જ ન અટકતાં તેણે દૃશ્યના ક્ષેત્ર પર પણ આક્રમણ કરવા માંડયું. અવાજની સાથેસાથે કાળા રંગના વાદળાં જેવા ગોટેગોટા ગ્લાસમાંથી નીકળી ઊંચે ચઢવા માંડયા. હું બીકનો માર્યો સળિયા સાથે એક ડગલું પાછળ હઠી સ્તબ્ધ થઇ ગયો. નાનાકાકા પણ દિગ્મૂઢ બની દૂર ખસી આ અણધારી આફત સામે જોઈ રહ્યા.

પેલાં કાળાં વાદળાં ઊંચે ચઢી ઓરડાનાં બારણાં તરફ આગળ વધી રહ્યાં હતાં. પણ પછી વધુ ઊંચે જવાને બદલે ધીમેધીમે નીચે ઊતરવા માંડયાં ને થોડી જ વારમાં બધા ગોટા ભોંયે પથરાઈ ગયા. અમે બેઠા હતા ત્યાંથી તે બારણાં સુધી દસબાર ફૂટના ક્ષેત્રમાં કાળાંકાળાં વાદળાંની, અર્ધાથી એક ફૂટ જાડી જાજમ પથરાઇ ગઇ !

થોડી વાર પછી ગ્લાસમાનું સંગીત શાંત થઈ ગયું અને જમીન પરનાં વાદળાં પણ સ્થિર બની ગયાં.

હવે અમે કાંઈક હોશમાં આવ્યા. અમારાં કપાળ પર તથા આખા શરીરે પસીનોપસીનો થઇ ગયો હતો. ફાટેલી આંખે અમે એકબીજાની સામું જોયું. 'આ શું ?' 'હવે શું કરીશું ?' એવા પ્રશ્નો વગર બોલ્યે અમારી આંખો એકબીજાને પૂછી રહી હતી. કોઇ જો આવી ચઢે તો અમારી શી વલે થાય એ વિચારે અમે ધ્રૂજતા હતા. હવે શું કરવું તેની તો કાંઈ સમજ જ પડતી નહોતી. અને બેસી રહ્યે પણ ચાલે તેમ નહોતું. કાંઈક તો કરવું જ જોઇએ.

અમે જરા પાછા હઠયા. ઓરડામાં બધે જોયું અને ફરીથી ગ્લાસ તથા જમીન પરનાં વાદળાં સામે જોયું. 'એ શું હશે' એનો અમે વિચાર કરવા લાગ્યા. એ કયું તત્ત્વ હશે તે અમે જાણતા નહોતા. તેને અડકાય કે નહિ અને અડકાય તો શાના વડે અડકાય, અડકીએ તો શું થાય, વળી પાછો બીજો કાંઇક ધડાકો તો નહિ થાય ને ?, એમ અનેક વિચારો મગજમાં ઉદ્ભવતા હતા.

છેવટે હિંમત કરીને અમે એક ખૂણામાં પડેલી સાવરણી ઉપાડી અને વાદળાંની જાજમથી જરા દૂર ઊભા રહી, બીતાંબીતાં તેને ભયગ્રસ્ત હૃદયે વાદળાં તરફ ફેંકી.

હાશ ! કાંઈ જ ન થયું—ધડાકો કે ધુમાડો કાંઈ જ ન થયું ! ઉલટાનું વાદળું જરા આઘું ખસ્યું અને બતાવી આપ્યું કે હવે તો પોતે એક નિરુપદ્રવી શાંત કાળું રૂ માત્ર છે. એટલે પછી તો અમે હિંમતથી પાસે ગયા. સાવરણી ફરી ઉપાડી અને ધીમેધીમે એ ઢગલાને પૂંજો વાળીએ એમ ભેગો કરવા માંડયાં. સાવરણીથી એ રીતે વાળતાં એ રૂ વાદળાં મટી જઇને ભૂકી બનવા માંડયું અને થોડા જ વખતમાં એટલા લાંબાપહોળા વિસ્તારમાં પથરાએલું એ કાળું રૂ બે મૂઠી કાળી ભૂકીના સ્વરૂપમાં રૂપાંતર પામ્યું !*

અમે છૂટકારાનો દમ ખેંચ્યો !

પણ હજુ એક કામ બાકી રહ્યું હતું. અને તે પેલા મેઝરિંગ ગ્લાસને સાફ કરવાનું. બીતાંબીતાં અમે એ ગ્લાસને ઉપાડયો અને કોઈ જુએ નહિ તેમ ઘરની બહાર લઇ જઈ એક ખૂણામા તેને ઠલવ્યો. કાળાં રૂ જેવા પેલા પદાર્થ સિવાય અંદરથી બીજું કાંઈ ન નીકળ્યું. પણ જોયું તો ગ્લાસ બિલકુલ કાળો થઇ ગએલો. બીજે દિવસે સવારે એ જ ગ્લાસમાં મોટાકાકાને દવાઓનાં મિશ્રણ બનાવવાનાં હતાં, એટલે ગમે તેમ કરીને પણ એ ગ્લાસ તરત જ સાફ કરી નાખવો જ રહ્યો. નહિતર અમારા 'પરાક્રમ'ની મોટાકાકાને ખબર પડી જાય, ને પછી શુંશું વીતે એની કલ્પના કરવી અશક્ય નહોતી.

સાબુ, કેરોસીન, માટી, રાખ, રેતી એમ અનેક પદાર્થોની ક્રિયા-પ્રક્રિયા કરીકરીને અમે તે સાફ કરવાનો ભગીરથ પ્રયત્ન આરંભ્યો. કલાકના કલાક અમે એ ગ્લાસ પાછળ બગાડયા ત્યારે તે ગ્લાસ પંચાણું ટકા સાફ થયો. પણ પાંચ ટકા કેમે કર્યો સાફ થાય જ નહિ. આખરે ભગવાન ભરોસે એટલું છોડી દીધું.

બીજે દિવસે દવા બનાવતી વખતે એ પાંચ ટકા કસર જ્યારે મોટાકાકાના ખ્યાલમાં ન આવી ત્યારે અમે 'હાશ' કરી નિરાંતનો દમ લીધો.

વાસુદેવ ભટ્ટ

*આજે હવે ખબર પડી કે ખૂબ હલાવવાથી એ વિપરિત પરિણામ આવેલું; અને એ નવો બનેલો પદાર્થ તે મૅંગેનીઝ સલ્ફેટ ($MnSo_4$). ગંધકનો તેજાબ ને પોટાશ પરમૅંગનેટને ખૂબ હલાવવાથી તે ઉત્પન્ન થાય છે. તેની સાથે બીજો પણ એક પદાર્થ–પોટાશિયમ સલ્ફેટ (K_2So_4) ઉત્પન્ન થાય છે જે ગ્લાસની અંદર ચોંટી રહેલો.

બે નવાં વિશિષ્ટ સામયિકો

કૃષિગોવિદ્યા : આણંદના 'કૃષિગોવિદ્યા ભવન' તરફથી ખેડૂતો માટે શરૂ થએલું આ માસિક ખેતી તથા તેમે અનુષંગી બાગાયત, ગોપાલન આદિ અનેક ઉપયોગી વિષયોની શાસ્ત્રીય પદ્ધતિથી આધારભૂત માહિતી સરળ અને સાદી ભાષામાં રજૂ કરે છે. ખેડૂતોને પોસાય તે માટે તેનું વાર્ષિક લવાજમ માત્ર રૂા. ૩–૦–૦ છે તંત્રી: મગનભાઈ ડી. પટેલ.

ટિકિટ-જગત : 'કુમાર'ના વાચકોને, તેના ટિકિટસંગ્રહના વિભાગથી સુપરિચિત શ્રી હરિલાલ બેંકરના સંપાદકપણા નીચે નીકળેલું, ટિકિટસંગ્રહના શૉખ વિષે માહિતી આપતું એ વિષયનું પહેલું ગુજરાતી માસિક: પો. બૉ. નં. ૨૩૬૨, કાલબાદેવી, મુંબાઇ-૨, વાર્ષિક લવાજમ: હિંદમાં રૂા. ૫–૦–૦, પરદેશ ૧૦ શિલિંગ, છૂટક નકલના ૮ આના.

ચીની ભાષા

જગતભરમાં સૌથી વધુ વસતિવાળો આવડો મહાન ચીન દેશ આજ હજારો વર્ષ થયાં માત્ર એક જ લિપિ અને એક જ ભાષા ધરાવે છે એ અજબ સાંસ્કૃતિક ઐક્યનો સ્ફોટ કરતા આ લેખમાં એ અટપટી ભાષાનો રસમય અને સરળ પરિચય આપ્યો છે

ચીન આપણું બાંધવ-રાષ્ટ્ર છે. છેક પ્રાચીન કાળથી હિન્દ અને ચીનની સંસ્કૃતિનો એકસરખો વિકાસ થતો આવ્યો છે. પણ જ્યાં ભાષાનો પ્રશ્ન આવે છે ત્યાં એ બે દેશો વચ્ચે આભ-જમીનનો ફેર પડી જાય છે. ચીની ભાષા હિન્દી–ચીની કુળ(ઇન્ડો ચાઈનીઝ ફૅમિલી)ની ભાષાઓમાં સૌથી મોટી ને સમૃદ્ધ ભાષા છે. જગતમાં અંગ્રેજી પછી ચીની ભાષા બોલનાર લોકોની સંખ્યા સૌથી વધારે છે. એ ભાષા જગતની બીજી ભાષાઓ કરતાં બે કારણે જુદી પડે છે. એક તો તે એકાક્ષરી(મૉનોસિલેબિક) છે અને બીજું તેના શબ્દોના ઉચ્ચારણમાં સ્વર(ટોન)નો વિકાસ થયો છે. બીજાં કારણો પણ છે, છતાં ભાષાશાસ્ત્રીઓ આ બેને કારણોને વધુ મહત્વ આપે છે.

ચીની ભાષામાં મૂળાક્ષરો નથી; પણ ચિત્રાત્મક લિપિ છે. અને એનો એકેક અક્ષર એકેક શબ્દ રૂપ છે, જે કોઇ ને કોઈ વસ્તુ, ગુણ કે ભાવનો દ્યોતક હોય છે. દા. ત. 'માણસ' શબ્દ લઈએ. આ લખવામાં આપણી લિપિમાં મ, આ, ણ અને સ અક્ષરો લખવા પડે છે; પણ ચીની ભાષામાં માણસ શબ્દ માટે માણસના કાચા આકાર જેવું સંકેત-ચિહ્ન નિશ્ચિત હોય છે અને તેનું ઉચ્ચારણ પણ ચોક્કસ પ્રકારનું હોય છે. આપણી ભાષાના મૂળાક્ષરો શીખીને કોઈ પણ માણસ આપણી લિપિ વાંચી શકે, પણ ચીની ભાષામાં તેમ થતું નથી. કારણ કે દરેક શબ્દનો એકેક અલગઅલગ ચોક્કસ સંકેત હોય છે અને તેનું ઉચ્ચારણ પણ ચોક્કસ પ્રકારનું હોય છે. એટલે ચીની ભાષા શીખનારને તેના એકે એક શબ્દનો અર્થ તથા ઉચ્ચારણ શીખવું પડે. આથી,ચીની ભાષાનું કોઇ પણ પુસ્તક વાંચવા માટે તેમાં વપરાએલા બધા જ શબ્દો અને ઉચ્ચારણો જાણવાં જરૂરી બને છે

ચીની ભાષાના શબ્દકોષમાં લગભગ પચાસ હજાર શબ્દો છે. અને આ પચાસ હજાર શબ્દો માટે છન્, વાङ्, ચ્યાંङ्, સુ જેવાં માત્ર ચારસો જ ઉચ્ચારણો છે! આ હિસાબે એક સોથી પણ વધારે જુદાજુદા શબ્દસંકેતો માટે માત્ર એક જ ઉચ્ચારણ થાય. દાખલા તરીકે 'મુ' ઉચ્ચારણવાળો એક અક્ષર લો. તો લગભગ સો ઉપરાંત જુદાજુદા ચિત્રાકારના અક્ષરોનો ઉચ્ચાર તો એ એક 'મુ'જ થતો હોય છે! અને વાત પાછી આટલેથી જ પતતી નથી એ ઉચ્ચારના સ્વર(ટોન)નો પણ ગોટાળો થાય છે; કેમકે ચીની ભાષાના શબ્દોના ઉચ્ચારણમાં સ્વરનો વિકાસ એ એક મુખ્ય ખૂબી છે. અને સ્વરનો ખરો ભેદ તો મોંના સાક્ષાત ઉચ્ચાર વડે જેટલો બતાવી શકાય એટલો લખીને બતાવવો સર્વથા મુશ્કેલ છે.

દાખલા તરીકે હમણાં ચીનની રાષ્ટ્ર ભાષા 'પેકિંગ'ની બોલીમાં ચાર સ્વર છે: (૧) વાંङ् ફિङ् ષङ् એટલે ઉચ્ચ સ્વર (૨) શ્યા ફિङ् ષङ् એટલે વચલો સ્વર (૩) પાङ् ષङ् એટલે નીચો સ્વર અને (૪) છુ ષङ् એટલે ખૂબ નીચો સ્વર. એટલે કે દરેક શબ્દોચ્ચાર એ ચાર રીતે વિવિધ અવાજમાં બોલાય અને એ દરેક વખતે એનો જુદો અર્થ થાય. દાખલા તરીકે ચુङ् ઉચ્ચારણ લો. એ એક ઉચ્ચારણમાં જુદાજુદા પંચોતેર અક્ષરો આવેલા છે. આ અક્ષરો પૈકી દરેકનો ચુङ् ઉચ્ચાર કરતી વખતે યાદ રાખવું પડે કે એ 'ચુङ्'નો કેવો ઉચ્ચાર કરીએ તો અમુક જ અર્થ થાય. નહિતો અ ર્થનો અનર્થ થાય' કેમકે એ સ્વર બદલાતાં અર્થ પણ બદલાઇ જાય છે

ઉદાહરણ રૂપે આપણે 'સુઈ' શબ્દ લઇએ. એ સુઈ બીજા નંબ ના સ્વરમાં બોલાય તો એનો અર્થ 'કોણ' એવો થાય, અને ત્રી નંબરના સ્વરમાં બોલાય તો 'પાણી' એવો અર્થ થાય! ત કદાચ ચીની લિપિ જાણતા હો તો એ શબ્દને જોઇને એનો અર્થ સમજી જાઓ,પણ બોલતી વખતે તેના વિશિષ્ટ સ્વર સાથે ન બોલ તો અર્થ ફેર થઇ જાય. આથી ચીની ભાષામાં જેટલા શબ્દ છે આ ચાર સ્વરોમાંથી કોઇ ને કોઈ સ્વરમાં બોલવાના આવે છે. કા ણ કે ઉચ્ચારણની સંખ્યા માત્ર ચારસો છે. એ દરેક ઉચ્ચારણ ઉપર ચાર જુદાજુદાં સ્વરમાં બોલાતાં તેમાંથી ૧૬૦૦ વિવિધ અર્થ નીકળે

વળી, એક ઉચ્ચારણના સ્વરમાં પણ એવા કેટલાય શબ્દો આ છે કે જેના અર્થ જુદા હોય છે. આથી વાતચીતમાં સ્વર અને ઉચ્ચા ણ ઉપરાંત તેનો સ્પષ્ટ અર્થ સમજવા માટે એની આસપાસના સ બંધ ઉપર પણ આધાર રાખવો પડે છે. અહીં એક વાત ધ્યાનમ રાખવી જોઇએ કે જ્યારે ચીના લોકો વાત કરતા હોય છે ત્યારે બ શબ્દો એક સ્વરમાં નથી બોલતા,પણ દરેક વાક્યમાં જે શબ્દ મુખ હોય તે ખરા સ્વરમાં બોલે છે ને બાકી બધા શબ્દો એક જ સ્વરમ બોલે છે. દાખલા તરીકે 'તે આવ્યો છે!' એ વાકય લો. એમાં 'આ વ્યો' શબ્દ મહત્ત્વનો છે. આ વાકય ચીની ભાષામાં 'થા લાઈ ઇ મઇ યુ' એમ બોલાય. આમાં 'લાઇ' નો અર્થ 'આવ્યો' એમ આથી ચીની માણસ 'લાઇ' શબ્દ બીજા સ્વરમાં અને બાકીના શબ જુદાજુદા સ્વરના હોવા છતાં તે એક જ સ્વરમાં બોલશે.

ઉપર કહ્યું કે ચીની ભાષામાં મૂળાક્ષરો નથી. એનો એકએ અક્ષર એકએક ચિત્ર જ છે. આવી ચીની ભાષા ચિત્રાત્મક સંકે લિપિના ઉચ્ચ વિકાસનું પ્રતિનિધિત્વ કરે છે. વળી આ ભાષામ વ્યાકરણજન્ય ફેરફારો પણ નથી થતા. અને તેને લીધે અર્થમાં પ કંઈ ગોટાળો નથી થતો. ચીની ભાષાનું વ્યાકરણ બીજી ભાષાઓ વ્યાકરણથી તદ્દન ભિન્ન છે. ચીની ભાષામાં વાકયમાં પહેલાં કર્તા, પ ક્રિયાપદ, પછી કર્મ ને છેલ્લે વિશેષણ આવે છે. સહાયક ક્રિયાપ કે ઉપસર્ગ માટે ખાસ શબ્દો વપરાય છે. એ શબ્દો જુદાજુદા શબ્ સાથે વાક્યોમાં આવતાં જુદાજુદા અર્થો ઉપજાવે છે. ચીની ભા એકાક્ષરી હોવાથી તેમાં જોડાક્ષરો તો હોતા જ નથી.

આ ભાષા ચીની જાતિ જેટલી પ્રાચીન હશે. તેના પ્રાચીનમ પ્રાચીન નમૂના હુનાન પ્રાંતમાંથી હાડકાં ઉપર કોતરેલા મળી આ વ્યા છે, જે ઈ. પૂ. ૧૪૦૦ની આસપાસના (એટલે કે આજથી લગ ભગ સાડા ત્રણ હજાર વર્ષ પરના) હશે એમ મનાય છે. આમ, આ ભાષા આટલી પ્રાચીન હોવા છતાં તેની શૈલી કે વાકયરચનામાં આજ સુધી કંઈ જ ફેરફાર થયો નથી. જગતભરમાં કદાચ ચીની ભાષા એવી ભાષા હશે કે જે પ્રાચીન કાળથી આજ સુધી એમ જીવંત રહી

ચીન આવડો મોટો વિશાળ દેશ હોવા છતાં એના એક ખૂણે બીજા ખૂણા સુધી, માત્ર સહેજસાજ પ્રાદેશિક ફેરફાર સિવાય એ જ લિપિ લખાય છે. આનું કારણ એ છે કે (અનુ૦ પૃ. ૧૭૫ ઉપ



ખુદીરામ (મુકદ્દમા વખતે)

ખુદીરામ બોઝ અને પ્રફુલ્લ ચાકી

હિંદની સ્વાતંત્ર્ય-ચળવળે જ્યારે પહેલું લોકવ્યાપી ક્રિયાત્મક રૂપ લીધું તે-બંગાળનાસમયના બૉમ્બ-યુગના પહેલા બે ક્રાન્તિ-બલિ



પ્રફુલ્લ ચાકી (શબાવસ્થા)

હિંદુસ્તાનના સ્વાતંત્ર્ય-પ્રાપ્તિના ઇતિહાસમાં 'બંગભંગ'-ની ચળવળનું એક ચિરસ્મરણીય સ્થાન છે. સત્તાવનના સંગ્રામ પછી જો કોઇ પણ રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં પ્રજાના સર્વ વર્ગોએ જાગ્રત થઈ ભાગ લીધો હોય તો તે બંગભંગ વખતે. પારતંત્ર્યની ગર્તામાં પડેલી જનતાના સુપ્ત પ્રાણ બંગભંગ વખતનાં સરકારી અત્યાચારથી જાગી ઊઠ્યા અને બ્રિટિશ સલ્તનત સામે પ્રજાએ પોતાની સર્વ શક્તિથી પહેલવહેલી બાથ ભીડી.

ઈ.૧૯૦૫ના જુલાઇની ૨૦મીએ લૉર્ડ કર્ઝને બંગાળના બે ભાગલા કરવાની જાહેરાત કરી. બંગાળનું એકત્વ નષ્ટ કરી તેનું ચૈતન્ય હણી નાખવા કરેલી આ યોજનાનો બંગાળના લોકોએ તીવ્ર વિરોધ કર્યો અને ૭મી ઑગસ્ટે જંગી શોકદિન પળાયો. કલકત્તાના ટાઉન હૉલ આગળ થએલી વિરાટ સભાઓમાં બંગાળના ભાગલાનો કેવળ તીવ્ર વિરોધ જ નહિ પણ તેના પ્રતિકાર માટે બ્રિટિશ માલનો બહિષ્કાર પોકારવામાં આવ્યો. આમ આજ સુધી હિંદના રાજકારણમાં ન જણાએલો પ્રત્યક્ષ પ્રતિકારનો અભિનવ માર્ગ શરૂ થયો. બંગાળભરમાં અને પછી તો દેશભરમાં સ્વદેશી અને બહિષ્કારની પ્રચંડ દેશવ્યાપી ચળવળ ફેલાઈ. ૧૬મી ઑક્ટોબરે ભાગલા અમલમાં આવવાના હતા. તેના વિરોધ તરીકે ૧૫મી ઑક્ટોબરે બંગાળની એકતાના સ્મારક તરીકે પીળા રંગની રાખડી એકબીજાને બાંધીને રક્ષાબંધન વિધિ કરવાનું ઠર્યું. તે પ્રમાણે તે દિવસે ઊચનીચ, હિંદુ-મુસલમાન બધાએ મોટા ઉત્સાહથી રક્ષાબંધન કર્યું. ટપાલમાં પણ એકબીજાને રાખડીઓ મોકલાઈ. આમ બંગાળ વધુ ને વધુ એકજીવ થતું ગયું. એ અરસામાં વડોદરા કૉલેજમાં પ્રોફેસર તરીકે કામ કરતા શ્રી અરવિંદ ઘોષે પણ નોકરી છોડીને આ ચળવળમાં ઝંપલાવ્યું. વંદેમાતરમમાંનાં એમનાં ઉત્તેજક અને દાહક લખાણોએ ચળવળને ઉગ્ર સ્વરૂપ આપ્યું.

આ પ્રમાણે જેમ પ્રજાની જાગૃતિની જ્વાળાઓ વધવા લાગી, તેમ સરકારના અત્યાચારની ઉગ્રતા પણ વધવા લાગી. માનભંગ થએલા લૉર્ડ કર્ઝનનો ક્રોધ હવે અમર્યાદ બન્યો. 'વંદેમાતરમ્' જેવું સાદું રાષ્ટ્રગીત ગાનારને પણ ફટકાની સજા થવા લાગી. સ્વદેશી ચળવળ સાથે જેમના સંબંધની શંકા આવે તેઓ તરત નોકરીમાં બડતરફ થવા લાગ્યા. વિદ્યાર્થીઓએ ચળવળમાં ભાગ ન લેવો એવા હુકમો નીકળ્યા. પણ પ્રજામત એમ દબાય તેવો નહોતો. વિદ્યાર્થીઓએ છડેચોક સરકારી શાળાઓનો બહિષ્કાર કર્યો અને દેશદાઝવાળા લોકોએ સરકારી નોકરીને લાત મારી દીધી.

૧૯૦૬ના માર્ચ માસમાં બારિસાલ ખાતે બંગાળ પ્રાંતિક પરિષદની જંગી બેઠક ભરાવાની હતી. સરકારે તેમાં 'વંદેમાતરમ્' ગીત ગાવાની બંધી કરી. પણ પ્રતિનિધિઓએ તે હુકમને ઠોકરે ઉડાવી સુરેન્દ્રનાથ બૅનરજીની આગેવાની હેઠળ 'વંદેમાતરમ્'ના જયઘોષ સાથે એક સરઘસ કાઢ્યું પોલીસોએ રસ્તામાં તેને અટકાવી ભીષણ લાઠીમાર કર્યો. છતાં લાઠીમારથી ઘવાએલી સ્થિતિમાં હજારો લોકોએ પરિષદમાં ભાગ લીધો. તેમના ઘામાંથી લોહી અને મોઢેથી સતત વંદેમાતરમનો ધ્વનિ નીકળતો હતો.

આ બારિસાલ પરિષદ પછી બંગાળમાં ક્રાંતિકારી પક્ષનો જન્મ થયો. સરકાર તરફથી થતા અમાનુષ જુલમોનો બદલો લેવાને તલપાપડ થઇ રહેલા લાગણીપ્રધાન બંગાળી યુવાનોએ જ્યારે જોયું કે કાયદેસરની શાંતિમય ચળવળો-સભાઓ, અરજીઓ—આદિ સરકાર પર જોઇએ તેવી અસર નિપજાવી શકતી નથી ત્યારે તેમણે વિપ્લવવાદી માર્ગ લેવાનું નક્કી કર્યું. આ ક્રાંતિકારી પક્ષના અધ્વર્યુ હતા અરવિંદ ઘોષના ભાઇ બારીન્દ્ર ઘોષ. તેમણે 'યુગાંતર' પત્ર શરૂ કરીને પોતાના ઉદ્દામ તેજસ્વી લખાણોથી ક્રાંતિનો પ્રચાર કરવા માંડ્યો. માત્ર બે જ માસમાં તે પત્રની ગ્રાહકસંખ્યા ૩૦,૦૦૦ પર પહોંચી ગઇ. યુગાંતરનાં એ લખાણોએ જનતાની લાગણી હચમચાવી મૂકી અને દેશને ખાતર ગમે તે ભોગ આપવાને તૈયાર એવા મરણિયા ક્રાંતિકારીઓનું એક જૂથ બારીન્દ્રની આસપાસ ભેગું થયું. 'યુગાંતર'ની આ પ્રવૃત્તિથી સરકાર ચોંકી ઊઠી. તેણે એક પછી એક સર્વ સંપાદકો પર કેસ ચલાવીને તેમને જેલમાં ધકેલવા માંડ્યા. પણ અગ્નિમાં ઘી હોમતાં જેમ તે અધિક ફેલાય છે તેમ સરકારના જુલમો વધતાં ક્રાંતિકારી પક્ષ અધિક વિસ્તૃત થતો ગયો.

આખરે સરકારી જુલમોનો પ્રત્યક્ષ પ્રતિકાર કરવાને બૉમ્બનો પ્રયોગ શરૂ કરાવાનું ઠરાવીને બારીન્દ્ર ઘોષે પોતાની માલિકીના માણિકતોલા નામના બાગમાં બૉમ્બનું કારખાનું તથા બૉમ્બવિદ્યા શીખવવાની શાળા શરૂ કરી. તે માટે ફ્રાન્સમાં મોકલાએલા હેમચંદ્ર નામના ક્રાંતિકારી ત્યાંથી બૉમ્બ બનાવવાની ક્રિયા શીખી લાવ્યા.

સૌ પહેલાં બંગાળના લેફ્ટેનન્ટ ગવર્નર સર ઍન્ડ્રુ ફ્રેઝરને ઉડાવવાનું નક્કી થયું. યોજના પ્રમાણે તેની ટ્રેન નીચે બૉમ્બ પણ મુકાયો.

ગાડી પાટા પરથી ઊતરી પડી. પરંતુ લે૦ ગવર્નર બચી ગયા. પણ ક્રાંતિકારીઓનો બીજો શિકાર ઢાકાના મૅજિસ્ટ્રેટ મિ. એલન તો નારાયણ ગંજ પાસે ગોળીથી ઠાર થયા.

પણ ક્રાંતિકારીઓને ખાસ ચીડ તો કલકત્તાના મૅજિસ્ટ્રેટ કિંગ્સફર્ડ પર હતી. એ સાહેબ તો નજીવા ગુના માટે પણ અમાનુષ સજાઓ કરવામાં તથા પોતાનું ધાર્યું કરવામાં પ્રખ્યાત હતા. તેમણે જ 'યુગાંતર, 'સંધ્યા', 'વંદેમાતરમ્,' 'નવશક્તિ' આદિ રાષ્ટ્રીય પત્રો પર કેસ ચલાવીને તેમના સંપાદકો, પ્રકાશકો અને મુદ્રકોને સખત શિક્ષાઓ કરી હતી, એટલું જ નહિ પણ સુશીલકુમાર સેન નામના એક ૧૪ વર્ષના કુમારે કોર્ટમાં 'વંદેમાતરમ્'નો જયઘોષ કરતાં તરત તેને ૧૫ ફટકાની રાક્ષસી શિક્ષા કરી હતી. આ બનાવ પછી ક્રાંતિકારીઓ એટલા તો ઉશ્કેરાઈ ગયા કે તેમણે તેમનું ખૂન કરવાનું નક્કી કર્યું. તેમના તરફથી ધમકીપત્રો આવતાં જ કિંગ્સફર્ડ સાહેબે ડરી જઇ કલકત્તેથી પોતાની બદલી મુઝફ્ફરપુર કરાવી લીધી. પણ એથી ક્રાંતિકારીઓ અટકે ? પહેલાં તો તેમણે પુસ્તકનું એક પાર્સલ તેમને મોકલ્યું, જેમાં એક મોટા ગ્રંથના વચ્ચેનાં પાનાં કોરી તેમાં એક બૉંબ મૂકવામાં આવ્યો હતો. પણ દુર્ભાગ્યે કિંગ્સફર્ડે તે પારસલ ઉઘાડવાનું મુલતવી રાખવાથી ક્રાંતિકારીઓની એ યોજના નિષ્ફળ ગઇ.

આખરે બારીન્દ્રકુમારે મુઝફ્ફરપુરમાં મુદ્દામ ક્રાંતિકારીઓને મોકલીને કિંગ્સફર્ડનો જાન લેવાનું નક્કી કર્યું. એ માન લેવા માટે ક્રાંતિકારીઓમાં પડાપડી થવા લાગી. અંતે તીવ્ર ધ્યેયનિષ્ઠા અને પ્રાણાર્પણ કરવાની ઉત્કટ તમન્નાવાળા પ્રફુલ્લચન્દ્ર ચાકી અને ખુદીરામ બોઝ નામના બે નવયુવકોને પસંદ કરવામાં આવ્યા.

રમામાંના પ્રફુલ્લ ચાકીનો જન્મ ૧૮૮૮ની ડિસેમ્બરની ૧૦મીએ બિહારના એક નાના ગામડામાં રાજનારાયણબાબુ નામના મધ્યમ વર્ગના કાયસ્થ ગૃહસ્થને ઘેર થયો હતો. સર્વ ભાઈઓમાં સૌથી નાનો પ્રફુલ્લ 'ફુલુ'ના લાડીલા નામે ઓળખાતો. માત્ર બે વર્ષની વયે પિતા મૃત્યુ પામતાં મોટાભાઇ પાસે ઊછરેલો 'ફુલુ' નમુજમાં પ્રાથમિક શિક્ષણ પૂરું કરીને માધ્યમિક શિક્ષણ માટે રંગપુરની શાળામાં દાખલ થયો. પણ બંગભંગના જુવાળની જાહેરસભામાં ભાગ લેવા માટે તેને તથા ઇતર વિદ્યાર્થીઓને ૫ રૂપિયાના દંડની સજા કરવામાં આવતાં જ તે સરકારી શાળાને રામરામ કરીને દેશભક્તોએ શરૂ કરેલી રાષ્ટ્રીય શાળામાં જોડાયો. ત્યારથી તેણે માતૃભૂમિની સેવા કરવાનો દૃઢ સંકલ્પ કર્યો. દેશને ખાતર કંઈક કરી છૂટવાની તેની તમન્ના એવી તો તીવ્ર બની કે આખરે એક મિત્રની સહાયથી તેણે કલકત્તામાં બારીન્દ્રના 'યુગાંતર' પક્ષમાં પ્રવેશ કર્યો અને થોડા જ વખતમાં માણિકતોલા બાગમાં બૉંબ ફેંકવાની તથા પિસ્તોલ ચલાવવાની કળા હસ્તગત કરી લીધી. ઉત્કટ દેશભક્તિ તથા બલિદાનની તીવ્ર ભાવનાને કારણે તેણે થોડા જ વખતમાં ક્રાંતિકારીઓમાં માનભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું.

પ્રફુલ્લ ચાકીની માફક ખુદીરામ બોઝ પણ અંગ્રેજોના જુલમથી ઉશ્કેરાઈને દેશને ખાતર ફના થઈ જવાની ભાવનાથી પ્રેરાઈ બારીન્દ્ર ઘોષના ક્રાંતિકારી પક્ષમાં જોડાયો હતો. કિંગ્સફર્ડનો ભોગ લેવાને એ બંનેને ચૂંટવામાં આવ્યા ત્યારે બંનેની ઉંમર માંડ ૧૭-૧૮ વર્ષની હતી. બંનેને સખત તાકીદ આપવામાં આવી હતી કે જો પકડાઈ જવાનો ભય ઉત્પન્ન થાય તો પોલીસના હાથમાં પડતાં પહેલાં તેમણે પોતાના જીવનનો અંત આણી દેવો, જેથી પાછળથી પોલીસ તેમના પર જુલમ કરીને પક્ષની ઇતર માહિતી બળજબરીથી કઢાવી ન શકે.

૧૯૦૮ના એપ્રિલના લગભગ ત્રીજા અઠવાડિયામાં આ બંને યુવકો બૉંબ તથા પિસ્તોલો લઈને મુઝફ્ફરપુર પહોંચ્યા અને એક ધર્મશાળામાં ઉતારો રાખી કિંગ્સફર્ડની હિલચાલ પર નજર રાખવા લાગ્યા. કિંગ્સફર્ડના ખૂન માટે ક્રાંતિકારીઓ ટાંપીને બેઠા છે એવા ખબર કલકત્તાની પોલીસને મળવાથી તેમણે મુઝફ્ફરપુરના પોલીસ કમિશનર તથા ખુદ કિંગ્સફર્ડને પણ ચેતાવી દીધા હતા. આથી જ્યાં જ્યાં કિંગ્સફર્ડ જતો ત્યાં ત્યાં હમેશ ગાડીમાં જ બેસીને જતો અને પોતાની સાથે બે સશસ્ત્ર પોલીસો હમેશ રાખતો. કિંગ્સફર્ડ રોજ સાંજના પોતાના ઘર પાસે આવેલી ક્લબમાં પોતાના અંગ્રેજ મિત્રોને મળવા જાય છે એ માહિતી મેળવીને ખુદીરામ તથા પ્રફુલ્લે તે ક્લબમાંથી પાછો વળે તે વખતે તેની ગાડીમાં બૉંબ નાખવાનું ઠરાવ્યું.

૧૯૦૮ની ૩૦મી એપ્રિલે રાત્રે ૮ વાગ્યે બંને જણ યુરોપિયન ક્લબની સામેના એક ઘટાદાર વડના ઝાડ નીચે પોતાનાં શસ્ત્રાસ્ત્રો સાથે છુપાઇને ઊભા રહ્યા. વખત થતાં યુરોપિયન ક્લબમાંથી ગાડી બહાર નીકળી. જેવી ગાડી પાસે આવી તેવા જ બંને જણાએ બરાબર નિશાન તાકીને બૉંબ ફેંક્યા. બૉંબ અચૂક નિશાન પર પડ્યા. મોટો ધડાકો થયો અને ગાડીના ચૂરેચૂરા થઈ ગયા. પણ રે દુર્ભાગ્ય ! એ ગાડીમાં કિંગ્સફર્ડ નહોતા, પરંતુ ત્યાંના એક વકીલ મિ. કૅનેડીનાં પત્ની અને પુત્રી બેઠાં હતાં ! મિ. કૅનેડીની ગાડી પણ કિંગ્સફર્ડ જેવી જ હોવાથી ક્રાંતિકારીઓની આ ભૂલ થઈ ગઈ. કિંગ્સફર્ડ તો પાછળની બીજી ગાડીમાં આવતો હતો. આમ કેવળ ભાગ્યવશાત જુલમી કિંગ્સફર્ડ બચી ગયો અને બે નિરપરાધ સ્ત્રીઓ મારી ગઈ. પણ હિંદમાં થયેલા બૉંબના આ પહેલા ધડાકાએ દેશ આખાને હચમચાવી મૂક્યો. દેશ આખામાં હોહા મચી રહી.

બૉંબ ફેંકી બંને ક્રાંતિકારીઓ રાત્રિના અંધારામાં છટક્યા. પણ કિંગ્સફર્ડના અંગરક્ષકે ખુદીરામ તથા પ્રફુલ્લને ક્લબની સામેના રસ્તા પર અવારનવાર ફરતા જોયા હતા અને બૉંબના ધડાકા પછી તેમને નાસતા પણ દીઠેલા. આથી પોલીસે દરેક સ્ટેશને તાર કરી આ બનાવની તથા ખૂનીઓના વર્ણનની માહિતી મોકલાવી દીધી. શહેરની નાકાબંધી કરવામાં આવી અને પોલીસો તેમને પકડવા આકાશપાતાળ એક કરવા લાગ્યા. બીજે દિવસે મુઝફ્ફરપુરથી ૨૪ માઇલ દૂર આવેલા વૈનીગાંવ નામના એક સ્ટેશને ખુદીરામ બોઝ કંઇક ખાવાનું ખરીદતો હતો ત્યારે સાદા પોષાકમાં છુપાએલા બે કૉન્સ્ટેબલોએ ઓચિંતો તેને પકડ્યો. ખુદીરામની પાસે એક ભરેલી પિસ્તોલ, એક ખાલી રિવોલ્વર તથા ૩૦ કારતૂસ તૈયાર હતા. પણ આમ એકાએક પકડાવાથી તે કંઇ ન કરી શક્યો. તેને પકડીને મુઝફ્ફરપુર લાવવામાં આવ્યો, જ્યાં તેના દર્શન માટે મોટી મેદની ઊલટેલી.

પણ પ્રફુલ્લ ચાકી પોલીસની નજર ચૂકવીને મુઝફ્ફરપુરથી ૩૨ માઇલ દૂર આવેલા સમસ્તીપુર પહોંચી ગયો હતો. ત્યાંથી તે જે ટ્રેનમાં ચઢ્યો તે જ ટ્રેનમાં નંદલાલ બૅનરજી નામનો સિંગભૂમનો રજા પર ઊતરેલો એક પોલીસ-ઇન્સ્પેક્ટર બેઠો હતો. નવું ધોતિયું, નવા જોડા અને કોરા કપડાં પહેરેલા ઉઘાડા માથાવાળા એ યુવાનને પોતાના ડબામાં બેસતો જોઇ પેલા ઈન્સ્પેક્ટરને સંદેહ ઉત્પન્ન થયો અને પોતાનો સંદેહ ચકાસી જોવા તે પ્રફુલ્લ સાથે વાતે વળગ્યો. પ્રફુલ્લની વાતચીત પરથી પોતાનો સંદેહ પાકો થયો લાગવાથી, પણ પોતે રજા ઉપર હોવાથી, પોતાના દાદા શિવચન્દ્ર ચેટરજી, જે મુઝફ્ફરપુરમાં વકીલ હતા, તેમને તાર કરીને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ પાસેથી એક શકમંદ માણસને પકડવાની રજા મંગાવી. તે પ્રમાણે તેને તારથી પકડવાની રજા મોકમઘાટ સ્ટેશન પર મેની બીજીએ સવારે ૧૦-૩૦ વાગે મળી. તરત એ સ્ટેશને સ્થાનિક પોલીસની મદદથી નંદલાલે

પ્રફુલ્લને પકડવાનો પ્રયત્ન કર્યો પ્રફુલ્લ સર્વ બીના પામી ગયો અને તરત પોતાની પિસ્તોલ કાઢીને ગોળી છોડી. પણ ગોળી ખાલી ગઇ. બધા પોલીસો તેને ઘેરી વળ્યા. પ્રફુલ્લે જ્યારે જોયું કે હવે છટકવું અશક્ય છે ત્યારે પોતાને અપાએલી સૂચના અનુસાર પોતાની પિસ્તોલ તેણે પોતા પર જ ચલાવી. પહેલી ગોળી તેની દાઢીને વાગી, પણ બીજી છાતીમાં હાંસડી પર વાગી અને તત્કાળ ભારતનો એ વીર ક્રાંતિકારી લોહી નીંગળતી સ્થિતિમાં ધરણી પર ઢળી પડ્યો અને મૃત્યુ પામ્યો. ભારતમાતાની મુક્તિનો ભેખ લઈ તે જ ઉમદા ધ્યેય માટે પોતાને હાથે અપાએલું એવું તે પ્રથમ બલિદાન હતું.

પ્રફુલ્લ ચાકીને પકડવાનો પ્રયત્ન કરનાર નંદલાલ બૅનરજીને તેની સેવાની કદર કરીને સરકારે તો તેને સારી બઢતી આપી હતી. પણ તેના દેશદ્રોહી કાર્યનો બદલો તેને ૬ માસ પછી મળી ગયો. કલકત્તામાં જ્યારે તે સી. આઈ. ડી. ખાતામાં કામ કરતો હતો ત્યારે ૧૯૦૮ના નવેમ્બરની ૯મીએ ક્રાંતિકારીઓએ તેનું ખૂન કરેલું.

૩૦૦ મો અંક

આવતા ડિસેમ્બરે 'કુમાર'નું પચીસમું વર્ષ પૂરું થતાં તે અંક તેનો ૩૦૦મો અંક થાય છે. તે અંક પણ ૧૦૦મા અને ૨૦૦મા અંક પેઠે વિશિષ્ટ, રંગીન ને સમૃદ્ધ વાચન તથા ચિત્રસામગ્રીથી સભર અનેદળદાર બનશે. ડિસેમ્બર સુધીનું પૂરું લવાજમ વસૂલ આપનાર ગ્રાહકોનો જ તેના પર હક્ક રહેશે. ✱ જેમનાં લવાજમ ચાલુ વર્ષની અધવચ્ચે પૂરાં થાય છે એવા ઘણા ગ્રાહકો તરફથી એ અંક ઉપરના પોતાના હક વિષે પૃચ્છા આવે છે. આથી એવા ગ્રાહકોનું ધ્યાન ખેંચવાનું કે કાગળોની તંગી તથા નિયમન, અને ઉત્તરોત્તર વધતા જતા ભાવોને કારણે એ ખર્ચાળ અંકની નકલો માત્ર મર્યાદિત સંખ્યામાં જ કાઢવાની હોવાથી, જેમનાં લવાજમ એ સંખ્યાની મર્યાદા બહાર મોડાં મળશે તેઓને કદાચ નિરાશ થવું પડશે. માટે એવા ગ્રાહકોએ તેમજ નવા ગ્રાહક થવા ઈચ્છનારાઓએ પોતાનાં લવાજમ સવેળા ભરી દેવાં. હજી આ વર્ષના શરૂઆતથી જ બધા અંકો મળી શકે છે, એટલે નવા ગ્રાહકોને પણ ફાઈલ અધૂરી રહેવાનો ભય નથી.

પછી ખુદીરામ પર કેસ શરૂ થયો. બે અંગ્રેજ સ્ત્રીઓનું ખૂન કરવાનો તેના પર આરોપ હતો. આ કેસ ખાસ યુરોપિયન ન્યાયાધીશ કૉર્નડર આગળ શરૂ થયો. શરૂમાં તો ખુદીરામ તરફથી કેસ ચલાવવા કોઈ વકીલ તૈયાર નહોતો, પણ પછી શ્રી કાલિદાસ બોઝ નામના એક દેશદાઝવાળા વકીલ આગળ આવ્યા કેસ વખતે ખુદીરામે એ સ્પષ્ટ કહી દીધું કે તેમનો મારવાનો વિચાર તો કિંગ્સફર્ડને હતો, પણ ભૂલથી કૅનેડી કુટુંબની સ્ત્રીઓ મારી ગઇ હતી. ૮-૧૦ દિવસ કેસ ચાલ્યા બાદ અપેક્ષા મુજબ તેને ફાંસીની શિક્ષા મળી. હાઇ કોર્ટમાં અપીલ કરવામાં આવી, પરતુ ત્યાં યે એ સજા કાયમ રહી.

પણ આ બાજુ ખુદીરામ બોઝ તો તદ્દન પ્રસન્ન હતો. પકડાયા પછી અને ફાંસીની શિક્ષા સાંભળ્યા પછી પણ તેના પ્રસન્ન મુખની એક પણ રેખા બદલાઈ નહોતી. ફાંસીને માટે ૧૦મી ઑગસ્ટનો દિવસ નક્કી થયો. ફાંસી બાદ અન્ત્યેષ્ટિ ક્રિયા કાલિદાસ બોઝને હસ્તે થાય એવી ખુદીરામની માગણી સરકારે મંજૂર કરી.

નિશ્ચિત વખતે ફાંસીના મંચ આગળ ખુદીરામને લઇ જવામાં આવ્યો. હસતોહસતો એ વીર બાળક હાથમાં ગીતા લઇ ફાંસીના તખ્ત પર ચઢી ગયો. દોરડું ગળામાં નંખાયું ને જોતજોતામાં એ નિર્ભય શરીરમાં રહેલો તેજસ્વી આત્મા ઊડી ગયો.

તેની સ્મશાનયાત્રામાં જંગી માનવસમુદાય સામેલ હતો; અને સ્મશાનઘાટ પર કાલિદાસબાબુએ જ્યારે અગ્નિદાહ દીધો ત્યારે હજારો અંતઃકરણોએ તેને અશ્રુની અંજલિ આપી. ચિતા ઠરી ગયા પછી તે ઉમદા યુવાનની ભસ્મ મેળવવા લોકો પડાપડી કરવા લાગ્યા. કોઈએ તે ભસ્મને સોનાની ડબીમાં, તો કોઈએ હાથીદાંતની પેટીમાં સાચવી રાખી. ખુદીરામનું શરીર તો પૃથ્વી પરથી અદૃશ્ય થયું પણ તેનો આત્મા લોકહૃદયમાં અમર થઈ ગયો.

આમ મુઝફ્ફરપુર બૉંબ કેસ તો પૂરો થયો, પણ તેમાંથી જ માણિકતોલા બૉંબકેસનો ઉદ્ભવ થયો, જેમાં વિખ્યાત અરવિંદ ઘોષ ઉપરાંત બંગાળના ઘણાખરા મોટમોટા ક્રાંતિકારીઓ પકડાયા હતા. એ કેસની રોમાંચક ઘટનાઓએ તો દેશમાં એક નૂતન તેજનો સંચાર કરી દીધો.

ઉત્તર હિંદની આર્યભાષાઓ (અનુસંધાન ચિત્રબોધનું ચાલુ)

જૂથના આર્યો દ્રાવિડો સાથે સમાગમમાં આવ્યા. ઋગ્વેદમાં 'પુણ્ય પ્રદેશ' તરીકે ગણાતા આ જ સ્થળમાં વર્ણવ્યવસ્થા અસ્તિત્વમાં આવી. અહીં જ વેદો રચાયા. આ જ પ્રદેશમાં જનમંડલના અખિલ મહાલયની સ્થાપના થઈ. આ બીજા જૂથની પરાક્રમશક્તિ ને સંસ્કૃતિ પહેલા જૂથ કરતાં ચઢિયાતી હતી. આ આર્યો ગંગા-યમુનાના પ્રદેશમાં ને એથી પણ આગળ જેમજેમ પ્રસરતા ગયા તેમતેમ તેઓ અનાર્યો-આદિવાસીઓ ને દ્રાવિડો સાથે ભળતા ગયા ને આર્ય-અનાર્ય-દ્રાવિડ સંસ્કૃતિઓનો સમન્વય કરી એક મહાસંસ્કૃતિ રચતા ગયા.

હિન્દની હાલમાં બોલાતી વિવિધ ભાષાઓનાં સૂક્ષ્મ અભ્યાસ અને સંશોધન ઉપરથી એક પ્રબળ અનુમાન એ તારવવામાં આવે છે કે ઉપર જણાવેલાં બંને જૂથો આર્યો હોવા છતાં એકબીજા સાથે નિકટ રીતે જોડાએલી પણ જુદીજુદી ભાષાઓ બોલતાં હતાં. બીજા જૂથના આર્યોએ પોતાના પુરોગામી પહેલા જૂથના આર્યોને હટાવી પંજાબનો કબજો લીધો ને એમની બોલી, તે પંજાબની વિવિધ પ્રાચીન બોલીઓમાંની એક બની. પંજાબની આ અને અન્ય બોલીઓમાંથી ધીમેધીમે વિકાસ પામી જે એક ભાષારૂપ બંધાયું તે આપણી સર્વ આર્ય ભાષાઓની જનની 'પ્રાથમિક પ્રાકૃત ભાષા.' તેમાંથી જતે દહાડે એક પરિશુદ્ધ ને વિકસિત રૂપે પ્રાચીન સંસ્કૃતનો ઉદ્ભવ થયો. એ સંસ્કૃત પ્રથમ એક પ્રાંતની ભાષા બની, પણ પછી ઉત્તર હિન્દમાં પ્રચાર પામી અને છેવટે સમગ્ર દેશની ભાષા બની. આ પ્રાચીન સંસ્કૃત એ જ 'વૈદિક સંસ્કૃત'. વેદનાં સૂક્તો એમાં જ રચાયાં.

'વૈદિક સંસ્કૃત'માં વેદનાં સૂક્તો રચાયાં તે સમયે એ શુદ્ધ વૈદિક સંસ્કૃતની સાથેસાથે સામાન્ય જનોની એક લોકભાષા પણ પ્રચલિત હતી. તે દ્વિતીય પ્રાકૃત'થી ઓળખાય છે. આમ, સાથેસાથે બોલાતી એ બંને ભાષાઓ (વૈદિક સંસ્કૃત તથા દ્વિતીય પ્રાકૃત) ઉપર ધીમેધીમે વિદ્વાન બ્રાહ્મણોની પ્રબળ અસર થવાથી તે વધુ શિષ્ટ અને શુદ્ધ સ્વરૂપ પામીને 'સંસ્કૃત' બની, જે 'ભાષાસંસ્કૃત' તરીકે ઓળખાઇ. આમ, આપણી એ શિષ્ટ સંસ્કૃત ભાષા 'પ્રાથમિક પ્રાકૃત' અને 'દ્વિતીય પ્રાકૃત'માંથી ઉદ્ભવ પામી. મહાન વ્યાકરણશાસ્ત્રી પાણિનિ આ સંસ્કૃતને 'ભાષા' તરીકે નિર્દેશે છે, કેમકે એના સમયમાં

આ 'ભાષા સંસ્કૃત'માંથી ને દ્વિતીય પ્રાકૃતમાંથી જ અનેક પ્રાકૃત ભાષાઓ ઊતરી આવી; પણ એમાંથી ખાસ જન્મેલી 'તૃતીય પ્રાકૃત' એ દ્વિતીય પ્રાકૃતનું અંતિમ સંસ્કરણ છે. તૃતીય પ્રાકૃત એ 'પાલી' ભાષા તરીકે ઓળખાય છે. અશોકના શિલાલેખો એ તૃતીય પ્રાકૃત–પાલી ભાષામાં જ લખાએલા છે. તક્ષશિલા વિદ્યાપીઠમાં સંસ્કૃત અને પાલી બંનેમાં સાથેસાથે શિક્ષણ અપાતું. આ તૃતીય પ્રાકૃતમાંથી પછી જુદાજુદા પ્રાંતોમાં ધીમેધીમે વૈદર્ભી, શૌરસેની (પશ્ચિમ પ્રાકૃત), પૈશાચી, અર્ધમાગધી, ઉત્કલી, ગૌડી, માગધી (પૂર્વ પ્રાકૃત) અને ઢાકી ભાષા ઉત્પન્ન થઇ.

ઇસ્વી સનના આરંભમાં જેમજેમ સંસ્કૃત ભાષા એ ઉચ્ચ અને શિષ્ટ રૂપ તરીકે માત્ર ધર્મ, તત્ત્વજ્ઞાન, ન્યાય, સ્મૃતિ, કર્મકાંડ વગેરે જ્ઞાનના ભાષા તરીકે જ મર્યાદિત થતી ગઇ, તેમતેમ આમ જનતામાં આ પ્રાકૃત ભાષાઓનાં વિવિધ રૂપો ખૂબ ખીલતાં ગયાં અને આપણા આ વિશાળ દેશમાં તે અનેક પ્રાંત-પ્રદેશો પર ફરી વળ્યાં.

પછી, ચિત્રબોધના પાના પર બતાવ્યું છે તેમ, આપણી તરફ પશ્ચિમમાં વૈદર્ભી ભાષામાંથી મરાઠી જન્મી, અને શૌરસેની–અપભ્રંશમાંથી ગુજરાતી ઉદ્ભવી. એનો પૈશાચી ભાષા સાથેનો સંબંધ પણ ધ્યાનમાં લેવા જેવો છે. એ પૈશાચી અને શૌરસેનીમાંથી જ આપણા તરફની બધી પ્રાંતભાષાઓ જન્મી હોવાથી, પશ્ચિમ હિન્દુસ્તાની, પંજાબી અને રાજસ્થાનીમાં આપણી ગુજરાતી સાથે મળતાપણું જણાય છે. એ જ રીતે પેલી બાજુ પૂર્વ તરફ, માગધીમાંથી માગધ–અપભ્રંશની ઉત્પત્તિ થઈ અને એમાંથી બિહારી, મૈથિલી, આસામી અને બંગાળી ભાષાઓ ઉદ્ભવી.

માસમાસના વૃક્ષવિશેષનો પરિચય આપતી લેખમાળા

આપણી વનસ્પતિ

૧૬

જરૂલ

લેખક
પ્રો. જયંતીલાલ દે. ઓઝા
એમ. એસસી.



સામાન્ય માણસોને માટે અનઘડ્યા નામવાળું આ વૃક્ષ જો ક્યાંયે નજરે પડે તો ગુલાબ જેવાં રૂપસુંદર ગુલાબી ફૂલોની બહારથી ભભકી ઊઠેલું જણાશે. તે માટે જ કદાચ તેને અંગ્રેજીમાં 'ફૂલોની રાણી' અથવા 'રાણીનું ફૂલ' (Queen's Flower અગર 'Queen of Flowers') કહેતા હશે. હિંદીમાં તેને અર્જુન ને મરાઠીમાં તામણ કહે છે. તેનું શાસ્ત્રીય નામ 'લેગરસ્ટ્રોમીઆ ફ્લોસ-રેજીની' (Lagerstroemia Flos-reginae Ratz.) અઢારમી સદીમાં થઇ ગએલા સ્વીડિશ વનસ્પતિશાસ્ત્રી મૅગ્નસ લેગરસ્ટ્રોમના માનમાં આ નામ પાડવામાં આવેલું છે. ફ્લોસ-રેજીનીનો અર્થ રાણીનુંફૂલ.

ઘણાખરા બાગબગીચા ને ક્યાંકક્યાંક રસ્તાઓ પર સુશોભિત ફૂલો માટે તેમજ છાયાવૃક્ષ તરીકે ઉગાડવામાં આવતા આ ઝાડનાં ઉત્પત્તિસ્થાન હિંદમાં ઉત્તર કાનડા અને દક્ષિણ કોંકણનો પ્રદેશ, ઉત્તર સરકાર, છોટા નાગપુર, પૂર્વ બંગાળ અને આસામ છે. હિંદ બહાર તે બ્રહ્મદેશ, મલાયા, ચીન અને સીલોનમાં પણ થાય છે.


જરૂલનું વૃક્ષ મધ્યમ કદનું અને લગભગ ૬૦ ફૂટ સુધી સીધું ઊંચું ઊગે છે. પથી ૮ ઇંચ લાંબાં અને ૧$\frac{1}{2}$થી ૩ ઇંચ પહોળા તેનાં પાન સાદાં, અને ટોચે અણીદાર હોય છે. ફેબ્રુઆરીથી માર્ચમાં બધાં પાન ધીમેધીમે રાતાં થઇને ખરી પડે છે અને નવાં કૂમળાં પાન એપ્રિલથી મે માસમાં આવે છે.


આંખોને રંગી નાખતાં જરૂલનાં મનોહર ફૂલોનો ઉદ્ભવકાળ એપ્રિલથી જૂન. ફૂલો શાખાઓને છેડે ઝૂમખાંમાં આવે છે ને કદમાં ૨ થી ૩ ઇંચ વ્યાસનાં હોય છે. આખું વૃક્ષ જ્યારે ફૂલોથી ભરચક હોય ત્યારે તો રંગની છોળો ઊડી રહે છે. વળી એનાં ફૂલોનાં રંગ પણ, જુદાજુદા પ્રકારનાં જરૂલ પર જુદાજુદા થાય છે. કેટલાકમાં આસમાની થાય છે; કેટલાકમાં આછાં જાંબલી તો કેટલાકમાં ખુલતાં ગુલાબી ફૂલ થાય છે તેમાં આ છેલ્લી જાતનાં ફૂલો સૌથી સુંદર દેખાય છે.


એ ફૂલમાંથી બેઠેલાં અસંખ્ય લીલાં તેમજ કાળાં ફળ નવેમ્બરથી જાન્યુઆરી માસમાં પાકે છે. આકારમાં તે ગોળ હોય છે અને તેમાં અનેક લીસાં,આછાં ભૂરાં બીજ હોય છે. આ વૃક્ષ બીજ વડે જ ઊગે છે.

જરૂલના વૃક્ષમાંથી ગુંદિયા રાળ નીકળે છે. તેનું લાકડું અત્યંત કઠણ અને ઉપયોગી હોવાથી હિંદમાં તેનો ઉપયોગ વહાણ, હોડકાં, બંદુકના હાથા, ગાડાં, લશ્કરી સરંજામ ભરવાની પેટીઓ વગેરે ખડતલ વસ્તુઓ બનાવવામાં તેમજ ઈમારતી લાકડા તરીકે થાય છે. સીલોનમાં એ લાકડું પીપો બનાવવામાં તથા બીજાં કામો માટે વપરાય છે. તેના એક ઘનફૂટનું વજન લગભગ ૪૧ાા રતલ થાય છે. સીલ્હટ, કાચર અને ચિતાગૅંગમાં પણ આ વૃક્ષનું લાકડું ઈમારતી લાકડા તરીકે ખૂબ વખણાય છે; અને બ્રહ્મદેશમાં તો સાગ પછી તેનો નંબર બીજો ગણાય છે. આમ ઈમારતી લાકડા તરીકે તે ઘણું ઉપયોગી હોવા ઉપરાંત તેની સુંદરતા માટે પણ તે ઘણું વખણાય છે, તેથી બધે તે શોભાવૃક્ષ તરીકે પણ ઉગાડવામાં આવે છે.

આયુર્વેદમાં જરૂલનો દરેક ભાગ ઉપયોગી ગણાયો છે. તેનાં મૂળ ગ્રાહી અને બીજ માદક ગણાય છે. તેની છાલ ઉત્તેજક, તાવનો નાશ કરનારી ને રેચક ગણાય છે અને યુરોપમાં નિકાસ થાય છે. તેનાં પાન પણ રેચક છે. આંદામાનમાં તેનું ફળ મોંમાં પડેલા ચાંદા પર લગાડવા માટે વપરાય છે.







ડાબી બાજુ મથાળે : અંબરનાથનું ખંડિત શિવાલય (જયંત મહેતલિયા-ઘાટકોપર); ડાબી બાજુ નીચે તથા જમણી તરફ મથાળે: તારંગાના દેરાસરનું પ્રાચીન સ્થાપત્ય (મહેશ જે. શાહ-પાટણ)

ફોટોગ્રાફી હરીફાઈ વિભાગ: સ્થાપત્ય-ફોટોગ્રાફી વિષે સૂચનો

આ વખતે ભેત્રણ હરીફોનાં શિલ્પ-સ્થાપત્યને લગતાં ચિત્રો ધ્યાન ખેંચે તેવાં છે. જોકે તેમાંનો એકે પ્રિન્ટ ચિત્ર-દૃષ્ટિએ, સંગ્રહ-(રેકોર્ડ)ની દૃષ્ટિએ કે સારી ફોટોગ્રાફીના નમૂના તરીકે ઈનામને પાત્ર ગુણવાળો નથી.

કાળના પ્રવાહમાં, યુદ્ધો આગ અને કુદરતી તોફાનોથી બચેલાં, ભૂતકાળની ગૌરવગાથા ગાતાં જીર્ણ દશામાં અથવા મૃતઃપ્રાય દશામાં અહીંતહીં રઝળતા અવશેષો રૂપ કળાકારીગીરીની સમૃદ્ધિના વારસા સમાં આપણાં મંદિરો, મૂર્તિઓ, મસ્જિદો અને ઐતિહાસિક ઈમારતોની યાદ ભાવિ પ્રજા માટે સાચા સ્વરૂપમાં રાખવાનું જો કોઇ સંપૂર્ણ અને સુલભ સાધન હોય તો તે કૅમેરા (ફોટોગ્રાફી) જ.

શિલ્પ-સ્થાપત્યની આવી રેકોર્ડ ફોટોગ્રાફી માટે અભ્યાસ, જ્ઞાન ને અનુભવ જરૂરી છે ઉપરાંત, પોતાના કૅમેરાની મર્યાદા, કામના પ્રકાર, સ્થળ-સંજોગો વગેરેનો ક્યાસ પણ કૅમેરિસ્ટને હોવો જોઈએ.

સાધારણ રીતે ઊંચી ઇમારતો વગેરેની છબિ લેવા જતાં સ્થળ-સંકોચ અને બીજી અડચણોને લીધે મોટા ફીલ્ડ કૅમેરા નકામા નીવડે છે. તેને માટે તો ફોકસિંગ સ્ક્રીનવાળા કૅમેરા, ડબલ કે ટ્રિપલ એક્સટેન્શનવાળી ધમણવાળો ને કૅમેરાના લેન્સને ઊંચો-નીચો-આઘોપાછો ગમે તે દિશામાં ખસેડી શકાય તેવો (camera with movements) બહુ ઉપયોગી થઈ પડે છે. પરંતુ એ જાતના ખર્ચાળ કૅમેરા બધાને પોસાય નહિ પણ સર્વ સંજોગોમાં અત્યારના મિનીએચર કૅમેરા દરેક પ્રકારના કામ માટે સંપૂર્ણ લેખાય છે. તેમાં લેન્સો બદલવાની તેમજ બીજી સગવડો આપેલી હોય છે.

શિલ્પ-સ્થાપત્યવાળાં મકાનોની ફોટોગ્રાફી વખતે સૌથી મોટી ફરિયાદ પર્સ્પેક્ટિવની હોય છે. (૧) મકાનના થાંભલા વાંકા થઈ જાય,(૨)મકાન નીચેથી મોટું અને ઉપરથી નાનું થઇ જાય, અથવા તો (૩) મકાન, જોનાર ઉપર ધસી આવતું હોય. તેવા હાસ્યાસ્પદ નમૂના જ્યાંત્યાં નજરે પડે છે. આ માટે 'વાઈડ ઍંગલ' લેન્સ, 'ટેલીફોટો' લેન્સ વગેરેના ગુણદોષ જાણીને તે વાપરવા ઉપયોગી થઇ પડશે.

ભાઇ જયંત મહેતલિયા(ઘાટકોપર)નું 'અમ્બરનાથનું ખંડિત શિવાલય' રેકર્ડ ફોટોગ્રાફી માટે નોંધપાત્ર ગણી શકાય. કૅમેરાનો દૃષ્ટિકોણ ને એક્સપોઝર બરોબર છે. પણ સામાન્ય લેન્સવાળા કૅમેરાને કારણે કે પછી ખામીવાળા ફોકસિંગને લીધે અંદરના કોતરકામની ઝીણવટ બરોબર આવી શકી નથી. વરસાદ અને આબોહવાથી જીર્ણ થએલા અને કાળા પડી ગએલા પથ્થરનું શિલ્પકામ લેવા માટે વહેલી સવાર કે સાંજના મૃદુ તડકાનો ઉપયોગ કરવો જોઇએ તથા ઝડપ ૧/૨૦ સેકન્ડ કે તેથી યે ઓછી રાખવી વધારે ઉચિત છે. ઓછામાં ઓછું F. 11 કે તેથી ઝીણું ડાયાફ્રામ આપીને પ્રકાશના પ્રમાણમાં સમય આપવાથી કોતરકામમાં સ્પષ્ટતા આણી શકાય.

એ સિવાય ભાઇ મહેશ જે. શાહે તારંગાના મંદિરની દીવાલના કંદોરાની મૂર્તિઓ વગેરે શિલ્પકામના સરસ નમૂના ઝડપવાનો પ્રયત્ન કરતાં ચારપાંચ ચિત્રોમાં ઉપર જણાવ્યા મુજબ કૅમેરા નીચેથી ઊંચો કરીને છબિ લેવા જતાં પર્સ્પેક્ટિવ ખોટી થઈ છે. સુંદર થાંભલા ત્રાંસા થયા છે અને એક મનોહર ગોખ માથે ધસી આવ્યો છે. ભાઇ શાન્તિ ઝવેરી(મુંબાઇ)નાં ચિત્રોમાં ઉપલી ઊણપો હોવા ઉપરાંત ખામીભર્યા ફોકસિંગનો પ્રાથમિક દોષ પણ છે.

આવાં શિલ્પ-સ્થાપત્યવાળાં ચિત્રોની સાથે તેની કોઇ ઇતિહાસ-કથા કે માહિતી પણ એકઠી કરતા રહેવું જોઇએ, જે તેના સંશોધકો અને અભ્યાસકો માટે ઘણી મદદરૂપ થઈ પડે.

શ્રીદામ ભટ્ટ



શ્રી યજ્ઞેશ્વર શુકલનાં ચિત્રાનું ચીનમાં ભરાએલું પ્રદર્શન



ડાબી બાજુ : 'તુલસીકયારો'; જમણી બાજુ : 'શૃંગાર'; સામેના પાને : 'તરતી માછલીઓ'.

ચીનમાં સાંસ્કૃતિક આપલે કરવાના હેતુથી હિંદી સરકારે જે કેટલાક અભ્યાસીઓ ચીનમાં મોકલ્યા હતા તેમાં એક ગુજરાતના જાણીતા યુવાન કલાકાર શ્રી યજ્ઞેશ્વર શુકલ પણ છે અને તેને લગતી માહિતી અમે અગાઉ 'કુમાર'માં આપી ગયા છીએ. તે ત્યાં પેઈપિંગની રાષ્ટ્રીય કળાશાળા(National College of Arts)માં રહીને તે કળાશાળાના પ્રમુખ અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવનાર જગવિખ્યાત કલાકાર શ્રી શુ પેંઓ(Hsu Peihung)ની દોરવણી નીચે ચીની કલાપદ્ધતિનો અભ્યાસ કરીને ઘણી સારી પ્રગતિ કરી રહ્યા છે. ગઈ તા. ૨૬મી એપ્રિલે તેમનાં હિંદી તથા ચીની શૈલીથી દોરેલાં લગભગ ૫૦ ચિત્રોનું એક પ્રદર્શન પેઈપિંગમાં એ રાષ્ટ્રીય કળાશાળામાં યોજાયું હતું. આ પ્રદર્શને શ્રી [સામેના પાને જુઓ]





જુ પેંઓ તથા બીજા અનેક કલાકારોની પ્રશંસા પ્રાપ્ત કરી હતી. જેમાંનાં હિંદી શૈલીનાં બે ચિત્રો 'તુલસીક્યારો' અને 'શૃંગાર' સામેના પાના ઉપર આપ્યાં છે; અને -ચીની ઢબનાં બે-'તરતી માછલીઓ' આ સામે તથા 'કૂકડાં' આ અંકના પૂઠા ઉપર આપ્યાં છે. આ ઉપરાંત પેઈપિંગ શહેરના રાષ્ટ્રીય બાગમાં દર વર્ષે ભરાતા વાર્ષિક પ્રદર્શનમાં પણ તેમનાં છ ચિત્રો ચુંટાઇને મુકાયાં હતાં, જેમાંના બે ચિત્રો તો 'સીન મિ પાઓ' (Sin Mim Pao—New Peoples' News) તથા 'પાઈ રે પાઓ' (Pei Re Pao—North China Daily News) નામનાં ચીનનાં બે પ્રખ્યાત છાપાંઓમાં પણ પ્રગટ થયાં છે. શ્રી યજ્ઞેશ્વર શુક્લ ઉપર જણાવેલા શ્રી જુ પેંઓ કે જે અશ્વોના ચિત્રકાર તરીકે ચીનભરમાં વિખ્યાત છે તેમના અંગત સંપર્કમાં આવ્યા છે; તથા તે ઉપરાંત ચીનના અન્ય નામાંકિત ચિત્રકારો જેવા કે ચી પાઈ શર્ (Chi Pai Shi) કે જેઓ પક્ષીઓ તથા ફૂલો ચીતરવામાં કાબેલ છે તેમના તથા વાંગ ફાંગ ચીંગ (Wang Fang Ching) જેઓ દૃશ્યચિત્રો આલેખવામાં તથા તરતી માછલીઓ ચીતરવામાં કુશળ છે તેમના અને ચાંગ ચાઉ હો (Chang Chao Ho) જે આધુનિક ચીની જીવન આલેખનાર તરીકે પ્રખ્યાત છે તેમના પણ અંગત પરિચયમાં આવીને સવિશેષ પ્રગતિ સાધી રહ્યા છે. થોડા વખત પછી તેમનો અભ્યાસ પૂર્ણ થતાં તેમને રાષ્ટ્રીય કળાશાળાની ચીની ચિત્રકળા માટેની 'ડિપ્લોમા' પદવી પ્રાપ્ત થશે.

ચીની ભાષા

(અનુસંધાન પૃ. ૧૬૮ થી ચાલુ) લગભગ ૨૦૦૦ વરસ સુધી ચીન એક મધ્યસ્થ શાસનને આધીન રહેલું હતું. ચીનમાં રાજ્યના બધા નોકરિયાતો અને અમલદારોની પરીક્ષા લેવાતી. આ પરીક્ષાપદ્ધતિને લીધે દેશના ખૂણેખૂણેથી આવતા પરીક્ષાર્થીઓને એક જ લિપિ ને ભાષા શીખવી પડતી બીજું, ચીનમાં ઘણા જૂના કાળથી મુદ્રણકળાની શોધ થયાને લીધે પુસ્તકો દ્વારા એક પ્રદેશ બીજા પ્રદેશના સંસર્ગમાં રહ્યા કર્યો અને તેથી પણ ભાષા બદલાઈ નહિ. આમ, ચીનમાં એક ભાષા લખાય છે ખરી, પણ બોલાતી નથી કારણકે પ્રાંતભેદે ભાષાના શબ્દોના ઉચ્ચારણમાં મોટો ફેર રહે છે. આથી બને છે એવું, કે એક પ્રદેશનો રહેવાસી બીજા પ્રદેશવાસી જોડે લખીને વાતચીત કરી શકે, પણ બોલીને નહિ! ચીનના પ્રસિદ્ધ ભાષાશાસ્ત્રી ડૉ. લિ ફંગ કિવના કહેવા મુજબ ચીની ભાષાની બોલીઓ મુખ્યત્વે આઠ વિભાગોમાં વહેંચાએલી છે. આ આઠ સમૂહોનાં નામ ઉત્તર મંડારિન, પૂર્વ મંડારિન, નૈઋત્ય મંડારિન, ફુકાન, હક્કા, ચિન્, ક્યાઙ્ અને કેન્ટોનીઝ છે. આમાં મંડારિનનું ક્ષેત્રફળ સૌથી વધારે છે. આ વિભાગમાં ઉત્તર ચીન, પશ્ચિમ ચીન, નૈઋત્ય ચીન અને યાંઙ્ ટિજનો થોડો વિભાગ આવે છે. કેન્ટોનીઝ, ચિન્ ને હક્કાની બોલીઓ એકબીજાથી તદ્દન ભિન્ન છે, કેમકે એ બધા સરહદી પ્રાંતો છે. બોલવા-લખવાની ભાષાના આ ભેદને લીધે આંતરપ્રાંતીય સંગઠન થઈ શકતું ન હોવાથી પ્રજાતંત્રની સ્થાપના પછી સરકારે એક જ રાષ્ટ્રીય અસ્મિતા પ્રકટાવવા માટે એક સમિતિ નીમીને એક ચોક્કસ પ્રકારની-પેકિંગ શહેરની આસપાસની-ભાષાને 'રાષ્ટ્રભાષા' તરીકે અપનાવીને તેને શિક્ષણમાં માધ્યમ તરીકે સ્થાન આપ્યું છે.

દરેક દેશમાં લોકભાષા અને લખવામાં વપરાતી ભાષામાં ફેર તો હોય જ છે; એમ ચીની ભાષા પણ આમાં અપવાદ નથી. પ્રાચીન કાળની લિખિત ચીની ભાષા તો આજે જાણી શકાય છે, પણ લોકભાષા-સામાન્ય વહેવારમાં બોલાતી ભાષા સમજી શકાતી નથી. ઇ.સ. ૧૯૧૭માં ચીનની સાહિત્ય-ક્રાંતિએ ભાષાક્ષેત્રમાં ધરમૂળનો ફેરફાર કર્યો. આ પહેલાં ચીનનું સાહિત્ય પ્રાચીનકાળથી ચાલી આવતી ભાષામાં લખાતું (આપણી સંસ્કૃતમય ગુજરાતીની જેમ); અને એથી એ લોકભોગ્ય બનતું નહિ. પણ ઈ.૧૯૧૭માં પ્રજાતંત્રની સ્થાપના પછી મિ. ચેન તુ શિઉ અને ડૉ. હુશે ભાષામાં ફેરફાર કરીને લોકભોગ્ય સાહિત્ય રચવાનું આંદોલન શરૂ કર્યું. આ આંદોલન સામે કેટલાયે વિરોધો થયા, પણ આખરે લોકો સમજી શકે એવી ભાષામાં સાહિત્ય લખાતું થયું. આ ભાષાને 'પૈ હુવા' કહે છે. આ 'પૈ હુવા'-

ભાષા લખવા માટે માણસે અક્ષરોની શોધ કરી. એ અક્ષરો એટલે અમુક અમુક ઉચ્ચાર માટે જુદી જુદી સંજ્ઞાઓ. આવી સંજ્ઞાઓ જુદી જુદી પ્રજાઓએ પોતપોતાની રીતે નિરનિરાળી યોજી. અમુક પ્રજાઓ આવી સંજ્ઞાઓ માટે પહેલાં ચિત્રો વાપરતી; અને તે અક્ષરો માટે નહિ, પણ આખા ને આખા શબ્દો માટે. ચીનની લિપિ એ આવાં ચિત્રોની બનેલી છે. એ કેમ ઉદ્ભવી તે જમણી બાજુએ ઊભા કૉલમમાં બતાવ્યું છે. શરૂઆતમાં, જે જે પદાર્થ દર્શાવવો હોય તેનાં સંજ્ઞાત્મક ઝડપી ચિત્રો આલેખાતાં. તે પછી એ ચિત્રો પીંછી વડે ઝડપથી લખાતાં લખાતાં કાલાનુક્રમે ફરતાં જઇ હાલની ચીની લિપિનું કેવું રૂપ પામ્યાં તે આની પડખેના પહેલા અને બીજા કૉલમમાં દર્શાવ્યું છે. ત્રીજા કૉલમમાં તેની સામે તે તે શબ્દોના અર્થ આપ્યા છે.



亻	田	佃	日	旦	月	明
માણસ	ખેતર	ખેડૂત	સૂર્ય	ક્ષિતિજ	ચંદ્ર	પ્રકાશ
門	閂	聞	問	囚	言	信
દ્વાર	તાળું	સાંભળ	ભિખારી	કેદી	શબ્દ	સચ્ચાઈ
女	好	家	嫁	安	子	木
સ્ત્રી	સારું	ઘર	લગ્ન	શાંતિ	બાળક	ઝાડ

ઉપરના ચિત્રમાં ચીનની લિપિના થોડા શબ્દો આપેલા છે. અમુક શબ્દોને માટે તો મૂળ સ્વતંત્ર સંજ્ઞાઓ જ છે; અને બીજા શબ્દો એવી બેત્રણ સંજ્ઞાઓ ભેગી કરીને યોજાએલા છે. ઉપલા ચિત્રમાં એનાં ઉદાહરણ છે. દાખલા તરીકે 'ખેતર'ની સંજ્ઞાને પડખે 'માણસ' ચીતર્યો એટલે એ 'ખેડૂત' થયો. 'સૂર્ય' અને 'ચન્દ્ર' એ બંનેને સાથે ચીતર્યા એટલે 'પ્રકાશ' શબ્દ બન્યો. 'બારણા'પાસે 'કાન'નું ચિત્ર મૂકીને 'સાંભળવું' શબ્દ યોજ્યો; અને બારણા પાસે 'મોં' ચીતરીને 'ભિખારી' કલ્પ્યો. 'મોં'માંથી 'હવા' નીકળતી બતાવીને 'શબ્દ' ઠરાવ્યો અને 'માણસ' તથા 'શબ્દ'નાં ચિત્રોને જોડાજોડ મૂકીને 'સત્ય' શબ્દ યોજ્યો,–એવું દર્શાવવા કે માણસના મોંમાંથી પડતો શબ્દ સત્ય જ હોવો જોઇએ. 'સ્ત્રી' અને 'બાળક'નાં ચિત્રો ભેગાં કરીને 'શુભ' શબ્દ યોજ્યો. 'છાપરા' તળે 'ડુક્કર'(ખોરાકનું સૂચક) ચીતરીને 'ઘર' ઠરાવ્યું; અને 'છાપરા' નીચે 'સ્ત્રી' તથા 'ડુક્કર' ચીતર્યાં એટલે 'લગ્ન' થયું. ઘરનું 'છાપરું' ને 'સ્ત્રી' એ બે મળે એટલે 'શાંતિ'. ચીની ભાષામાં આવાં કુલ ૫૦,૦૦૦ શબ્દચિત્રો છે. પણ સામાન્ય વપરાશમાં તો ૪,૦૦૦ જ છે; ૧૫૦૦થી પણ ચલાવાય છે.

ની પહેલાં સાહિત્ય 'વન યન' (સાહિત્યિક) ભાષામાં લખાતું હતું. 'પૈ હ્વા' જનસાધારણ ભાષા છે. એમાં પ્રચલિત શબ્દો આવતા હોવાથી તે સરળ અને સુગમ્ય છે. આમ, આજે જોકે ચીનનું નવું સાહિત્ય 'પૈ હ્વા' લખાય છે; છતાં 'વન યન'નો નાશ થયો નથી. હજી પણ સમાચારપત્રો, ગંભીર લેખો વગેરે 'વન યન'માં જ લખાય છે.

ઉપર કહ્યું તેમ ચીની ભાષામાં એકએક અક્ષર એકએક શબ્દનો સંકેત છે; તો એક પ્રશ્ન થાય છે કે પરદેશી ભાષાઓમાંથી આવતા નવાનવા શબ્દો માટે નવા સંકેતો રચાતા હશે? ના; નવા સંકેતો રચાતા નથી. પરદેશી ભાષામાંથી બનતા નવા શબ્દોને જૂના શબ્દો સાથે કાંઇ ને કાંઇ સંબંધ હોય છે. આ સંબંધને ચીની વિદ્વાનો સમજી લઇને તે વડે નવો શબ્દ-સંકેત બનાવે છે. ચીની ભાષામાં એક અક્ષર જોડે બીજો અક્ષર મળતાં નવો શબ્દ ઊભો થાય છે. આ નિયમને અનુસરીને નવા શબ્દો રચાય છે. દાખલા તરીકે–

અંગ્રેજી	ચીની	અર્થ
રેલવે	થિએં લુ	થિએં=લોખંડ; લુ=રસ્તો; લોખંડનો રસ્તો
ટેલીફોન	તિએન હ્વા	તિએન=વીજળી, હ્વા=વાત, વીજળીની વાતચીત.
કૉમ્યુનીઝમ	કુંગ ચ્યાન ચુઇ	કુંગ=વહેંચણી, ચ્યાન=સંપત્તિ, ચુઇ=સિદ્ધાંત. સંપત્તિની વહેંચણીનો સિદ્ધાંત.

આમ, પ્રચલિત શબ્દોને જોડી દઇને વિદેશી શબ્દના અર્થનો નવો શબ્દ બનાવાય છે. ચીની શબ્દ સાંભળતાં જ (જો એનો અર્થ આપણે જાણતા હોઇએ તો) એનો અર્થ સમજાઇ જાય છે. 'ટેલીફોન' જોયા વિના આપણે ટેલીફોનને સમજી શકતા નથી, પણ ચીનમાં 'તિએન હ્વા' સાંભળતાં જ વીજળી અને વાત એવો અર્થ લોકોને સમજાઇ જાય છે. ચીનમાં પરદેશી વ્યક્તિઓનાં નામ બે રીતે બોલાય છે. એક તો નામના શબ્દોનો ચીની ભાષામાં અનુવાદ કરીને. દાખલા તરીકે 'રામસિંહ'ને ચીની લોકો 'શ શિએન' તરીકે ઓળખશે. શ=સિંહ અને શિએન=ભગવાન, રામ. બીજી એક રીત ઉચ્ચારસામ્ય ધરાવતા ચીની શબ્દો મૂકીને નામ બોલવાની છે. આ રીત પ્રમાણે ચીનમાં ગાંધીજીને 'કાન તિ' કહે છે. 'કાન તિ' શબ્દનો ઉચ્ચાર 'ગાંધી' શબ્દના ઉચ્ચાર જોડે કેવો મળતો આવે છે! (આવી જ રીતે ચર્ચિલ 'છ્યુ ચિ અર', રૂઝવેલ્ટ 'લો સિ ફુ', એવા નામથી બોલાય છે.) આ જાતનાં નામો અર્થ જોડે કંઇપણ સબંધ ધરાવતાં નથી. 'કાન તિ' અર્થ તો 'મીઠી જમીન' થાય છે.

ચીની ભાષાના કોષમાં ૫૦ હજાર સંકેતોની ચર્ચા છે. પણ રોજિંદા વ્યવહારમાં તો માત્ર એક હજાર શબ્દો જ વપરાય છે; બાકીના શબ્દો તો શોભાના જ. કૉલેજમાંથી પાસ થયેલો હોશિયાર વિદ્યાર્થી પણ ત્રણચાર હજાર શબ્દો જ જાણતો હોય છે. દસ હજાર શબ્દો જાણનાર તો આંગળીને વેઢે ગણી શકાય એટલા હશે. ત્યાંનાં છાપખાનાંઓમાં પણ ૭ થી ૮ હજાર શબ્દોના ટાઈપ હોય છે.


ચીન આવડો મોટો દેશ હોવા છતાં એક જ ભાષા ધરાવે છે, એ અદ્ભુત વાત છે. અને આ એક ભાષાએ જ ચીનના સંગઠન અને સાંસ્કૃતિક ઐક્યમાં ખૂબ ફાળો આપ્યો છે. **નિરંજન ત્રિપાઠી**

(ચીનમાં અધ્યાપક તરીકે રહેલા કૃષ્ણકિંકર સિંહના હિંદી લેખ પરથી)

માનવ-સંહાર અને સુખસગવડ બંનેમાં વપરાતાં હેલોજન કુટુંબનાં મૂળતત્ત્વો

ક્લોરીન બ્રોમીન ફ્લોરીન આયોડીન

રોજિંદા જીવનમાં વિજ્ઞાન--૧૬



ક્લોરીન બનાવવા માટેનો 'નેલ્સનસેલ'

લેખક· ડૉ. નરસિંહ મૂ. શાહ; એમ. એસસી., પીએચ. ડી.

આ આખું વિશ્વ મૂળમાં ૯૨ મૂળતત્ત્વોનું બનેલું છે, એ વાત તો ઘણા જાણતા હશે. જોકે આ સર્વ મૂળતત્ત્વો તેમના ગુણધર્મમાં એકબીજાથી ઘણાં જુદાં પડે છે. પણ કેટલાંક મૂળતત્ત્વો ઘણી બાબતમાં એકબીજા સાથે મળતાં પણ આવે છે. વિજ્ઞાનીઓએ એવાં સમાનધર્મી મૂળતત્ત્વોનો એકએક વિભાગ કરી તે દરેક વિભાગને કુટુંબ(Family) એવું નામ આપ્યું છે આ દરેક કુટુંબનો કોઈ વિશેષ સમાન ગુણ હોય છે. આવાં કુટુંબોમાં હેલોજન-કુટુંબ તેના ઉગ્ર સ્વભાવ માટે જાણીતું છે. હેલોજન શબ્દ મૂળ ગ્રીક શબ્દ હલ્સ પરથી આવ્યો છે, જેનો અર્થ થાય છે ક્ષાર. હેલોજન એટલે ક્ષાર પેદા કરનાર. હેલોજન કુટુંબના ચાર સભ્યો છેઃ ફ્લોરીન, ક્લોરીન, બ્રોમીન ને આયોડીન; અને એ ચારેય સંયુક્ત અવસ્થામાં ક્ષાર પેદા કરતા હોવાથી તેઓ એ નામે ઓળખાય છે.

ક્લોરીન

ક્લોરીનનું નિરાળું અસ્તિત્વ ઈ. ૧૭૭૪માં શીલે નામના સ્વીડનના રાસાયનિકે પુરવાર કર્યું. ત્યાર પછી પણ લાંબા સમય સુધી એમ મનાતું કે ક્લોરીન ઑક્સિજનસંયોજિત એક પદાર્થ છે; પરંતુ ડેવી નામના વૈજ્ઞાનિકે સિદ્ધ કર્યું કે ક્લોરીન એક મૂળતત્ત્વ છે.

ક્લોરીન સ્વતંત્ર અવસ્થામાં મળતો નથી, પણ સંયુક્ત અવસ્થામાં જ મળે છે,જે ક્લોરાઇડ તરીકે ઓળખાય છે. આ ક્લોરાઇડો પૈકી કેટલાક ખનીજ પદાર્થો તરીકે ખૂબ પ્રમાણમાં મળી આવે છે. તેમાં ખાસ કરીને મીઠું(સોડિયમ ક્લોરાઈડ) અગ્ર ભાગે આવે છે; કારણ દરિયાના પાણી ઉપરાંત ઘણી જગ્યાએ જમીનના નીચલા પડોમાંથી પણ તે મોટા પ્રમાણમાં નીકળે છે. આથી ક્લોરીનની બનાવટ માટે મુખ્યત્વે મીઠાનો જ ઉપયોગ થાય છે.

મીઠામાંથી ક્લોરીન બનાવવાની સાદી રીત એ છે કે મીઠાને મૅન્ગેનીઝ ડાયોક્સાઇડ અને સલ્ફ્યુરિક ઍસિડ સાથે મેળવી ગરમ કરવાથી તેમાંથી ક્લોરીન વાયુ છૂટો પડે છે. પરંતુ મોટા પાયા પર ક્લોરીન બનાવવો હોય તો આ રીત ઉપયોગમાં લેવાતી નથી. તેને માટે તો મીઠાના દ્રાવણમાં વીજળી પસાર કરવામાં આવે છે. જેથી તેમાંથી ક્લોરીન તરત છૂટો પડે છે. આ ક્રિયા માટે જુદીજુદી જાતના વીજળિક સેલ(વિદ્યુત્ઘટ) યોજવામાં આવ્યા છે, તે પૈકી 'નેલ્સન સેલ' તરીકે ઓળખાતો વિદ્યુત્ઘટ ચિત્રમાં દર્શાવ્યો છે. અમદાવાદની કૅલિકો મિલમાં હૂકર સેલનો ઉપયોગ કરવામાં આવે છે. આજે તો જ્યાં સસ્તી વીજળી પ્રાપ્ય હોય ત્યાં આ વીજળિક રીત ખૂબ પ્રચલિત થઈ છે. આ ઉપરાંત હાઇડ્રોક્લોરિક ઍસિડમાંથી ક્લોરીન બનાવવાની બે રીતો પ્રચલિત છેઃ એક 'ડિકન્સ રીત' અને બીજી 'વેલ્ડનની રીત'. પરંતુ વીજળિક રીત અસ્તિત્વમાં આવ્યા પછી તે રીતો લગભગ નકામી થઈ ગઇ છે.

ક્લોરીન આછા લીલા રંગનો વાયુ છે. ક્લોરીનનો અર્થ જ ગ્રીક ભાષામાં આછો લીલો થાય છે ને તે ઉપરથી જ તેનું ક્લોરીન નામ પાડવામાં આવ્યું છે.તેને સહેલાઇથી પ્રવાહી બનાવી શકાય છે.આથી એક જગ્યાએથી બીજી જગ્યાએ મોકલતી વેળા તેને પ્રવાહી સ્વરૂપ અપાય છે. થોડાં વર્ષો પૂર્વે વાયુ સંઘરવાની મુશ્કેલીને લીધે ક્લોરીનને ચૂના સાથે સંયોજી બ્લીચિંગ પાઉડર બનાવી લેવામાં આવતો. ક્લોરીન પાણીમાં થોડે અંશે દ્રાવ્ય છે. આ ક્લોરીનપાણી પણ બ્લીચિંગમાં ક્લોરીનના જેવું જ કામ આપે છે.

ક્લોરીનનો મોટો ભાગ બ્લીચિંગ પદાર્થોની બનાવટમાં વપરાય છે. કાગળ અને તેનો માવો બનાવવાના કાર્યમાં તેમજ કાપડના ઉદ્યોગમાં પણ કપડું સફેદ બનાવવા માટે તે ખૂબ ઉપયોગમાં આવે છે. વળી ક્લોરીન જંતુવિનાશક પણ છે. આથી મોટા શહેરના પાણીનો પૂરવઠો જંતુવિહીન કરવા માટે મ્યુનિસિપલ વૉટર વર્કસમાં તેનો ઉપયોગ પાણીના શુદ્ધિકરણ માટે કરવામાં આવે છે. ક્લોરીન પેટ્રોલિયમના શુદ્ધિકરણમાં પણ વપરાય છે. એ ઉપરાંત તેનો ઉપયોગ ક્લોરેઇટોની બનાવટમાં પણ સારા પ્રમાણમાં થાય છે, જેમાંનો પોટાશિયમ ક્લોરેઇટ (પોટાશ) દીવાસળીની બનાવટમાં વપરાય છે.

ક્લોરીનનો ઉદ્યોગોમાં ઉપયોગ



યુદ્ધમાં વપરાતા ઝેરી વાયુઓની બનાવટમાં બીજા પદાર્થોની સાથે ક્લોરીનનો ઉપયોગ કરવામાં આવે છે. છેલ્લાં બે વિશ્વયુદ્ધોમાં એ ઝેરી વાયુઓનો ઉપયોગ થયો હતો. તોફાની ટોળાંને વિખેરવા જે ટીઅરગૅસનો ઉપયોગ કરવામાં આવે છે, તેમાં પણ ક્લોરીનના ૪ સંયુક્ત પદાર્થો હોય છે. પણ તે પદાર્થો ઝેરી વાયુઓ જેટલા ભયંકર હોતા નથી; તે કેવળ આંસુ લાવે છે અને ચામડી પર થોડી બળતરા પેદા કરે છે.

ક્લોરીન વાયુ એકદમ ઉગ્ર વાસવાળો અને દુર્ગંધી ભરેલો છે. તે ગળા યા નાકમાં જાય તો અતિશય જલદ અસર કરે છે અને બળતરા થવા લાગે છે. પરંતુ જો શરદી થઇ હોય તો અતિ જૂજ પ્રમાણમાં સૂંઘવાથી શરદીનાં જંતુઓનો નાશ થાય છે. ક્લોરીનની માણસ પર થએલી અસર દારૂ યા ઍમોનિયા સુંઘાડીને નાબૂદ કરી શકાય છે.

બ્રોમીન

બ્રોમીન શબ્દ મૂળ ગ્રીક ભાષાના 'બ્રોમોસ' ઉપરથી આવેલો છે. બ્રોમોસ એટલે દુર્ગંધ યા ગંધાતો પદાર્થ. બ્રોમીનની ખરાબ ગંધને લીધે તેનું એ નામ રાખવામાં આવ્યું છે. ૧૮૨૬માં આ બ્રોમીનના મૂળતત્ત્વની શોધ બેલાર્ડે કરી હતી. સમુદ્રના પાણીમાંથી મીઠું કાઢી લીધા પછી જે પ્રવાહી રહે છે (જે બીટર્ન્સ કહેવાય છે) તેમાં બીજા પદાર્થોની સાથે અતિ અલ્પ પ્રમાણમાં બ્રોમીનના ક્ષાર હોય છે. તેવા એક લાખ ભાગ પ્રવાહીમાં માત્ર સાત ભાગ જેટલો જ બ્રોમીન હોય છે. છતાં તેમાંથી બ્રોમીન કાઢવાનું પરવડે છે. બીટર્ન્સને

ઉકાળીને તેના કાઢામાં મૅંગેનીઝ ડાયૉક્સાઈડ અને સલ્ફ્યુરિક ઍસિડ ઉમેરવાથી રાતો વાયુ છૂટે છે, જેને ઠંડા કરવાથી બ્રોમીનનો રાતો ભૂરો પ્રવાહી એકઠો થાય છે. આ પ્રક્રિયા ક્લોરીનની સાથે તેની સામ્યતા સૂચવે છે;અને બ્રોમીનનો વિશેષ અભ્યાસ કરવાથી પુરવાર થયું કે તેના ગુણધર્મ ક્લોરીનને ઘણા મળતા આવે છે અને તેથી જ તેનો સમાવેશ હેલોજન કુળમાં કરવામાં આવ્યો છે.

મોટા પાયા પર બ્રોમીન બનાવવા માટે પણ ઉપર દર્શાવેલી રીત વપરાય છે. પરંતુ હવે તેમાં મૅંગેનીઝ ડાયોક્સાઈડને બદલે સોડિયમ ક્લોરેટ ઉમેરવામાં આવે છે. બીટર્ન્સ, ક્લોરેટ અને સલ્ફ્યુરિક ઍસિડના મિશ્રણમાંથી વરાળ પસાર કરવામાં આવે છે. એટલે બ્રોમીન વાયુ રૂપે નીકળે છે. આ વરાળયુક્ત વાયુને ઠંડો પાડવાથી પ્રવાહી બે ભાગમાં જુદું પડી જાય છે. ઉપરના ભાગમાં બ્રોમીનનું પાણી રહે છે અને નીચે કાળા રાતા પ્રવાહી રૂપે બ્રોમીન.

આ સિવાય બીજી પણ એક રીત પ્રચલિત છે. મીઠું કાઢી લીધા પછી રહેલા દરિયાના પાણી(બીટર્ન્સ)માં ક્લોરીન વાયુ છોડવામાં આવે છે. ક્લોરીન વિશેષ પ્રક્રિયાશીલ હોવાથી બ્રોમીનને સંયોજનમાંથી છૂટો પાડે છે. પછી એ પ્રવાહીને ગરમ કરવાથી બ્રોમીન વાયુ રૂપે નીકળે છે, જે ઠંડો કરી ભેગો કરવામાં આવે છે. પણ હવે વીજળીના વપરાશના આ યુગમાં એક નવી રીત યોજવામાં આવી છે.બ્રોમીનવાળા મીઠાના પાણીમાં વીજળીનો પ્રવાહ પસાર કરવાથી પહેલાં બ્રોમીન નીકળે છે; અને તે નીકળવો બંધ થયા પછી ક્લોરીન વાયુ નીકળવાની શરૂઆત થાય છે.

આ રીતે તૈયાર થએલો બ્રોમીન અશુદ્ધ હોય છે, જેનું કાળજીપૂર્વક આસવ દ્વારા શુદ્ધીકરણ થઇ શકે છે. અશુદ્ધ બ્રોમીન વાયુને લોહના ભૂકા પર પસાર કરવાથી તેમાંનો ક્લોરીન નીકળી જાય છે.

બ્રોમીનના ક્ષાર બ્રોમાઇડ કહેવાય છે. આપણા જીવનમાં તે ઉપયોગી ભાગ ભજવે છે. પોટાશિયમ બ્રોમાઈડ ક્ષાર ખાસ કરીને ફોટોગ્રાફીમાં વપરાય છે. ઔષધ તરીકે પણ તેનો ઉપયોગ થાય છે. બીજા કેટલાક બ્રોમાઇડ પણ ઉપયોગી પદાર્થ છે. ફોટોગ્રાફીમાં વપરાતી ફિલ્મ ને પ્લેઇટોની બનાવટમાં સિલ્વર બ્રોમાઇડ વપરાય છે. બ્રોમીનને કૉસ્ટિક સોડા યા પોટાશના દ્રાવણમાં પસાર કરવાથી સોડિયમ યા પોટાશિયમ બ્રોમાઈડ બને છે. આ ક્રિયા જો ગરમ દ્રાવણમાં કરવામાં આવે તો બ્રોમાઈડની સાથોસાથ બ્રોમેઈટ પણ ઉત્પન્ન થાય છે. બ્રોમાઇડ-બ્રોમેઇટના મિશ્રણમાં તેજાબ નાખવાથી બ્રોમીન નીકળે છે. ક્લોરીનની માફક બ્રોમીન પણ જંતુવિનાશક છે. પણ તેનામાં ક્લોરીન જેટલી રંગ ઉડાડી દેવાની શક્તિ નથી. બ્રોમીનવાળી હવા ઝેરી અને જલદ અસર કરનારી છે. બ્રોમીન વાપરવામાં ખૂબ જ કાળજી રાખવી આવશ્યક છે. જો ચામડી પર તે પડે તો તેને માટે જીવલેણ નીવડે છે, અને એ જખમ સહેલાઇથી રૂઝાતો નથી. જો એવો કોઇ અકસ્માત થાય તો તુરત એ ભાગને દારૂ યા પૅટ્રોલથી સારી રીતે ધોઈ નાખી વેસેલીન ચોપડી દેવું. જો બ્રોમીનની ભેજ હવા ચામડીને સ્પર્શી ગઇ હોય તો તેને ખૂબ પાણીથી ધોઇ નાખી સોડાના પાણીથી સાફ કરવી અને વેસેલીન ચોપડવું.

જર્મની અને અમેરિકામાં બ્રોમીનનું ઉત્પાદન ઘણા સારા પ્રમાણમાં ચાલે છે. આપણા દેશમાં તો માત્ર છેલ્લાં ૧૦ વર્ષથી બ્રોમીન બનાવવાનું શરૂ થયું છે. તેવું એક કારખાનું ખારાઘોડાના અગરમાં આવેલું છે અને બીજું મીઠાપુરમાં તાતા કંપનીનું ચાલે છે. બંને ઠેકાણે દરિયાના પાણીમાંથી જ તે બનાવાય છે.

બનાવટી રંગો તૈયાર કરવા માટે આવશ્યક એવા વચલા પદાર્થોની બનાવટમાં બ્રોમીનનો ખૂબ ઉપયોગ થાય છે. તે ઉપરાંત મર્ક્યુરોક્રોમ અને એવી બીજી દવાઓની બનાવટમાં પણ બ્રોમીનની જરૂર પડે છે. મોટરમાં વપરાતા પેટ્રોલમાં નાખવામાં આવતું લેડટેટ્રાઇથાઈલ બનાવવા માટે પણ બ્રોમીન જરૂરી છે. બનાવટી કાર્બનિક પદાર્થોના સંશ્લેષીકરણમાં બ્રોમીનનો ઉપયોગ કરવામાં આવે છે. બ્રોમીનયુક્ત કેટલાય કાર્બનિક પદાર્થો યુદ્ધમાં ઝેરી વાયુઓ તરીકે વપરાય છે. તેમાં બેન્ઝીલ બ્રોમાઈડ નામનો પદાર્થ આંખમાં આંસુ લાવે છે, જ્યારે કેટલાક બીજા બ્રોમાઇડો ફક્ત છીંકો લાવે છે. આથી વિશેષ જલદ પદાર્થો ચામડી પર ફોલ્લા પેદા કરે છે, અને સૌથી વિશેષ જલદ પદાર્થો ઝેરી હોવાથી મૃત્યુ નિપજાવે છે.

ફ્લોરીન

ફ્લોરીન હેલોજન કુળનો પ્રથમ સભ્ય ગણાયો હોઈ ખૂબ ચંચળ એટલેકે પ્રક્રિયાશીલ છે. આથી તેની સંયુક્ત અવસ્થામાં ફ્લોરીનને છૂટો પાડવાનું કાર્ય રસાયનશાસ્ત્રનો એક કોયડો હતો. પણ ૧૮૮૬માં ફ્રેંચ વિજ્ઞાની મોઈસાં(Moissan)એ તે કાર્ય સફળ પાર ઉતાર્યું.

ફ્લોરીન સંયુક્ત અવસ્થામાં જ કુદરતમાં મળી આવે છે. તેના ખાસ અગત્યના ખનીજો ફ્લોરાઇટ અને ક્રાયોલાઈટ છે. આપણાં હાડકાંઓમાં—ખાસ કરીને દાંતમાં અતિ અલ્પ પ્રમાણમાં તે સંયુક્ત અવસ્થામાં મળી આવે છે. ધાતુઓના સંશોધનમાં ફ્લોરાઈટ લાંબા વખતથી ધાતુઓમાંની અશુદ્ધિ દૂર કરનાર-ફ્લક્સ તરીકે વપરાતો આવ્યો છે. અશુદ્ધિઓ સાથે મળી જઈ ધાતુના ભાગમાંથી તે ભઠ્ઠીમાં પ્રવાહી રૂપે જુદો પડી જાય છે. લૅટિન ભાષામાં ફ્લ્યુઓ એટલે વહેવું એવો અર્થ થાય છે. એ પરથી તેનું નામ ફ્લોરાઇટ પાડવામાં આવ્યું છે. એ જ પ્રમાણે ક્રાયોલાઇટ ઍલ્યુમીનિયમના ખનીજમાંથી એ ધાતુ કાઢવા માટે વપરાય છે.

આ ખનીજો—ફ્લોરાઇટ અને ક્રાયોલાઇટ—માંથી ફ્લોરીન વાયુ વીજળીની મદદ વડે જુદો પાડવામાં આવે છે. ફ્લોરીન ક્લોરીન જેવો જ વાયુ છે, પણ તેનો રંગ એકદમ આછો છે. તેને ક્લોરીનની માફક સહેલાઇથી પ્રવાહી બનાવી શકાતો નથી. તે એવો તો પ્રક્રિયાશીલ છે કે લગભગ દરેક મૂળતત્ત્વ સાથે સંયોજન પામે છે. આ ક્રિયા ખૂબ ઉગ્ર હોવાથી ખૂબ ગરમી પેદા થાય છે. પાણી સાથે તેને મેળવવાથી પાણીનું પણ વિઘટન થાય છે.

ફ્લોરીનયુક્ત હાઇડ્રો ફ્લોરિક ઍસિડ ઉદ્યોગમાં ખૂબ ઉપયોગી છે. પથ્થરોને સાફ કરવા તથા કાચ પર કોતરકામ કરવા(etch) વપરાતો આ ઍસિડ ખૂબ નુકશાનકારક છે. તેની સાથે કામ કરતાં ખૂબ સાવચેતી રાખવી. તેને લગતી વધુ માહિતી આ લેખમાળાના ત્રીજા હપ્તામાં આવી ગઈ છે.

હેલોજન કુટુંબના ચોથા તત્ત્વ આયોડિન વિષેની માહિતી કુમારના ૨૭૬મા અંકમાં આવી ગઇ છે.

આ ઉપરથી દેખાઈ આવશે કે હેલોજન તત્ત્વો એ બે મોઢાવાળા રાક્ષસ જેવા છે. જીવન અને કલા જેવા સર્જનાત્મક કાર્યોમાં પણ તેમનો ઉપયોગ થઇ શકે છે અને યુદ્ધ જેવા સંહારાત્મક કાર્યમાં પણ તે વાપરી શકાય છે. કુદરતના બળોને માનવીએ પોતાના ઉપયોગ માટે તાબે તો કર્યા છે. પણ તે બળો માનવીના ભલા માટે જ વપરાય એ ઈષ્ટ છે. પરંતુ સત્તાલોભી રાજપુરૂષો તેનો ઉપયોગ પોતાની સામ્રાજ્યલાલસા સંતોષવા માટે કરે છે. અને તેથી બાપડું વિજ્ઞાન વગોવાય છે. હેલોજન તત્ત્વોના શોધકોએ તો સ્વપ્ને પણ નહીં ધાર્યું હોય કે તેમની શોધ માનવીના સંહાર માટે ઉપયોગમાં લેવાશે. તેઓનો હેતુ તો શુદ્ધ સંશોધનનો જ હતો, સાચા વિજ્ઞાનીઓએ તો કદી પણ સંહારવૃત્તિ પોષી નથી.

Our Friends Abroad

[આ પત્ર મેળવનારઃ કૈલાસરાય મણિલાલ ત્રિવેદી, દિલ્હી દરવાજા બહાર, ૬૬૦Λ ૨/૩ કૃષ્ણકુંજ, અમદાવાદ]

Theo Kittel
22a Neuss/Rhl.
Kaarster Str. 103, Nordrnhein proviz
Brit. Zone (Germany)
7th April 1948

મારા પ્યારા હિંદી મિત્ર,

હમણાં જ ઇસ્ટરના દિવસો પસાર થઇ ગયા. સૂર્ય ઝળાંહળાં પ્રકાશી રહ્યો છે અને નિરાશ હૈયાંને નવું જોમ અર્પી રહ્યો છે. હું તાજો જ એક હઠીલી માંદગીમાંથી ઊઠયો છું અને હવે કંઈક ઠીક લાગતાં, મને સલામતરીતે મળેલા તમારા અતિ સુંદર અને રસપ્રદ પત્ર માટે આભાર માનવાની તક લઉં છું. એ પત્રે મને જે આનંદ આપ્યો તે ખરેખર અવર્ણનીય છે. અલબત્ત, હું તમારો મિત્ર બનીને તમારી સાથે પત્રવ્યવહાર જાળવી રાખીશ. હિંદીઓ પ્રત્યે હું ઘણી ઊંડી અને ઊંચી લાગણીઓ ધરાવું છું અને મને તો ખાતરી છે કે આપણે અચ્છા દોસ્તો બની રહીશું.

હું જ્યાં રહું છું તે ન્યુસ(Neuss) ગામ કોલસા અને અનાજ વચ્ચે આવેલું ગામ કહેવાય છે, કેમકે ગામની ડાબી બાજુએ (ઉત્તરે) રૂહરનો જંગી કોલસા-ખાણનો વિસ્તાર આવેલો છે, જેમાં ડૉઈસબર્ગ, ઑબરહૉસન, રેકિંલગહૉસન, એસન, બૉખમ, મુલહાઇમ, ડૉર્મંડ વગેરે જાણીતાં ખાણોવાળાં શહેરો આવેલાં છે. એ વિસ્તારમાં પિટ-કોલ અને બ્રાઉન-કોલ એટલા તો મબલખ પ્રમાણમાં નીકળે છે કે તેનો બધો કોલસો ખલાસ થતાં હજી ૨૫૦ વર્ષ લાગશે ! ઘણી વખત હું એ ખાણોના વિસ્તારમાંથી નીકળું છું અને મજૂરોને જર્મનીનું એ કાળું સોનું કાઢતાં જોઉં છું. બે વર્ષ પહેલાં આવી એક ખાણમાં ઊતરવાની મને તક મળેલી. લગભગ ૫૦૦૦ ફૂટ ઊંડે જ્યાં ખાણીઆઓ ખોદતા હતા ત્યાં એક મોટા પારણામાં બેસીને હું પહોંચેલો. ત્યાં હવાના દબાણ(કૉમ્પ્રેસ્ડ એર)થી ચાલતા યાંત્રિક હથોડા વડે પિટ-કોલ ખોદવામાં આવતો હતો. દરેક ખાણમાં સલામતી રાખનારા ખાસ મનુષ્યો(Satety-men) પણ હોય છે. તેઓ પમ્પને બરાબર કાર્યરત રાખે છે, શ્વાસોચ્છ્વાસ માટેની હવા(Ventilation)ની આવજા નિયંત્રિત કરનારાં યંત્રોને ઊંચી ઝડપે ચલાવે છે, ખાણમાં પારણાંને ઉપરનીચે લઇ જતાં દોરડાંને તપાસ્યા કરે છે અને ખોદવાનાં યંત્રો તદ્દન ખામી રહિત છે કે નહિ તેની ચોકસી કરતા રહે છે.

ખાણીઆઓનું કામ ઘણું જોખમકારક અને કષ્ટદાયક હોવાથી થોડા વખત પહેલાં તેમના લાભ માટે એક 'ગુણ-પદ્ધતિ'(Point system) શરૂ કરવામાં આવી છે. આ પદ્ધતિમાં પ્રત્યેક મજૂરને તેની કાર્યશક્તિના પ્રમાણમાં કૂપનો આપવામાં આવે છે, જેના વડે તે પોતાની જરૂરિયાતની વસ્તુઓ ખરીદી શકે છે. આજે તો મોટાભાગનો કોલસો પરદેશ ચડાવી દેવામાં આવે છે અને બીજી બાજુ કોલસાનો દેશ ગણાતું અમારું જર્મની ટાઢે ઠરી રહ્યું છે ! કોલસાની વહેંચણીનો છેલ્લો હપ્તો (કવોટા) અમને ૧૯૪૭ના ઑકટોબરમાં મળેલો: માણસ દીઠ ફક્ત અડધો હંડ્રવેટ (દોઢ મણ) ! પણ ઢળ્યાં દૂધ પર આંસુ સાર્યે હવે શો ફાયદો ?

તમારા રાષ્ટ્રપિતાના મૃત્યુનું તમે કરેલું વર્ણન અત્યંત ચોટદાર હતું, કારણ જેમનું ઘાતકીરીતે ખૂન થયું તે સ્વ. ગાંધી અમારે માટે કાંઈ સાવ અજાણી વ્યક્તિ નહોતા. આખી પ્રજા તેમને પિતા તરીકે ચાહતી હોવી જોઇએ એમ જે અમે હંમેશ ધારતા તેને તમારા લખાણથી સમર્થન મળ્યું છે. અમે જર્મનોએ પણ તેમના ઓચિંતા મૃત્યુથી દુઃખદ આઘાત અનુભવેલો, કારણ અમે એ સમજી શકતા હતા કે એમનો સ્વભાવ હંમેશ લડત આપવા તૈયાર હોવા છતાં ઘણો શાંતિપ્રિય પણ હતો. અહીંની એક ફિલ્મના ન્યૂઝરીલમાં મેં તેમના દેહને શહેરની શેરીઓમાંથી લઇ જવામાં આવતું તેમનું અંતિમ ચિત્ર જોયું, જેમાં તેઓ જાણે પોતાના પ્યારા દેશબંધુઓની છેલ્લી વિદાય લેતા હોય એમ લાગતું હતું.

પ્યારા દોસ્ત, જર્મની વિષે તમારે ઘણીઘણી વાતો સાંભળવી છે; પણ અમારા આ દેશ પર જે મોટું દુર્ભાગ્ય આવી પડયું છે તેની તમને કલ્પના પણ નહિ આવી શકે. અને પોતાના દેશને ચાહનારા લોકો તરફથી તે દુઃખને શબ્દમાં વ્યક્ત થવું પણ અશક્ય છે. જર્મનીનો સર્વ વૈભવ 'પશ્ચિમમાં ચાલ્યો ગયો' છે. સાઇલેસિયા (રૂહર પછી બીજા નંબરનો કોલસાની ખાણનો પ્રદેશ), પોમેરેનિયા, અને પૂર્વ પ્રશિયા એ ત્રણ શ્રેષ્ઠ પ્રાંતો પોલિશલોકો અને રશિયનોએ પચાવી પાડયા છે. અને ત્યાંના લોકો સાથે ભૂંડી ક્રૂરતા ચલાવીને તથા તેમને સંપૂર્ણ રીતે લૂંટી લીધા પછી જ તેમને સ્થળાંતર કરવા દેવામાં આવ્યા છે.



અગાઉના જર્મન 'રીશ' આગળ તો 'લોખંડી પડદો' પડેલો છે;— એટલે કે ત્યાંથી રશિયન હકૂમતના વિભાગની સરહદ શરૂ થાય છે. પાસપોર્ટ વગરનો કોઈપણ જર્મન હેરાન થયા વગર તે સરહદને પસાર કરી શકતો નથી. રશિયન વિભાગમાં ફક્ત એક જ પક્ષ છે SED (સોશિયલ યુનિયનિસ્ટ પાર્ટી). સોશિયલ ડેમોક્રૅટ્સ અને કૉમ્યુનિસ્ટ એ બંને પક્ષને કૉમ્યુનિસ્ટોની નેતાગીરી હેઠળ રશિયનોએ જ ભેગા કરીને આ નવો પક્ષ સ્થાપ્યો છે. જર્મનીના બાકીના ત્રણ ભાગ કે જેના પર ટોમીઝ (અંગ્રેજો), યાન્કીઝ (અમેરિકનો) અને પોઇલઝ(ફ્રેન્ચો)ની કબજાગીરી છે, ત્યાં ક્રિશ્ચન ડેમોક્રેટ અને સોશિયલ ડેમોક્રેટ એવા પક્ષો છે. પરંતુ ત્યાં પણ એ પક્ષોને કબજાગીરીવાળાં રાષ્ટ્રોને વશવર્તીને રહેવું પડે છે. આમ, લોકશાસનનો એ કેવળ દેખાવ જ છે, સાચું લોકશાસન કયાંયે નથી.

આજે અમારો દેશ તદ્દન ખલાસ થઈ ગયો છે. આર્થિક તંત્ર સાવ તૂટી પડયું છે. જીવનને અત્યંત આવશ્યક એવી જરૂરી વસ્તુઓની પણ તંગી છે. અરે, તમને એક ટાંકણી સરખી પણ વેચાતી ન મળે. ન મળે કાપડ, ન મળે જોડા કે ન મળે કપડા ધોવાનો સાબૂનો ભૂકો. માત્ર થોડીક ખાદ્ય વસ્તુઓ અમને રેશનકાર્ડ પર મળી શકે છે. માખણ, ચરબી કે માંસ તો અમારે માટે કેવળ કલ્પનાની વસ્તુઓ

સંસારનાં શહેરો


૬૪—તીર્થરાજ પ્રયાગ

આપણા આ પુણ્યપાવન ભારતવર્ષમાં જ્યાંજ્યાં નદીઓના મહા-સંગમો છે, ત્યાંત્યાં છેક પ્રાચીન કાળથી ઋષિઓએ એકએક તીર્થસ્થાન ઊભું કર્યું છે. પણ તે બધામાં જ્યાં ગયા ફેબ્રુઆરી માસમાં આપણા રાષ્ટ્રપિતા મહાત્માજીનાં પવિત્ર અસ્થિ પધરાવવામાં આવ્યાં તે આધ્યાત્મિક સૌંદર્ય ધરાવતા પ્રયાગનું સ્થાન અનન્ય અને અદ્વિતીય છે. ભારતવર્ષના પ્રત્યેક હિંદુ માત્રને મન જેનું એકએક બુંદ પવિત્ર છે તે 'પુણ્યસલિલા' ગંગા અને ભગવાન શ્રીકૃષ્ણની બાલક્રીડાનાં સંસ્મરણો જેના શ્યામ પ્રવાહમાં સભર ભર્યાં છે તે યમુના—ભારતવર્ષની શ્રદ્ધાપાત્ર એવી આ બે નદીઓનો જ્યાં સંગમ થાય તે સ્થાન પાવિત્ર્ય અને શુચિતામાં અનન્ય ગણાય એમાં શી નવાઈ? વળી આ કાવ્યમય અને રમણીય સ્થાને આપણા પ્રાચીન કવિઓએ પોતાની ઓજસ્વી સરસ્વતીનો પુનિત પ્રવાહ પણ વહેવડાવ્યો છે. આ જ કારણે આ વિરલ ત્રિવેણીસંગમને માત્ર તીર્થ જ નહિ પણ 'તીર્થરાજ' કહેવામાં આવે છે.

પ્રયાગ અતિ પ્રાચીન શહેર છે. સંખ્યાતીત કાળ પહેલાં બ્રહ્માએ તે કોઈ વિધર્મીઓના હાથમાંથી લઇ ત્યાં બ્રાહ્મણત્વની પુનઃસ્થાપના કરવા અશ્વમેધ યજ્ઞ કર્યો, અને આર્યોએ તેનું નામ પ્રયાગ(પ્ર=મુખ્ય અને યાગ=યજ્ઞ) રાખ્યું. ત્યારથી ઈ.૧૧૯૪ સુધી તે હિંદુઓને હાથ રહ્યું. તે વર્ષમાં શાહબુદ્દીન ઘોરીએ તેને જીત્યું અને ઈ.૧૫૭૫માં અકબરે લશ્કરી દૃષ્ટિએ તેની પુનર્રચના કરી સંગમ પર એક મજબૂત કિલ્લો બંધાવ્યો અને શહેરનું નામ પ્રયાગ બદલીને અલ્લાહાબાદ રાખ્યું. અકબરના છેવટના સમયમાં આ શહેરનો વહીવટ અકબરના મોટા પુત્ર સલીમ(જહાંગીર)ને હાથ હતો. જહાંગીર ગાદીએ આવ્યો ત્યારે તેના મોટા પુત્ર ખુશરૂએ બંડ કરવાથી તેને હરાવીને આ શહેરમાં જ કેદ રાખવામાં આવેલો, જ્યાં તેનું મૃત્યુ થએલું. આજે પણ ત્યાંના વિખ્યાત ખુશરૂ બાગમાં તેની કબર ઊભી છે.

મુઘલ સામ્રાજ્યની પડતી થતાં ઈ.૧૭૩૯માં તે મરાઠાઓને હાથ ગયું અને ૧૭૫૦ સુધી તેના પર તેમનો દોર રહ્યો. મરાઠાઓ પાસેથી ફરૂખાબાદના પઠાણ બાદશાહ સફરજંગના તાબામાં તે ગયું, જેણે ૧૭૬૫ સુધી તેને ટકાવી રાખ્યું. પણ અંગ્રેજોએ તેને હરાવીને અલ્લાહાબાદનો કબજો ફરી શાહઆલમને સોંપ્યો. પણ ૧૭૭૧માં શાહઆલમ મરાઠાઓને શરણે જવાથી અંગ્રેજોએ ડરી જઇને ઔંધના નવાબને તે ૫૦ લાખ રૂપિયામાં વેચી દીધું. છેવટે ૧૮૦૧ માં નવાબે જ તેને બ્રિટિશોની હકૂમત નીચે મૂકયું. અને ત્યારથી તેના પર બ્રિટિશોનો સંપૂર્ણ કબજો આવ્યો. તેનું મહત્ત્વ ધ્યાનમાં લઇને તેને ઈ. ૧૮૩૪માં તે વખતના એન. ડબ્લ્યુ. પ્રાંતની રાજધાની બનાવવામાં આવી. તે ૧૮૫૫માં ફેરવીને આગ્રે લઇ જવામાં આવી, પણ ૧૮૫૮માં ફરીથી તે જ રાજધાની થતાં મહત્ત્વનું કેન્દ્ર બન્યું. '૫૭ના 'બળવા' પછી અંગ્રેજોએ એ પ્રાંતનું નામ બદલીને આગ્રા અને અયોધ્યાના 'સંયુક્ત પ્રાંતો' એવું નામ રાખી લખનૌને રાજધાની બનાવી. પ્રયાગનું રાજકીય મહત્ત્વ જોકે તેથી ઓછું થયું, પણ તેથી તેની ધાર્મિક સર્વોપરિતામાં કંઈ પણ બાધ ન આવ્યો.

ત્રિવેણી સંગમ તથા અનેક બીજાં નાનાંમોટાં તીર્થો ઉપરાંત હિંદભરના શિક્ષિત અને અશિક્ષિત બંને માટે સતત આકર્ષણનાં બે સ્થાન ત્યાં છે : એક અક્ષય વડ અને બીજો અશોકનો સ્તંભ. આ બંને પુરાણપ્રસિદ્ધ વસ્તુઓ ગંગા-યમુનાના સંગમસ્થાનની બાજુમાં આવેલા અકબરના કિલ્લાની અંદરના ભાગમાં છે. ઉપરાંત કિલ્લામાં ભૂગર્ભમાં પ્રાચીન પ્રયાગનાં સંસ્મરણો જાળવતું પાતાળપુરી નામનું એક મંદિર આવેલું છે. તેની પાસે આવેલા અક્ષય વડનું દર્શન કરવા એક વિશાળ ભોંયરામાં જવું પડે છે. આજે તો એ અક્ષય વડનું કેવળ થડ જ ત્યાં છે. ભાવિક લોકો કહે છે કે થડ અહીં છે પણ તેની ડાળીઓ ઓધિગયામાં છે. આ પુરાણા વડની શીતળ છાયા હેઠળ પ્રજાપતિ બ્રહ્માએ અસંખ્ય યજ્ઞો કરેલા કહેવાય છે. ભગવાન માર્કંડેયે તો કહ્યું છે કે જ્યારે મહાપ્રલય થઈ સમસ્ત પૃથ્વી ડૂબી જાય છે ત્યારે કેવળ આ એક જ વડ ટકી (અક્ષય) રહે છે અને તેના પાંદડામાં ઇશ્વર પોતે બાળક રૂપ ધારણ કરી મોઢામાં અંગૂઠો રાખી બાળક્રીડા કરે છે. આ વિશિષ્ટ ભાવનાને કારણે જ તેનું અક્ષય વડ નામ પડયું હોવું જોઇએ. આ જ વૃક્ષ હેઠળ ગુપ્ત સામ્રાજ્યનો સુપ્રસિદ્ધ સમ્રાટ હર્ષવર્ધન પ્રત્યેક વર્ષે પોતાના સર્વ ધનનું દાન કરી દેતો. વળી એક કાળે ગંગાયમુનાનો પાવન પ્રવાહ પણ આ વડને ઘસાઈને જ વહેતો હતો. તે કાળે આ તીર્થમાં પ્રાણત્યાગ કરવાથી સ્વર્ગની પ્રાપ્તિ થતી હોવાની માન્યતાથી અનેક હિંદુઓ આ અક્ષય વડ પરથી પ્રવાહમાં કૂદી પડી દેહત્યાગ કરતા. આ રીતે કરેલી આત્મહત્યામાં પાપ નથી પણ મોક્ષ છે, એવી દૃઢ માન્યતા તે કાળે પ્રવર્તતી. હૈહયવંશના પ્રસિદ્ધ મહારાજા ગાંગેયદેવે આ વટવૃક્ષ હેઠળ જ સ્વર્ગપ્રાપ્તિ માટે પ્રાણત્યાગ કરેલો. વૈદિક



(ત્રિવેણીસંગમસ્થાન તથા ત્યાંનો અકબરે બંધાવેલો જાણીતો કિલ્લો)
જ્યાં દર બાર વર્ષે જગપ્રસિદ્ધ કુંભ મેળો ભરાય છે તે પ્રયાગ

ધર્મના પ્રખર પુરસ્કર્તા પંડિત કુમારિલ ભટ્ટે પણ પોતાના પાપના પ્રાયશ્ચિત અર્થે આ જ સ્થાને પ્રાણવિસર્જન કરેલું. પણ પછીથી સંગમના પ્રવાહે પોતાનું સ્થાન બદલ્યું અને અકબરે પણ વડની આસપાસ કિલ્લો બંધાવી દેવાથી આત્મહત્યાની પ્રથા બંધ થઇ.

ઈ. સ. પૂર્વે ૨૫૨ માં ઊભો કરાએલો સમ્રાટ અશોકનો શિલાસ્તંભ પ્રવાસીઓને આકર્ષતો અહીંનો બીજો પ્રાચીન અવશેષ છે. ૩૫ ફૂટ ઊંચા અને પાયા આગળ ત્રણ ફૂટ અને ટોચે બે ફૂટ પહોળા એવા આ સ્તંભ ઉપર અશોકની ધર્મલિપિ ઉપરાંત સમુદ્રગુપ્તના રાજકવિ હરિષેણે ઈ. ૩૮૦ની સાલમાં લખેલા કેટલાક શ્લોકો પણ કોતરેલા છે. ગોળ થાંભલા પરના આ ધર્મવિજય અને દિગ્વિજયના બે લેખો ઈતિહાસવેત્તાઓ માટે અતિ મહત્ત્વના ગણાય છે. અશોકના બીજા સ્તંભોમાં આ સૌથી જૂનો સ્તંભ ગણાય છે.

પણ પ્રયાગ આજે હિંદની આમજનતામાં જાણીતું છે તે તો ત્યાં દર બાર વર્ષે ભરાતા વિશ્વવિખ્યાત કુંભ મેળાને કારણે. લાખો યાત્રાળુઓનું અજબ આકર્ષણ ધરાવતા એ કુંભ મેળા ઉપરાંત દર ૬ વર્ષે ત્યાં અર્ધ કુંભ મેળો તથા દર વર્ષે ૧૫મી જાન્યુઆરીથી ૧૫મી ફેબ્રુઆરી સુધી માઘ મેળો પણ ભરાય છે. એ મેળા વખતે ત્રિવેણી સંગમના એ બે માઈલ લાંબા અને ૧ માઈલ પહોળા વિશાળ રેતાળ પટ પર માનવનો જાણે મહાસાગર ઊમટે છે. પ્રાંતપ્રાંતના સાધુઓ ને સંન્યાસીઓ, તપસ્વીઓ ને સંતમહંતો, ધાર્મિકો અને યાત્રીઓ, વેપારીઓ ને જિજ્ઞાસુઓ ત્યાં ઊભરાય છે. કલાકોના કલાકો સુધી ધર્મચર્ચા ચાલે છે અને વિચારોની આપલે થાય છે. આ મેળાઓમાં જિજ્ઞાસુ શિષ્યોને યોગ્ય ગુરુ અને શિષ્યચેલા ગુરુઓને ચેલાઓ મળી રહે છે. વેપારીઓ તથા દુકાનદારોને પણ સારી આવક થાય છે.

અઢી લાખની વસતિ ધરાવતા આ શહેરમાં આધુનિક ઢબના સરકારી મકાનો, હાઈકોર્ટ, એક યુનિવર્સિટી તથા મનોહર બાગબગીચાઓ પણ છે. એક કાળે ત્યાંથી નીકળતા ‘પાયોનિયર’નામના અર્ધસરકારી પણ વગદાર પત્રને કારણે પ્રયાગ, માત્ર હિંદમાં જ નહિ પણ ઇંગ્લંડમાં ય જાણીતું બનેલું.

દરેક યાત્રાના સ્થાનની પેઠે પ્રયાગમાં પણ પંડાઓનું ખૂબ પ્રાબલ્ય છે. વરસે દહાડે લાખો યાત્રાળુઓને રહેવા ખાવાની સગવડ આપવાનું તથા ક્રિયાકાંડ કરાવવાનું કાર્ય કરતા આવા ૧૪૦૦ ઉપરાંત પંડાઓનાં કુટુંબો પ્રયાગમાં રહે છે. સંગમ આગળ વિસ્તીર્ણ પટમાં પંડાઓ પોતપોતાના તંબુઓ તાણીને પડ્યા હોય છે. તંબુઓનું એ નાનકડું નગર એવું ગીચ હોય છે કે પ્રત્યેક પંડાને પોતાનો તંબુ યાત્રી ઓળખી શકે તે માટે તંબુ પર વિશિષ્ટ ચિહ્નવાળી ધજા રાખવી પડે છે. દર વર્ષે હિંદના પ્રત્યેક પ્રાંતમાંથી–પ્રત્યેક શહેરમાંથી હજારો લોકો અસ્થિ પધરાવવા તથા શ્રાદ્ધ કરવા અહીંના ત્રિવેણીસંગમે આવે છે.

જ્યાં સુધી હિંદુ ધર્મમાં પ્રાણની ઉષ્મા છે ત્યાં સુધી પ્રયાગનું મહત્ત્વ લુપ્ત નહિ થાય અને જ્યાં સુધી પ્રયાગમાં ધર્મની આધ્યાત્મિક ઓજસ્વિતાનો ભંડાર હશે ત્યાં સુધી હિંદુ ધર્મની જીવનક્ષમતાનો પણ નાશ નહિ થાય, એમ પ્રયાગ જઈ આવેલા ચિકિત્સક મુસાફરને લાગ્યા સિવાય રહેશે નહિ.

પ્રાચીન નાટ્યશાસ્ત્ર

તથા તેની અનુષંગી નૃત્યાદિ કળાઓનો પરિચય આપતી લેખમાળા [૨૨]

મુદ્રા-વિવરણ

લેખક · યોગેન્દ્ર પ્રિયદર્શી

નૃત્યની ભાષાના મૂળાક્ષરો રૂપ ગણાતી મૂળ મુદ્રાઓની માહિતી આપણે ગયા અંકમાં જોઇ. તેમાં જણાવ્યા પ્રમાણે, તે છે તો માત્ર હસ્તની જુદીજુદી રચનાઓ જ. જેમ છત્રીસ મૂળાક્ષરોના જ્ઞાનથી જગતનો કોઇ પણ વિષય કે પદાર્થ દર્શાવી શકાય છે, તેમ આ ચોવીસ મૂળ મુદ્રાઓથી જગતનો કોઈ પણ નૃત્યોચિત વિષય કે પદાર્થ દર્શાવી શકાય છે અને તેમની વિવિધ સંયોજના અને રચનાઓથી અનેક અર્થો પ્રદર્શિત થાય છે. આમ, જુદાજુદા અર્થો, પદાર્થો ને વિષયો દર્શાવતી આ શાખા-મુદ્રાઓને આપણે ‘અર્થદર્શક’ કે ‘નિદર્શક’ મુદ્રાઓ તરીકે ઓળખીશું.

મુદ્રાઓ વિષે લોકોમાં સામાન્યતઃ ખૂબ ઉત્સુકતા અને કુતૂહલ જોવામાં આવે છે. તેમને તે બહુ આશ્ચર્યભરી અને અગમ્ય પણ લાગે છે. પરંતુ વસ્તુતઃ તો ઘણીખરી મુદ્રાઓ આપણા લૌકિક આચરણમાં હાથના થતા હલનચલનનું અનુકરણ માત્ર છે. જોકે આ અનુકરણ સીધેસીધું નહિ, પણ કલાત્મક પ્રકારનું છે. આપણા રોજિંદા જીવનમાં આપણે ઘણા હસ્ત-સંકેતોનો ઉપયોગ કરતા હોઇએ છીએ, જેમકે નાક પાસે આંગળી રાખી ‘ચૂપ’ એમ દર્શાવીએ છીએ; હાથના અણસારાથી કોઇને ‘આવો’ કહીએ છીએ કે ‘જાવ’ એમ સૂચવીએ છીએ; કોણ? ક્યાં? ક્યારે? કેમ? કેટલા? વગેરે પ્રશ્નો પણ હાથથી દર્શાવીએ છીએ. નાના છોકરાં નજ્રો ભણવા કે ‘લેતો જા’ એમ કહેવા અંગૂઠો બતાવે છે. આ સર્વ એક પ્રકારના હસ્તસંકેતો જ છે.

મુદ્રાઓ વિષે એક વસ્તુ સમજી લેવાની જરૂર છે, કે ભાવ વગરની (અર્થદર્શક) મુદ્રા પ્રાણ વગરના દેહ જેવી નિર્જીવ છે. વસ્તુ કે અર્થને અનુરૂપ ભાવ જો ન હોય તો અર્થ બરાબર સ્ફૂટ થતો નથી. જેમકે, ‘પ્રહાર’ની મુદ્રામાં ચંડતાનો ભાવ ન હોય તો તે અપૂર્ણ અને નિષ્પ્રાણ લાગે. આથી કહ્યું છે કે ‘ભાવ મુદ્રાઓનો પ્રાણ છે’.

અર્થદર્શક મુદ્રાઓ મુખ્યત્વે બે વિભાગમાં વહેંચી શકાય: (૧) અનુકરણી અને (૨) તાત્ત્વિક.

અનુકરણી મુદ્રાઓ: કેટલીક મુદ્રાઓ વસ્તુના અનુકરણ દ્વારા રચાએલી છે, આથી તેને ‘અનુકરણી’ કહી છે. દૃશ્ય કે દેખી શકાય તેવી સર્વ વસ્તુઓની મુદ્રાઓ તે તે વસ્તુના અનુકરણ દ્વારા થાય છે. તે ત્રણ પ્રકારની છે: (૧) આકારના અનુકરણ દ્વારા યોજાએલી મુદ્રાઓ: જેમકે, પંકજમ્ (કમળ), ભાજનમ્ (વાસણ), મત્સ્યમ્ (માછલી) વગેરે. (૨) ક્રિયાના અનુકરણ દ્વારા દર્શાવાતી મુદ્રાઓ: જેમકે, બાણ-વિમોચનમ્ (બાણ છોડવું), ગ્રહણમ્ (લેવું), દાનમ્ (આપવું), ભક્ષણમ્ (ખાવું), લેખનમ્ (લખવું) વગેરે. (૩) વસ્તુના સ્વરૂપ કે લક્ષણના અનુકરણ દ્વારા દર્શાવાતી મુદ્રાઓ: જેમકે, ભૂપતિ (રાજા), સિંહમ્, ગજમ્, પક્ષી, ભ્રમરમ્, તીરમાલા (મોજાં) વગેરે.

તાત્ત્વિક મુદ્રાઓ: કેટલીક મુદ્રાઓ વસ્તુના મુખ્ય તત્ત્વ દ્વારા દર્શાવવામાં આવે છે. તેથી તેને તાત્ત્વિક કહી છે. તે પણ ત્રણ જાતની છે: (૧) વસ્તુના હાર્દ દ્વારા દર્શાવાતી મુદ્રાઓ: જેમકે, કીર્તિ, ધર્મમ્, સત્યમ્, પાપમ્, જ્ઞાનમ્, વર્ણમ્ (રંગ), મૃત્યુ વગેરે. (૨) વસ્તુના સૂચન દ્વારા દર્શાવવામાં આવતી મુદ્રાઓ: જેમકે, ચિત્તમ્, સમયમ્, જીર્ણમ્, અંકુરમ્, પુરા (પહેલાંના વખતમાં) વગેરે. (૩) આમાં સ્વર્ગમ્, બ્રહ્મમ્, પરમાત્મા વગેરે કાલ્પનિક મુદ્રાઓનો તેમજ પ્રાચીન પુરુષો તથા દેવદેવતાઓની મુદ્રાઓનો પણ સમાવેશ થાય છે.

કેટલીક વસ્તુઓ પ્રત્યક્ષ જોઇને જ સમજી શકાય તેવી હોય છે. અર્થદર્શક મુદ્રાઓ અંગે પણ તેમ જ છે. નાટ્યશાસ્ત્રમાં કઇ મૂળ મુદ્રામાંથી કેટલા અર્થો નીકળે છે તે ટૂંકમાં સમજાવેલું છે ખરું. પરંતુ તે દર્શાવવાની રીત ઘણી થોડી જગ્યાએ જણાવેલી છે. તે જણાવવું એક રીતે શક્ય પણ નથી, કારણ કે ઘણીખરી અર્થદર્શક મુદ્રાઓ અમુક ચલનો કે ક્રિયાઓથી પ્રદર્શિત થાય છે. આથી તેની કોઈ એક સ્થિતિ ન હોવાથી તે લેખિત રીતે દર્શાવવાનું શક્ય નથી.

મૂળ મુદ્રાઓનાં નામો મુખ્યત્વે તેમના આકારને મળતી આવતી વસ્તુઓનાં નામ પરથી યોજવામાં આવેલાં છે. એ સિવાય નામો સાથે તેમને ભાગ્યે જ કંઇ સંબંધ છે. જેમ વ્યક્તિઓમાં તેમનાં નામ મુજબનો ગુણ ભાગ્યે જ જોવા મળે છે, તેમ આ મુદ્રાઓ પણ નામો મુજબનો અર્થ ભાગ્યે જ દર્શાવતી હોય છે. તે નામો તો માત્ર તેમની ઓળખ પૂરતાં જ છે.

યોગમાં પણ અમુક યોગિક મુદ્રાઓનો પ્રચાર જોવામાં આવે છે. તે મુદ્રાઓ આધ્યાત્મિક પ્રકારની હોય છે. નૃત્ય સાથે તેમનો કંઇ સંબંધ નથી. તેમનો સંબંધ શરીર, તેની નાડીઓ અને તે દ્વારા મન સાથે હોય છે. વિવિધ યોગાસન, સમાધિ, મંત્રજાપ વગેરે યોગિક ક્રિયાઓમાં તેમજ હોમ વગેરે વૈદિક ક્રિયાઓમાં તે આવે છે. આ મુદ્રાઓ મનને આધ્યાત્મિકતા તરફ દોરવામાં પ્રેરક હોવાનો ગુણ તથા શક્તિ ધરાવે છે. (ચાલુ)

ચક્રવર્તી રાજગોપાલાચાર્ય (અનુસંધાન પૃ. ૧૬૩થી ચાલુ)

તેમના આ વલણને લીધે તે તેમના પોતાના પ્રાંતમાં પણ એટલા તો અપ્રિય થઇ પડેલા કે ૧૯૪૬માં કૉંગ્રેસે ફરી પ્રધાનપદાં ગ્રહણ કર્યાં ત્યારે રાજાજીને ત્યાં મુખ્ય પ્રધાન તરીકે લેવા સામે વિરોધ થયો. કૉંગ્રેસના વડા અધિકારીઓએ રાજાજી મદ્રાસમાં લેવાય તે માટે ખૂબ પ્રયત્નો કર્યા, પણ તે બધા જ નિષ્ફળ ગયા, એટલું બધું ત્યાં તેમના વિરુદ્ધ વાતાવરણ ઊભું થયું હતું.

અને છતાં, આટઆટલી અપ્રિયતા તથા લોકક્ષોભને અંતે ફરી પાછા તે માનભર્યું ઊંચું સ્થાન પ્રાપ્ત કરી શક્યા અને લોકોના વિશ્વાસને પાત્ર બની શક્યા, તેનું કારણ તેમનું વિશુદ્ધ ચારિત્ર્ય, સચ્ચાઇ, દેશ માટેનો ઉત્કટ પ્રેમ, ઉચ્ચ કોટિની બુદ્ધિમત્તા તથા મળતાવડો સ્વભાવ છે. તેમની સાથે ગમે તેટલો મતભેદ હોય છતાં તેમના હેતુની શુદ્ધતા તથા દેશ પ્રત્યેની અગાધ લાગણી માટે તો કોઇ જ શંકા ન ઉઠાવી શકે. તેમનો વિશાળ અનુભવ, પ્રશસ્ય વહીવટશક્તિ તથા ઉચ્ચ બુદ્ધિશક્તિ ઇત્યાદિ અનેક ગુણોને કારણે તે પશ્ચિમ બંગાળના ગવર્નર તરીકે નિમાયા. ત્રિપુરી કૉંગ્રેસ વખતે સુભાષચન્દ્ર બોઝ સામે વિરોધ કરીને તેમણે જે કડવા શબ્દો વાપરેલા તેને કારણે તેઓ બંગાળમાં અપ્રિય હતા. પરંતુ રાજાજીએ પોતાના નિખાલસ વર્તાવ અને મળતાવડા સ્વભાવથી ત્યાં બધાનો પ્રેમ જીતી લીધો. વચ્ચે જ્યારે લૉર્ડ માઉન્ટબૅટન રજા પર ઊતર્યા ત્યારે કામચલાઉ ગવર્નર જનરલ તરીકે પણ રાજાજીની જ પસંદગી થઇ અને હવે તો ૨૧મી જૂને કાયમ માટે પહેલા હિંદી ગવર્નર જનરલ થવાનું અદ્વિતીય માન તેમને મળ્યું છે.

પ્રત્યેક નેતામાં કોઇ ને કોઈ વિશિષ્ટ ગુણ હોય છે જ. પણ રાજાજીમાં જેટલા ઉચ્ચ ગુણોનું સુભગ મિશ્રણ જોવા મળે છે તેટલું બીજા કોઇમાં જોવા મળતું નથી. તર્કશુદ્ધ દલીલો કરવાની તેમની શક્તિ અજોડ ગણાય છે. જે વસ્તુ આમ આપણને તદ્દન અર્થહીન અને મૂર્ખાઈભરી લાગે તેને તેઓ પોતાની દલીલશક્તિના બળે એવી રીતે રજૂ કરી શકે છે કે આપણને તે સનાતન સત્ય લાગે. ભલભલા મહારથીઓ તેમને આ બાબતમાં આંટી શકતા નથી. તેમના વક્તૃત્વમાં કોઈ પણ પ્રકારનો આવેશ કે શબ્દલાલિત્ય જોવા નહિ મળે. પરંતુ કોઈ પણ પ્રશ્નની તત્ત્વગ્રાહી સમાલોચના કે ઝીણવટભર્યું પૃથક્કરણ કરવાની તેમની શક્તિથી તો શ્રોતાવર્ગ મુગ્ધ બની તેમની દલીલોના પ્રબળ પ્રવાહમાં ખેંચાઇ જાય છે. ભાષણોમાં ઘણીવાર તેઓ જે રમૂજ કરે છે તે પણ ચોટદાર હોય છે. એક વાર એક સભામાં એક વિરોધીએ તેમના પર પથરો ફેંક્યો, પણ તે તેમને વાગ્યો નહિ. રાજાજી તરત બોલી ઊઠ્યા: 'જો આપણને સૌને સારી નિશાનબાજી કરતાં આવડતી હોત તો યે આપણે સ્વરાજ ક્યારનું મેળવી લીધું હોત!'

મુત્સદ્દીગીરી ને રાજનીતિમાં તો તે ચાણક્ય ગણાય છે. પરિસ્થિતિ બદલાય તેમ રાજનીતિમાં પણ પેંતરા બદલવા જોઇએ એમ તેઓ માને છે. વળી તેઓ માને છે કે મુત્સદ્દીએ પોતાની ભૂલ કબૂલ કરી લેવામાં આનાકાની ન કરવી જોઇએ અને દેશ ખાતર પોતાની પ્રતિષ્ઠાનો ભોગ આપવો પડે તો તે માટે જરાપણ અચકાવું નહિ જોઈએ. અને આ સિદ્ધાંતને તેમણે પોતાના જીવનમાં ઉતારી પણ બતાવ્યો છે. ગયા કૉંગ્રેસ વખતે ધારાસભાનો બહિષ્કાર કરવાનો મત દૃઢતાથી સ્થાપનાર રાજાજી ૨૦ વર્ષ પછી ધારાસભામાં પ્રવેશ કરવો જોઇએ એવા મતના બન્યા હતા!

૫૦ વર્ષના જાહેર જીવનમાં રાજાજીને ઘણાની સાથે મતભેદ ઊભા થયા છે, વિરોધના ઝંઝાવાતો પણ જાગ્યા છે, પણ કદી તેમને કોઈની સાથે વ્યક્તિગત અણબનાવ કે દુશ્મનાવટ થઈ નથી. તેમના આ નમ્ર મળતાવડા સ્વભાવને કારણે વિરુદ્ધ ક્ષેત્રમાં પણ તેમને અનેક મિત્રો છે. મહાત્માજી અને રાજેન્દ્રબાબુને બાદ કરતાં કોઇ પણ નેતામાં તેમના જેટલી બોલવાચાલવામાં નમ્રતા નથી. તેમની પ્રત્યેક કડવી વાતની ગોળીને સાકરનાં જાડાં પડ ચઢાવેલાં હોય જ. દક્ષિણવાસીઓની વિશેષતા ગણાતા આ દાક્ષિણ્યને કારણે તેઓ જેનાજેના સંસર્ગમાં આવ્યા છે તેઓ તેમના મિત્રો બની રહ્યા છે.

રાજાજીની ધાર્મિક વૃત્તિ ગાંધીજીની કોટિની છે. તેમની જેલની દિનચર્યામાં પ્રાર્થનાને અચૂક સ્થાન હોય જ, એટલું જ નહિ પણ ૧૦૮ વાર ગાયત્રીનો પાઠ પણ તેઓ કરતા અને કપાળમાં તિલક ધારણ કરતા. ગીતા, ભાગવત અને ઉપનિષદનો તેમનો અભ્યાસ ઊંડો છે. ગીતા પર તો તેમણે વિવેચન પણ લખ્યું છે. આમ, પોતે ચુસ્ત ધાર્મિકવૃત્તિના હોવા છતાં જૂની અયોગ્ય રૂઢિ તથા પ્રણાલિકાના બિલકુલ હિમાયતી નથી. ઉલટા તેઓ પ્રખર સમાજસુધારક છે. અસ્પૃશ્યતાનિવારણ માટે તેમણે લીધેલો શ્રમ તેનો દ્યોતક છે. પોતે ચુસ્ત તામિલ બ્રાહ્મણ હોવા છતાં પોતાની પુત્રી ગુજરાતના વણિક જ્ઞાતિના મહાત્માજીના પુત્ર દેવદાસને પરણાવી છે. કેવળ આંતરપ્રાંતીય જ નહિ પણ 'પ્રતિલોમ' ગણાતો આ વિવાહ તેમના ક્રાંતિકારી સ્વભાવનો પરચો આપે છે. નિરભિમાની વૃત્તિ પણ તેમનામાં એટલી જ છે.

પોતાના જીવનના જેવું જ સ્વચ્છ અને સત્ત્વશીલ એવું ઘણું સાહિત્ય તેમણે તામિલ અને અંગ્રેજી ભાષામાં સર્જ્યું છે. મહાભારત પરનું ભાષ્ય, બાળઉછેર પર માર્ગદર્શન આપતું પુસ્તક, ધર્મ આદિ ઉચ્ચ વિષયોને સરળ દૃષ્ટાંતો દ્વારા સમજાવતું તેમનું વાર્તાપુસ્તક, મદ્યનિષેધ પર લખેલું વાર્તિક, સૉક્રેટિસ પર નિબંધ, જેલડાયરી, તથા 'વે આઉટ' નામનું ૧૯૪૨ની પરિસ્થિતિનું પૃથક્કરણ કરતું

પુસ્તક આદિ મુખ્ય છે. પણ આ સૌમાં તેમની જેલ ડાયરી અને વાર્તાઓમાં તેમનું જે ઉચ્ચ ચારિત્ર્ય, વિશાળ વિચારો અને નિર્મળ નિષ્કલંક સાધુ હૃદય વ્યક્ત થાય છે તેને કારણે તે પુસ્તકો ઘણાં લોકપ્રિય બન્યાં છે. તામિલ ભાષાને ઘણા અટપટા અને ઉચ્ચ વિષયનું વાહન બનાવવા તેમણે જે મહેનત લીધી છે તે માટે તો તામિલના પ્રખ્યાત કવિ સુબ્રહ્મણ્ય ભારતીએ પણ તેમની પ્રશંસા કરી છે.

૧૯૧૮માં મહાત્માજી પાસે સાદાઈની દીક્ષા લીધા પછી, ગમે તે હોદ્દે નિમાયા છતાં તેમનો પહેરવેશ એક ધોતિયું, પહેરણ ને ઉત્તરીય એટલો જ રહ્યો છે. પણ તેમનું કુશાગ્ર બુદ્ધિમત્તા દર્શાવતું વિશાળ કપાળ, કાળાં ચશ્મા પાછળ સંતાએલી તેમની તીક્ષ્ણ આંખો અને ખાદીનાં સ્વચ્છ કપડાંમાં ઓપતો તેમનો તપઃપુત પાતળો દેહ ઋષિ જેવું વ્યક્તિત્વ ઊભું કરે છે. બધાને સૌથી વધુ બીક તો તેમનાં કાળા ચશ્માંની લાગે છે. એ ચશ્માંની ઓથે રહી તે સામા માણસનું અંતરંગ સ્પષ્ટરીતે ને વેધકતાથી જોઇ શકે છે, પણ સામો માણસ એ કાળી દીવાલ પાછળ શું સંતાએલું છે તે પામી શકતો નથી. ઘણાં વર્ષોથી તે જે દમના વ્યાધિથી પીડાય છે, તેને માટે તેઓ ખાવાપીવામાં સખત પરહેજી પાળીને જે આત્મદમન કરે છે તે અદ્ભુત છે. તેમને એક માત્ર શૉખ 'કૉફી' લેવાનો છે. રેંટિયાને તો રાજાજીએ પોતાનો જીવનસાથી બનાવી દીધો છે. જેલમાં હોય કે મહેલમાં, મુખ્ય પ્રધાન હોય કે ગવર્નર, તેમનું રોજ કાંતવાનું અખંડ ચાલે છે. સાદાઇની સાથે સ્વચ્છતાના પણ તે પરમ ઉપાસક છે. પોતે કદી વિલાયત જઈ આવ્યા નથી, છતાં તેમના જેટલો સ્વચ્છતા માટેનો કડક આગ્રહ ગાંધીજી અને જવાહર બાદ કરતાં કોઈ વિલાયત જઈ આવેલામાં નથી. અને છતાં ખોટા ડોળ કે વૈભવ તેમને બિલકુલ ગમતાં નથી. વચમાં તે કામચલાઉ ગવર્નર જનરલ નિમાયા હતા ત્યારે વાઈસરૉય હાઉસની, કેવળ મહત્તાની છાપ પાડવા માટેની રીતરસમોના તેમણે ભુક્કા ઉડાવી દીધા હતા. પાટલા પર જમવા બેસવાના તેમના હુકમથી રસોડામાં દોડાદોડ થઇ રહેલી; અને એક વાર વાઇસરૉય ગૃહના ખાનગી છબિગૃહમાં ફિલ્મો બતાવવાની હતી ત્યારે તેમણે સમ્રાટ અશોક જેવી હિંદી ફિલ્મો પસંદ કરી અને તે જોવા મહેલના બધા જ નોકરો, રસોઇઆઓ, પટાવાળાઓ, માળી વગેરેને તેમનાં કુટુંબો સાથે લઇને જ્યારે તેઓ છબિગૃહના ભવ્ય ખંડમાં પ્રવેશ્યા ત્યારે તો હૉલમાં બેઠેલા 'બડા લોક' ચોંકી ઊઠેલા!


રાજાજીની ગણના દેશના મોટા નેતાઓમાં થતી હોવા છતાં અને કીર્તિદેવીએ તેમના પર કળશ ઢોળ્યો હોવા છતાં તેમનું જીવન એટલું સુખદ નથી. તેમના કુટુંબ પર વિપત્તિઓની જે ઝડીઓ વરસી છે તેવી ભાગ્યે જ બીજા કોઈ પર વરસી હશે. ૩૦મે વર્ષે તેમનાં પત્ની પાંચ બાળકો મૂકી મૃત્યુ પામ્યાં ત્યારે તેમને ઘણો મોટો આઘાત થએલો. ૧૨ વર્ષ સુધી તેમણે તેની શુશ્રૂષા પાછળ રાત કે દિવસ જોયાં નહોતાં. જે અડગ ધીરજ ને પ્રેમથી તેમણે સેવા કરી હતી તે અદ્ભુત હતી. મહાત્માજી સાથે દેશસેવામાં ઝુકાવ્યા પછી તેમણે વકીલાત છોડી દીધેલી, એથી આવક બિલકુલ બંધ થઈ ગઈ, ને કુટુંબને દિવસો ઘણા ખેંચમાં વિતાવવા પડતા. ઘેર મા વિનાનાં પાંચ છોકરાં, કોડીની કમાણી નહિ, અને જાહેર સંસ્થામાંથી એક પાઈ પણ ન ઉપાડવાની ટેક,—એવી સ્થિતિમાં ઘરનું ખરચ કેમ ચાલતું હશે? ઘર વિષે પૂછપરછ કરતા એક મિત્રના પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું હતું: 'ઘર વિષે ન પૂછવામાં જ ડહાપણ છે. જો હું ઘર વિષે વિચાર કરવા બેસું તો મને તમ્મર આવે, અને બધું કાર્ય આઘું રહે. તેના કરતાં એ વિચાર ન કરી કામમાં જ બધો કુટુંબભાર ભૂલી જવો એ શું સારું નથી?' થોડા વખત પહેલાં જ તેમના ભાઈનું મૃત્યુ થયું ને હમણાં જ પુત્રનું મૃત્યુ થયું. પરંતુ સૌથી મોટો આઘાત તો તેમને મહાત્માજીના મૃત્યુથી થએલો. ગાંધીજીની ભસ્મનું વિસર્જન કર્યા પછી એ કઠોર પુરુષ પણ એક ખૂણો શોધીને જિંદગીમાં નહોતા રડયા એટલા મુક્ત કંઠે રડેલા!

આવું અસામાન્ય જીવન તથા અનન્ય શક્તિઓ ધરાવનાર રાજાજી હિંદના પ્રથમ હિંદી ગવર્નર જનરલ બને છે એ હિંદનું સદ્ભાગ્ય છે. એથી હિંદને જે લાભ થવાનો છે એ તો થશે જ; પણ 'બાદશાહોની નગરી' ગણાતા દિલ્હીમાં જ્યારે હિંદના સર્વોપરિ ઉપરી તરીકે તેમનો અભિષેક થશે ત્યારે તેમનું ચક્રવર્તી નામ તો સાર્થક થશે જ.

કસોટી

નીચેના પ્રશ્નોના જવાબો શોધી ન શકો તો પૃ.૧૮૯ પર આપ્યા છે.

(૧) મારી પાસે સરખા કદનાં ૮ દડાઓ છે. પણ તે પૈકી એક દડો વજનમાં બાકીનાં કરતાં સહેજ હલકો છે. ત્રાજવામાં માત્ર બે જ વખત જોખીને તે હલકો દડો શોધવો હોય તો તે કેવી રીતે થાય?



(૨) ચાર ભાગીદારોએ ચિત્રમાં બતાવ્યા પ્રમાણેના આકારનું એક ખેતર વેચાતું લીધું. તેમાં આઠ આંબાનાં ઝાડો પણ ચિત્રમાં છે તે રીતે વાવેલાં હતાં. હવે તે ભાગીદારોને તે ખેતરના ૪ સરખા ભાગ કરવા છે, પણ તે એવી રીતે કે દરેકને ભાગે સરખા આકારની તથા ક્ષેત્રફળની જમીન અને બબ્બે આંબા આવે. તમે તે કરી શકશો?

(૩) ભદ્રના ટાવરમાં ૮ ટકોરા વાગતાં ૮ મિનિટ લાગે છે, તો મધરાતના ૧૨ ટકોરા વાગતાં કેટલો વખત લાગશે?

(૪) રમણલાલ શરાફને ત્યાં બે દેણદારો દેવા પેટે અમુકઅમુક રકમ આપી ગયા. તે રકમો તથા તેનો સરવાળો રમણલાલે પોતાની સાંકેતિક ભાષામાં નીચે મુજબ લખ્યો:

```
    કી તિં વા ન
  જા ન કી પ તિ
  ------------
પ તિ ત પા વ ન
```

આમાં આંકડાને બદલે અક્ષરો જ લખ્યા છે. આના પરથી તમે તે રકમો કઇકઇ હશે તે શોધી શકશો? એટલી ચાવી તમને કહું કે 'ન' અક્ષર '૭'ના આંકડા માટે લખાયો છે.

(૫) માત્ર ૬ દિવાસળીથી ૪ સંપૂર્ણ ત્રિકોણ બનાવી શકશો?

હિ	મા	સ
ન	ન	પ
ળ	બ	આ

(૬) બાજુના ચોરસમાં એક જાણીતી કહેવત ખોવાઈ ગઇ છે, શોધી કાઢશો? એક વિશિષ્ટ ખાનેથી શરૂ કરીને ઊભું કે આડું એક ખાનું આગળ ખસવાથી તે આખી કહેવત સહેલાઈથી જણાઈ આવશે.

(૭) નીચે કેટલીક માહિતી આપી છે તે સાચી છે કે ખોટી? (ક) સંગીતની સ્વરલહરીઓ વડે કાચને તોડી શકાય છે. (ખ) ઠળિયો કે દાણો ગળી જવાથી ઍપેન્ડિસાઇટિસ થાય છે. (ગ) હાથીનું બચ્ચું માના ગર્ભમાં ૭ વર્ષ રહે છે. (ઘ) સૂર્યમંડળના બધા ગ્રહો કરતાં શનિ સૌથી મોટો છે. (ચ) પૃથ્વીની સપાટી પર એક ભાગ જમીન અને ત્રણ ભાગ પાણી છે. (છ) ન્યૂ યૉર્કમાં સવારના ૧૦ વાગ્યા હોય ત્યારે મુંબાઈમાં રાતના ૮॥ વાગ્યા હોય છે.



માધુકરી

વૃક્ષનસે મતિ લે, મન તૂ વૃક્ષનસે મતિ લે.
કાટે તા કો ક્રોધ ન કરહીં, સિંચત ન કરહીં સનેહ,
ધૂપ સહત અપને સિર ઉપર, ઓર કો છાંહ કરેત;
જો વાહી કો પથર લગાવત, તાહી કો ફલ દેત
—સૂરદાસ

ડૉ. જીવરાજ મહેતા

મહાત્માજીએ જેમને 'રાષ્ટ્રનું મહામૂલું ધન' ગણાવ્યા છે તથા સરોજિનીદેવીએ જેમને 'માનવતાનું પુષ્પ (Flower of humanity)' કહી બિરદાવ્યા છે, એ હિંદના પ્રથમ કક્ષાના ડૉક્ટર જીવરાજ મહેતા તેમની દેશપ્રેમની ધગશ અને સમાજસેવાની ઉત્કટ તમન્નાને કારણે ગુજરાતને માટે એક ગર્વ લેવા જેવી વ્યક્તિ છે. દાક્તરીના શિક્ષણમાં સર્વોચ્ચ માન મેળવ્યા પછી તે ધારત તો કેવળ પોતાનો ધંધો સંભાળીને મોટા ધનિક બની શકત. પરંતુ દેશ પ્રત્યેની દાઝ તથા ફરજની જાગૃતિ તેમનામાં એવાં ઓતપ્રોત હતાં કે દેશના કામ માટે પોતાના વ્યક્તિગત લાભનો ભોગ આપવામાં તેમણે જરા પણ પાછી પાની ન કરી અને પોતાના ગુણવૈશિષ્ટ્યને કારણે મહાત્મા ગાંધીજી અને ગોખલેજી આદિ અનેક નેતાઓના વિશ્વાસપાત્ર બની રહ્યા. તીક્ષ્ણ બુદ્ધિમત્તા, અખંડ પુરુષાર્થ અને જાજ્વલ્ય સેવાભાવ સાથે ગમે તે ક્ષેત્રમાં એક બાહોશ વહીવટદાર(ઍડમિનિસ્ટ્રેટર)ની અદાથી કાર્ય કરવાની તેમની કુશળતા આદિ ગુણોને કારણે આજે તેઓ એકીમુખે વડોદરાની પ્રજાકીય સરકારના વડા પ્રધાન નિમાયા છે.

વડોદરા રાજ્યમાં અમરેલીમાં એક ખાનદાન કપોળ વણિક કુટુંબમાં શ્રી નારાયણ મૂળજી મહેતાને ત્યાં ઈ. ૧૮૮૭ની ૨૯મી ઑગસ્ટ(સં. ૧૯૪૩ના ભાદરવા સુદ ૧૧ને ગુરુવાર)ના રોજ તેમનો જન્મ થયો હતો. જન્મ સમયે માતાને ચિત્તભ્રમ થયો હોઈ તેમણે એ ભ્રમિત અવસ્થામાં બાળકપુત્રને ફેંકી દીધેલા, જે આપત્તિમાંથી બચાવી લેવામાં આવ્યાથી તેમનું નામ જીવરાજ પડ્યું. કુટુંબની તંગ સ્થિતિમાં કેવળ પોતાના બુદ્ધિબળ વડે જ ઈ. ૧૯૦૩માં મૅટ્રિક પાસ કરીને તે દાક્તરીનો અભ્યાસ કરવા મુંબાઇ ગયા. શેઠ વરજીવનદાસ કપોળ બૉર્ડિંગમાં માફીના વિદ્યાર્થી તરીકે રહી થોડા જ વખતમાં તેમણે અભ્યાસમાં પોતાની તીવ્ર મેધાના ચમકારા બતાવવા માંડ્યા. ઉત્તરોત્તર તેમને શિષ્યવૃત્તિઓ તથા સુવર્ણચન્દ્રકો મળવા માંડ્યા અને કૉલેજની ચોથા વર્ષની છેલ્લી પરીક્ષામાં તો કદી કોઇ વિદ્યાર્થીએ ન મેળવ્યાં હોય તે સર્વ ઇનામો તેમણે મેળવ્યાં. તેમનો સ્વભાવ એવો પાણીદાર હતો કે આ રીતે શિષ્યવૃત્તિઓ મળતાં જ માફીના વિદ્યાર્થી તરીકે મળતા લાભ છોડી દઈ કેવળ પોતાની શિષ્યવૃત્તિના બળે જ અભ્યાસ કરવા લાગ્યા.

૧૯૦૮માં ડૉક્ટરની છેલ્લી પરીક્ષા તેમણે ઊંચે નંબરે પાસ કરીને સાથે બે સુવર્ણચન્દ્રકો પણ મેળવ્યા. તેમના અભ્યાસની આ તેજસ્વિતા જોઈને મુંબાઈના ગવર્નર સર જ્યૉર્જ ક્લાર્કે તેમને ઇંગ્લંડ મોકલવાનું પ્રોત્સાહન આપવાને પરિણામે, તેમને તાતાની સ્ટુડન્ટશિપ તથા સર મંગળદાસ નથુભાઇ સ્કૉલરશિપ મળી અને ૨૩ વર્ષની વયે તે એમ. ડી. ના અભ્યાસ માટે વિલાયત ગયા.

ઇંગ્લંડના અભ્યાસકાળ દરમ્યાન જે સાદાઈ અને કરકસરથી તે રહેતા હતા તે ખરેખર આદર્શરૂપ હતી. ૭ વર્ષના એ ગાળામાં અભ્યાસની સાથેસાથે પોતાના દેશબાંધવોની સાચી સેવા કરવાનું કામ પણ તેમણે ઉપાડ્યું અને હિંદી વિદ્યાર્થીઓને પડતી અનેક મુશ્કેલીઓ દૂર કરવા હિંદી વિદ્યાર્થી સંઘના પ્રમુખ તરીકે તેમણે ત્યાં જે ચળવળ શરૂ કરેલી તેણે તે વખતના ભારતમંત્રી મૉન્ટેગ્યુનું પણ ધ્યાન ખેંચેલું. ત્યાંના અભ્યાસકાળ દરમિયાનનો એક પ્રસંગ તેમના ઊંચા સેવાભાવનો પ્રતીક છે. એ અરસામાં મહાત્મા ગાંધીજી ને ગોખલેજી

માસમાસનાં પંખી-૩૦
પીંજારાં



લેલાંને નામે પણ જાણીતું આપણું આ વ્યાપક પંખી પચી ૭ના ટોળામાં રહેવાની તેની ટેવને લીધે નામચીન છે. ખાતાંપીતાં, ચરતાંફરતાં કે લડતાંઝઘડતાં પણ તેઓ એવાં તો અવિભક્ત રહે છે કે હિંદીમાં તેઓ 'સાત ભાઈ' અને અંગ્રેજીમાં 'Seven Sisters' તરીકે જાણીતાં છે. પીળચટી આંખો, ચાંચને પગવાળાં તથા ટૂંગઘડા વગરની જાડી લાંબી પૂછડીવાળાં, કાબરથી સહેજ મોટાં પણ રંગે મેલા-ધૂળિયા રંગનાં આ પંખીઓ ભેગાં મળી સતત 'પીં પેં પીં' (અથવા 'લેં લેં લેં') જેવો કર્ણકઠોર અવાજ કરવાના તેમના સ્વભાવને કારણે લોકોમાં અપ્રિય થઇ પડે છે. હર્ષમાં કે દુઃખમાં, ભયમાં કે ઉત્સાહમાં એ એક જ જાતનો કર્કશ અવાજ કાઢવાના તેમના સતતબાપી સ્વભાવને કારણે તેઓ 'બૅબલર' (બડબડિયાં) પણ કહેવાયાં છે.

આવા કર્ણકઠોર અવાજવાળાં છતાં તેઓ છે તો તદન નિરુપદ્રવી અને ખેતીને ઉપકારક. ખેતરખળા કે બાગબગીચામાં જમીન પરનાં પાંદડાં ઉથલાવીઉથલાવીને ખાદ્ય શોધતાં જણાતાં આ પંખીનો મુખ્ય આહાર છે જીવડાં. જોકે તેમનો ખાસ ભાવતો ખોરાક તો પારિજાત આદિ ફૂલોનો પુષ્પપરાગ. હિંદભરમાં વ્યાપક આ પંખીને ગાઢ જંગલ કે વેરાન પ્રદેશ બેમાંથી એકે પસંદ નથી. વગડાઉ પ્રદેશ એ તેનું પ્રિય નિવાસ-સ્થાન.

કાગડા પાસે પોતાનાં બચ્ચાં ઉછેરાવતી પર-ભૃતિકા કોયલની પેઠે આ બાપડાં પીંજરાં પાસે ચાતક અને બપૈયો પણ પોતાનાં સંતાન ઉછેરાવે છે. તેમનાં ઇંડાં પીંજરાંનાં ઇંડાં સાથે એવાં તો આબાદ મળતાં આવે છે કે ભલભલા વિશારદો પણ તેનો ભેદ પારખી શકતા નથી.

સાધારણતઃ જૂન-જુલાઈમાં જમીનથી લગભગ દસેક ફૂટ ઊંચે પ્યાલા જેવો માળો બાંધીને તેમાં વાદળી રંગનાં ૩થી ૪ સુંદર ઇંડાં તેઓ મૂકે છે. ગુજરાતમાં ઓછે-વત્તે અંશે પ્રચલિત એવી પીંજરાંની કુલ પાંચ જાત થાય છે. ('વનેચર' પરથી સંપાદિત)



ત્યાં આવેલા અને દેશપ્રેમી જીવરાજભાઇ તેમના પરિચયમાં આવ્યા. સંજોગવશાત મહાત્માજી તથા ગોખલેજી બંને ત્યાં એવા બીમાર પડી ગયા કે તેમની સેવાશુશ્રુષા સારૂ કોઇ નિષ્ણાત માણસની લાંબા વખત માટે જરૂર પડી. જરાયે ખચકાયા વગર જીવરાજભાઇએ પોતાનો એમ. ડી. નો અભ્યાસ એક વર્ષ મોકૂફ રાખ્યો; અને એ બે લોકલાડીલા નેતાની ખડે પગે ચાકરી કરીને તેમનો એવો વિશ્વાસ સંપાદન કર્યો કે ભવિષ્યમાં કોઈ પણ માંદગીમાં તેઓ જીવરાજભાઇને જ તેડું મોકલતા.

સાત વર્ષના અભ્યાસ બાદ તેમણે એમ. ડી. અને એફ. સી. પી. એસ. એ બંને ડિગ્રીઓ માન સહિત મેળવી. અને એમ. ડી.ની પરીક્ષામાં તો પ્રથમ વર્ગમાં આવીને તેમણે ઝળકતી ફતેહ મેળવી. આ માન મેળવનાર તે પહેલા હિંદી હતા અને એ બદલ સર્વશ્રેષ્ઠ વિદ્યાર્થીને અપાતો સુવર્ણચન્દ્રક તેમને અપાયો. ઉપરાંત તેઓ એમ.આર. સી. પી. પણ થયા.

આવો અપૂર્વ યશ મેળવી ઇ. ૧૯૧૫માં હિંદ પાછા ફરી તેમણે મુંબાઇમાં ખાનગી દવાખાનું શરૂ કરીને ધીકતી પ્રેકિટસ શરૂ કરી. પણ તેને એક વર્ષ થયું ન થયું ત્યાં તો તેમની સત્ત્વશીલતાની કસોટી કરતી એક આપત્તિ આવી પડી. જેમણે કપરા સમયમાં જીવરાજભાઇને લોન આપીને ઇંગ્લંડ ભણવા મોકલ્યા હતા તે સર રતન તાતાને એકાએક મગજની બીમારી થઇ આવવાથી તેમની સાથે કોઇ સારા ડૉકટરે ઇંગ્લંડ જવાની જરૂર ઊભી થઇ. પોતાની ફરજના ઉચ્ચ ખ્યાલથી પ્રેરાઇને તાજેતરમાં જ જામેલો પોતાનો ધીકતો ધંધો છોડીને પણ જીવરાજભાઇ તેમની સાથે જવા તૈયાર થયા. એ વખતમાં પહેલું મહાયુદ્ધ પુરજોસમાં ચાલતું હતું અને જર્મન સબમરીનોને કારણે વહાણો ડૂબી જવાનો પણ સંભવ હતો. છતાં પણ પોતાના નિર્ણયમાં મક્કમ રહી ડૉ. જીવરાજ તાતાની સાથે ઇંગ્લંડ જવા નીકળ્યા. સંજોગવશાત જે ભય લાગતો હતો તે સાચો પડયો. રસ્તામાં જર્મન ટૉર્પિડોના મારાથી તેમની આગબોટ ડૂબવા લાગી. એ અત્યંત કટોકટીભરેલી સ્થિતિમાં પણ જરા યે થડકયા વગર તેમણે પહેલાં શ્રી તાતાને પહેલી લાઇફબોટમાં ઉતાર્યા અને પોતે છેલ્લી બોટમાં ઊતર્યા. તેમના ઊતર્યા પછી માત્ર દસ જ મિનિટમાં આગબોટ સમુદ્રને તળિયે જઈ બેઠી. પોતાની ફરજ માટેની કેવી નીડર નિષ્ઠા! એ બોટમાં મધદરિયે દોઢ દિવસ સુધી વરસાદમાં સારી પેઠે ભિંજાયા પછી એક ક્રૂઝરે તેમને ઊંચકી લીધા અને માલ્ટા ઉતાર્યા. ત્યાંથી તે ઇંગ્લંડ પહોંચ્યા. ત્યાં રસ્તે લાગેલી શરદીને પરિણામે તે પ્લૂરસીની ગંભીર માંદગીમાં પટકાઇ પડયા ને થોડો આરામ થતાં તે હિંદ પાછા આવ્યા. પણ તબિયત સંપૂર્ણ રીતે ન સુધરવાથી પાછા યુરોપ ગયા, જ્યાં વડોદરાનરેશ શ્રીમંત સયાજીરાવના સંપર્કમાં તે આવ્યા. તેમની શક્તિથી આકર્ષાઇ સયાજીરાવે તેમને પોતાના ખાનગી ડૉકટર તરીકે નીમ્યા અને ૧૯૨૨ માં તો આખા વડોદરા રાજ્યના મુખ્ય વૈદકીય અમલદાર(ચીફ મૅડિકલ ઑફિસર) તરીકે તેમની નિમણૂક કરી.

પાંચેક વર્ષના એ હોદ્દાના કાળમાં આદર્શ વહીવટદાર તરીકે તેમણે મોટી ખ્યાતિ મેળવેલી. એ જ અરસામાં તેઓ ત્યાંના મુખ્ય દિવાન સર મનુભાઈ મહેતાનાં પુત્રી અને જાણીતા કેળવણીકાર તથા દેશસેવિકા શ્રીમતી હંસાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા.

મુંબાઈ કૉર્પોરેશને એક મોટી પ્રજાકીય ઑસ્પિટલ અને વૈદકની કૉલેજ શરૂ કરવાનું ઠરાવી તેના વડા તરીકે ડૉ. જીવરાજને નીમતાં વડોદરાથી તેઓ મુંબાઈ ગયા અને એ વિકટ કાર્ય હાથ લીધું. થોડા જ વખતમાં શેઠ ગોરધનદાસ સુંદરદાસ કૉલેજ તથા તેની ઑસ્પિટલ શરૂ કરીને તેને તેમણે સ્થિર પાયા પર મૂકી, એટલું જ નહિ પણ એના વહીવટમાં એવી શિસ્ત અને વ્યવસ્થા નિર્માણ કર્યા કે જોતજોતાંમાં ગોરા ડૉકટરોથી સંચાલિત ગ્રાન્ડ મૅડિકલ કૉલેજ પણ તેની આગળ ઝાંખી પડવા લાગી. જે કુનેહ અને કુશળતાથી તેમણે એ સંસ્થાને મજબૂત પાયા પર મૂકી ને ઉછેરી તે તેમની ઉચ્ચ વહીવટીશક્તિ તથા સંચાલન-ક્ષમતાની શાખ પૂરે છે. તેમની તેજસ્વી પ્રતિભાને લીધે તે કિંગ ઍડવર્ડ મેમોરિયલ અને શેઠ ગોરધનદાસ સુંદરદાસ ઑસ્પિટલના 'ડીન' તરીકે બહુ મોટી બહુમતીથી ચુંટાયા અને સતત ૨૦ વર્ષ સુધી તે સ્થાને રહી તેમણે મોટી નામના મેળવી. ત્યાર બાદ હિંદના મેડિકલ એસોસીએશનમાં પણ તે ઈ. ૧૯૩૦, ૧૯૪૩ અને ૧૯૪૫માં એમ ત્રણ વખત પ્રમુખ તરીકે નિમાયા હતા. તેમણે હિંદનાં ઘણાં મોટાં દવાખાનાંઓ તપાસ્યાં છે અને માર્ગદર્શન પણ આપ્યું છે. કમળા નહેરૂ ઑસ્પિટલની આખી યોજના તેમણે જ આંકી આપી હતી, એ સિવાય મુંબાઇ યુનિવર્સિટીની સૅનેટમાં પણ તેમણે લાંબો વખત કાર્ય કર્યું છે, અને આજે મુંબાઈ યુનિવર્સિટીની સિન્ડિકેટ તથા ઍકેડૅમિક કાઉન્સિલના સભ્ય છે.

'ડીન' જેવા સરકારી હોદ્દા પર રહ્યા છતાં તેમણે દેશની હાકલનો હમેશ ઉત્સાહથી જવાબ આપેલો અને ૧૯૩૦ તથા '૪૨ની લડત વખતે પૂરા દિલથી તેમાં ઝંપલાવીને તેમણે પોતાની દેશદાઝનો પુરાવો આપેલો. ૧૯૪૨માં તો સરકારે પહેલેથી જ તેમને ઝડપી લઈ પૂનાની જેલમાં ધકેલી દીધા હતા.

ઇંગ્લંડમાં પરિચય થયા પછી પૂ. મહાત્માજીના તે અંત સુધી અંગત ડૉકટર રહેલા અને પ્રત્યેક માંદગી વખતે તેમની શુશ્રૂષા કરેલી. મહાત્માજીના રંગે તે એવા તો રંગાએલા છે કે ઊંચામાં ઊંચા ઑફિસરના પરિચયમાં આવવાનું હોવા છતાં તેમણે કદી પણ ખાદીનો પહેરવેશ છોડયો નથી. મહાસભાની ઘણી રચનાત્મક સંસ્થાઓમાં પણ તેમણે પોતાનો ફાળો આપ્યો છે.

૧૯૪૬ની મુંબાઈ ધારાસભાની છેલ્લી ચૂંટણીમાં તેઓ કૉંગ્રેસ પક્ષ તરફથી ઉમેદવાર ચુંટાયા હતા અને સેક્રેટરીએટની સુધારણા સમિતિના પ્રમુખ નિમાયા હતા. આજે તેઓ કેન્દ્રીય સરકારમાં આરોગ્ય ખાતાના ડાયરેકટર જનરલ છે તથા આરોગ્ય-પ્રધાનના સેક્રેટરી તરીકે કામ કરે છે.

ખાનગી જીવનમાં ડૉ. જીવરાજ ઘણા સાલસ અને પ્રેમાળ છે. તેમની સાદાઇ અને સાત્ત્વિક રહેણીકરણી અનેકોને દાખલારૂપ છે.

સ્પષ્ટવકતા હોવા સાથે તે અઠંગ કામ કરનારા છે. કામને વખતે તે રાત કે દિવસ ગણતા નથી. તેમના રિપોર્ટો કદી ઉપરછલ્લા હોતા નથી, પણ પ્રત્યેક બાબતનો ઝીણવટથી ઊંડો અભ્યાસ કર્યા પછી જ તે પોતાનો મત બાંધે છે. આજે લગભગ ૬૦ વર્ષની વયે પણ તેમની કાર્ય કરવાની શક્તિ એવી જ અખૂટ અને સતેજ છે.
(વડોદરાપ્રજામંડળ પત્રિકા તથા 'કપોળ નેકપોળમિત્ર' પરથી સંપાદિત)

મગજ વગરની કાર્યશક્તિ

આપણા પ્રત્યેક અંગનાં કાર્યો અને આપણી ઈચ્છાશક્તિ મગજ ઉપર આધાર રાખે છે. આપણા શરીરના વ્યવહાર અને આપણાં સર્વ કાર્યોનું નિયામક મગજ છે. પણ જીવસૃષ્ટિમાં નીચી કક્ષાનાં પ્રાણીઓને મગજ જેવી વસ્તુ જ નથી હોતી, અને છતાં પણ જે અદ્‌ભુત અને હેરત પમાડે તેવાં જીવનકાર્યો તેઓ કરે છે તે શાના બળે કરે છે તે એક કોયડો છે.

આશ્ચર્યજનક કાર્યો કરતી કીડીઓ, કરોળિયા ને કાનખજૂરાને મગજ જ નથી હોતું, પણ ફક્ત જ્ઞાનતંતુઓ જ હોય છે. કલાકૌશલ તથા ઈજનેરી બુદ્ધિની નિપુણતાથી અજબ કારીગરીભર્યો મધપૂડો બાંધતી મધમાખી, હેરતભરી જાળ ગૂંથતા કરોળિયા કે આપત્તિકાળ પહેલાં ખોરાક સંઘરતી ડહાપણનો અવતાર મનાતી કીડીઓનાં એ બધાં કાર્યો પાછળ બુદ્ધિશક્તિ કે વિચારનો છાંટો યે નથી હોતો અને વિવેકશક્તિનો બિલકુલ અભાવ હોય છે. વિજ્ઞાનીઓ કહે છે કે એ બધાં અદ્‌ભુત જણાતાં કાર્યો કેવળ વંશપરંપરાગત સંસ્કારબળ કે ટેવનું જ પરિણામ હોય છે; અને એ વંશાનુગત સ્વયંભૂવૃત્તિ કે 'પ્રેરણા'થી જ પ્રેરિત થઇ તેઓ એ કામ કરે છે.

પણ જંતુઓનું રોજિંદું જીવન તપાસતાં તેમનામાં ઉપર કહેલી 'પ્રેરણા' કરતાં કશુંક વધારે હોવાનું જણાયું છે. કીડીઓ આંધળી કે આંધળા જેવી જ હોય છે, કારણ આંખો વડે જોઇને જ તે હલનચલન કરે છે એવું નથી; અને છતાં પણ એનો રસ્તો ગમે તેટલો ભુલાવો કે ગુંચાવો તો પણ તે છેવટે તેના દરમાં જ જઇને ઊભી રહેવાની. ગોકળગાય તો વગર આંખે પણ જોઈ શકે છે. તેનું શરીર પ્રકાશના ધીમા ફેરફારોને પણ પકડી શકતું હોવાથી તેને ચાલતા પડછાયાની પણ ખબર પડે છે. આશ્ચર્યજનક રીતે અવાજને મોટોનાનો કરી શકનાર કંસારીના સંગીતથી આપણે વાકેફગાર છીએ. છતાં નવાઇ લાગશે કે તે પોતે તો કાનથી બરાબર સાંભળી પણ શકતી નથી, કારણકે તેની પાસે બેસી આપણે વાતો કરીએ તો પણ તેને પોતાનું સંગીત બહેલાવવામાં કશો વાંધો આવતો નથી. પણ દૂરથી તેની નજીક આવતાં અત્યન્ત ધીમા પગલે ચાલવું જોઇએ, કારણ પગના જરા પણ અવાજના ધબકારાનું આંદોલન તેને 'કાને પડી' જાય તો તરત તે સંગીત બંધ કરી દે છે!

સમયનો નિર્ણય કરવામાં તો મધમાખો આપણા કરતાં ખૂબ જ ચોક્કસ છે. ઈંગ્લંડમાં વિજ્ઞાનીઓએ મધમાખો ઉપર પ્રયોગો કરેલા તે વખતે તેમને ખાવા આપવાના સમયે તેઓ જ્યાં હોય ત્યાંથી વખતસર હાજર થઈ જતી હતી. મધમાખોની જેમ કીડીઓ પણ સમયના ગાળાને બરાબર માપી શકે છે. યોગ્ય સમયે યોગ્ય સ્થળે પહોંચવાની તેમનામાં અજોડ શક્તિ હોય છે.

મીઠાશ ચાખવામાં તો મધમાખોની સ્વાદેન્દ્રિય ઘણી તીવ્ર હોય છે. ૪૦,૦૦૦ ભાગ પાણી અને એક ભાગ ગળપણવાળા પ્રવાહીની મીઠાશ પણ તે પકડી શકે છે. પતંગિયાંની સ્વાદેન્દ્રિય તો તેમને પણ ટપી જાય તેવી હોય છે. તેઓ ત્રણ લાખ ગણા દ્રાવણમાં સમાએલી મીઠાશ પારખી શકે છે. સાંભળવાની બાબતમાં કૂતરાની શ્રવણેન્દ્રિય અજોડ છે. ૪૦ ફૂટ આઘેથી કૂતરો ઘડિયાળનો ટકૂટક અવાજ સાંભળી શકે છે, જ્યારે માણસ વધુમાં વધુ ૪ ફૂટથી. હારી ફાબરે પ્રયોગો દ્વારા સિદ્ધ કર્યું છે કે નર મગતરાં અને પતંગિયાંને માદાઓના શરીરની વાસ ઘણે દૂરથી આવે છે.

જંતુઓને થોડીઘણી યાદશક્તિ પણ હોય છે. જોકે તેને, જેમનાં મગજ ખીલેલાં છે એવાં ઊંચી કક્ષાનાં પ્રાણીઓની યાદશક્તિ સાથે સરખાવવી ન જોઇએ. કીડી, ભમરી અને મધમાખની યાદશક્તિ નોંધપાત્ર છે. તેઓ પોતાના દૂરના સાથીઓને પિછાનતાં હોય છે અને પરાયા ઉપર હુમલો કરી દૂર હઠાવતાં હોય છે.

જંતુઓના જ્ઞાનતંતુઓ પોતાની એકાદ જ્ઞાનેન્દ્રિય દ્વારા બહારની દુનિયાની જે કંઈ છાપ પડી હોય તેની નોંધ રાખવાને શક્તિમાન હોય છે. આ છાપ સ્નાયુઓને કામે લગાડવા માટે હુકમરૂપ થઈ પડે છે. જાણવા જેવું છે કે પોતના જીવનકાર્યમાં જે ઉપયોગી થઇ પડે તેવી બાબતોની જ છાપ જંતુઓના જ્ઞાનતંતુઓ નોંધતાં હોય છે ને બીજી છાપ ભુંસાઈ જાય છે. પતંગિયાંના જીવનમાં વાડીઓ એને ફૂલો જ સર્વસ્વ હોવાથી તે જ વસ્તુઓની છાપ આંખો દ્વારા તેમના જ્ઞાનતંતુઓ ઉપર રહે છે. તેમની આંખો જાણે કે પાસેની કે દૂરની ફૂલોની વાડીઓનું જ ચિત્ર જોવાને શક્તિમાન હોય છે અને આ વસ્તુઓ જ સ્મરણમાં રાખી પતંગિયાંનું કાર્ય થતું હોય છે. આથી અમુક ખેતર કે વાડીનાં ફૂલો ખોરાક આપશે એવી અસર તેમના જ્ઞાનતંતુઓ ઉપર થઇને, યાદશક્તિના પ્રતાપે તેઓ વારંવાર ત્યાં જઈ ફૂલોનો પરાગ ચૂસ્યા કરે છે.

આમ, જંતુઓમાં અદ્‌ભુત ઇન્દ્રિયશક્તિ હોય છે. આ શક્તિની તીવ્રતા અને વેધકતાનું જેમજેમ અવલોકન કરીએ છીએ તેમતેમ આપણને કુદરતના કૌશલ્યનો તથા શક્તિનો ખ્યાલ આવે છે.

—ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

જીરૂં

મુખ્યત્વે સ્વાદને માટે આપણા વઘાર અને મસાલામાં વપરાતું જીરૂં વૈદકીય દૃષ્ટિએ અનેક ગુણો ધરાવે છે. તેનો છોડ અજમાના જેવડો જ થાય છે અને તેની મુખ્ય પેદાશ મધ્ય અને પશ્ચિમ હિંદમાં છે. જોકે ઈરાનથી પણ આપણે ત્યાં તે આવે છે. જીરાની અનેક જાતો પૈકી સફેદ જીરૂં આપણે ત્યાં વધુ વપરાય છે.

તેની તીવ્ર વાસ તેમાં રહેલા વિશિષ્ટ તૈલી તત્ત્વોને આભારી છે. તે ખોરાકને રૂચિકર બનાવવા સાથે પાચનક્રિયાને મદદ કરે છે તથા આંખ માટે ગુણદાયક છે. 'ગરમી જાય મુઠી જીરેસે' એવી હિંદીમાં એક પ્રખ્યાત કહેવત છે જે તેના ઠંડા ગુણની દ્યોતક છે. ઉપરાંત જીરૂં વાતહર પણ છે. આથી કઠોળના વાયુકારક ગુણને નાબૂદ કરવા તેમાં હીંગ-જીરાનો વઘાર અપાય છે. હીંગ સાથે જીરાને રાખી મૂકવાથી હિંગના અવગુણો-તીવ્ર વાસ અને ઉષ્ણતા નાશ પામે છે.

હીંગ અને સિંધવ સાથે જીરૂં આપવાથી અપચો તથા પેટના રોગો મટે છે. પિગાળેલા ગોળમાં વાટેલું જીરૂં મેળવી ખવડાવવાથી હેડકીના ઉછાળા શાંત થાય છે. વળી ગોળમાં જીરૂં મેળવી ખાવાથી વાતજ્વર, કફજ્વર તથા ટાઢીઓ તાવ મટે છે, રોગીને ભૂખ લાગે છે, પેશાબ સાફ આવે છે અને ગરમી ઓછી થાય છે. જીરાના ઉકાળેલા પાણી વડે નહાવાથી ખસખુજલી જેવા ચામડીનાં દરદો નાશ પામે છે. જીરૂં, સુવા અને વરિયાળીનો અર્ક બાળકોને આપવામાં આવે તો પેટ સંબંધીના તેમના તમામ રોગો મટે છે. આ જ કારણથી ગ્રાઈપ વૉટર જેવી સુવાના પાણીની પ્રખ્યાત પરદેશી દવામાં પણ જીરાનો ઉપયોગ થાય છે. પાચક અને ઉદ્દીપક પ્રખ્યાત હીંગાષ્ટક

ચૂર્ણમાં પણ તેનો સમાવેશ છે. મગજ પરનો લોહીનો ધસારો ઓછો કરવા તથા મગજના વ્યાધિ પર સરકા સાથે વાટેલું જીરું અપાય છે. લોહીમાં લાલ કણોની ન્યૂનતાથી થતો પાંડુરોગ માખણ સાથે જીરાનું બારીક ચૂર્ણ આપવાથી કાયમ માટે નાબૂદ થાય છે. ગરમીના હરસના મસા છાસ સાથે વાટેલું જીરું લેવાથી મટે છે અને ૧ તોલા ભૂંજેલા જીરાનો ઉકાળો બનાવી દર ત્રણ કલાકે પિવડાવવાથી સંગ્રહણીનો રોગ કાબૂમાં આવે છે. વાત અને અપચાની તો તે સસ્તી અને ઘરગથ્થુ દવા છે. ('પ્રતિમા' અને 'ગુજરાતમિત્ર'પરથી)

વટસાવિત્રી

ભારતીય સંસ્કૃતિની એક વિશેષતા એ છે કે તેણે પ્રત્યેક ઉચ્ચ ગુણનો એકએક ચિરંતન આદર્શ લોકો માટે નિર્માણ કરી રાખ્યો છે. રાજ ચલાવવા તથા ટેક માટે રાજા રામચંદ્રજીનો, સત્યપાલન માટે હરિશ્ચન્દ્રનો, બ્રહ્મચર્ય માટે હનુમાનનો, બળ માટે ભીમનો, ઉદારતા માટે કર્ણનો—એમ દરેક ઉચ્ચ આદર્શ માટે એકએક જીવંત પ્રતિભા નિર્માણ કરી છે. પણ તે સૌમાંયે પાતિવ્રત્ય અને સતીત્વ માટે સીતા, સાવિત્રી અને ઉમાના જે અચલ અને અમર આદર્શો નિર્માણ કર્યા છે તેનો તો જગતભરમાંયે જોટો નથી. સ્ત્રીઓ માટેના આ ત્રિવિધ આદર્શોને છેક પુરાતન કાળથી આર્ય સ્ત્રી અનુસરતી આવી છે. તેમાંયે પતિના પ્રાણ પાછા મેળવવા મૃત્યુ સાથે પણ ઝગડનારી સતી સાવિત્રીનું સ્થાન અનન્ય છે. આજે પણ જેઠ માસની પૂર્ણિમાને દિવસે 'વટસાવિત્રી'ના તહેવાર દ્વારા તે મહા સતીનું સ્ત્રીઓ દ્વારા ભાવપૂર્વક પૂજન થાય છે.

સાવિત્રીનું સમસ્ત જીવન પણ એવું જ તેજસ્વી અને સ્ફૂર્તિદાયક છે. મદ્રદેશના રાજા અશ્વપતિને ત્યાં તેનો જન્મ થએલો. સૂર્ય(સવિતૃ)ની ઉપાસનાથી તે પ્રાપ્ત થએલી હોવાથી પિતાએ તેનું નામ 'સાવિત્રી' પાડ્યું. સાત્ત્વિક અને નીરોગી વાતાવરણમાં ઊછરેલી સાવિત્રીની પવિત્રતા અને તેજસ્વિતા એટલી જાજ્વલ્યમાન હતી કે ભલભલા રાજપુત્રો પણ તેની આગળ ફિક્કા પડવા લાગ્યા અને દરેક જણ પોતાને સાવિત્રી સાથે પરણવા અયોગ્ય સમજવા લાગ્યા. આથી તેના પિતાએ સુશીલ સાવિત્રીને પોતાની મેળે જ પોતાના પતિની પસંદગી કરવાની રજા આપી. એક વૃદ્ધ મંત્રીને સાથે લઈ યોગ્ય પતિની શોધ માટે નીકળેલી સાવિત્રી નગરો તથા વનોમાં ફરતીફરતી, શાલ્વદેશનો રાજ્યભ્રષ્ટ અંધ રાજા દ્યુમત્સેન જ્યાં રહેતો હતો તે વનમાં આવી પહોંચી. તે અંધ રાજાના તેજસ્વી પુત્ર સત્યવાનનું ઉદાર વિશુદ્ધ ચારિત્ર્ય અને સુદૃઢ કાંતિમાન શરીર જોઇને તેને જ મનથી વર તરીકે પસંદ કરી સાવિત્રી ઘેર પાછી ફરી. દરબારમાં આવેલા ભવિષ્યવેત્તા દેવર્ષિ નારદે સાવિત્રીની પસંદગી સાંભળીને કહ્યું: 'સત્યવાનનું તો એક વર્ષ બાદ મૃત્યુ થવાનું છે. માટે તારે બીજો વર પસંદ કરવો જોઇએ.' સાવિત્રીના પિતાએ પણ એ સાંભળીને એવો જ આગ્રહ કર્યો. પણ સાવિત્રીએ દૃઢતાથી કહ્યું: 'જે સત્યવાનને હું મનથી વરી ચૂકી છું, તે દીર્ઘાયુષી હોય કે અલ્પાયુષી, હું તેને જ પરણીશ.'

ઇચ્છા પ્રમાણે સાવિત્રીના લગ્ન થયાને બીજે જ દિવસે એ રાજકુમારીએ પોતાનાં ઘરેણાં ઉતારી નાખી પતિના આશ્રમજીવનને અનુરૂપ જીવનપ્રણાલિનો સ્વીકાર કર્યો. એ રીતે સાત્ત્વિક જીવન વ્યતિત કરતાં આખરે જ્યારે સત્યવાનના મૃત્યુને ચાર જ દિવસ બાકી રહ્યા ત્યારે સાવિત્રીએ અન્નજળ અને નિદ્રાનો પણ ત્યાગ કરીને કડક વ્રતપૂર્વક ઈશ્વર-આરાધના આદરી. ચોથે દિવસે જ્યારે સત્યવાન વનમાં ફૂલો તથા લાકડાં આણવા નીકળ્યો ત્યારે હઠ કરીને સાવિત્રી પણ તેની સાથે ગઇ. લાકડાં કાપતાંકાપતાં અચાનક સત્યવાનના માથામાં અને હૃદયમાં તીવ્ર વેદના શરૂ થતાં તેનું મસ્તક ખોળામાં લઇ સાવિત્રી શુશ્રૂષા કરવા લાગી. ત્યાં તો સત્યવાનનો પ્રાણ હરવા યમરાજ આવી પહોંચ્યા. પોતાની દિવ્ય દૃષ્ટિ વડે સાવિત્રીએ તેમને તત્કાળ ઓળખી કાઢ્યા ને જેવા યમરાજ પોતાના પાશવડે સત્યવાનના પ્રાણ હરી લઇને દક્ષિણ દિશા તરફ ચાલવા લાગ્યા કે તરત સાવિત્રી પણ તેમની પાછળપાછળ નીડરતાથી જવા લાગી. યમરાજે તેને પાછા ફરવા કહ્યું. પણ 'જ્યાં પતિ ત્યાં હું' એમ કહી તે પોતાના નિશ્ચયમાં અડગ રહી. ચાલતાંચાલતાં સાવિત્રીના જ્ઞાનયુક્ત, ધર્મનું રહસ્ય પ્રગટનારી વાતચીત સાંભળી યમરાજાએ એ સંવાદ દરમ્યાન ત્રણ વાર તેને સત્યવાનના પ્રાણ સિવાય ગમે તે વરદાન માગવા કહ્યું. પણ છેલ્લી વાર તો પાંડિત્ય અને આત્મજ્ઞાનથી સભર સાવિત્રીનાં વચન સાંભળીને યમરાજ એવા તો ખુશ થઈ ગયા કે 'તારી ઈચ્છામાં આવે તે વર માગ' એમ બોલી ગયા. તરત સાવિત્રીએ પતિના પ્રાણ માગ્યા, જે વચનબદ્ધ થએલા યમરાજને આપવા પડ્યા. તથા અગાઉના ત્રણ વરદાન તરીકે સાવિત્રીના અંધ સસરાને દૃષ્ટિ પ્રાપ્ત થાય, ગએલું રાજ્ય પાછું મળે તથા સાવિત્રીના પિતાને પુત્ર થાય એ ત્રણ વર પણ આપ્યા. આ રીતે કેવળ પોતાની અચળ ધર્મનિષ્ઠા અને એકનિષ્ઠ પ્રેમના બળે સાવિત્રીએ મૃત્યુ પર પણ વિજય મેળવ્યો.

આમ વટ-સાવિત્રીનો તહેવાર એટલે એકનિષ્ઠ પ્રેમનો મૃત્યુ પરનો વિજય; સ્ત્રી-સ્વાતંત્ર્ય અને સ્ત્રીધર્મનો ઉત્કટ આદર્શ અને ગૃહજીવનના એકરાગનું જીવંત પ્રતીક. છેક રામાયણ-મહાભારત કાળથી પ્રચલિત એવો આ કૌટુંબિક તહેવાર ગુજરાતમાં 'વટ-સાવિત્રી' તરીકે અને મધ્ય તથા ઉત્તર હિંદમાં 'સાવિત્રી વ્રત' તરીકે એકસરખો પ્રચલિત છે. શાસ્ત્રમાં તો એ વ્રત સાવિત્રીની માફક છેક જેઠ સુદ તેરસથી પૂનમ સુધી એમ ત્રણ દિવસ ઉપવાસ કરીને ઊજવવાનું લખ્યું છે. પણ આજે તો પૂનમને જ દિવસે ઉપવાસ કરીને સ્ત્રીઓ તે ઊજવે છે. તે વ્રતના મુખ્ય વિધિમાં વડના ઝાડની નીચે સાવિત્રી-સત્યવાન તથા યમનાં ચિત્રો કાઢી તેમની પૂજા કરવી, સાવિત્રીની કથા વાંચવી—સાંભળવી, વડના પાનના પડિયામાં ફળો તથા સૌભાગ્ય-દ્રવ્યો મૂકી તે વાયન પડોશની સૌભાગ્યવતી સ્ત્રીઓને આપવું ઈત્યાદિનો સમાવેશ થાય છે. શહેરમાં લોકો વડને અભાવે વડની ડાંખળી ઘેર લાવીને વિધિ કરે છે, જ્યારે ગામડામાં કોઈ એક વડના ઝાડ નીચે જ સર્વ સ્ત્રીઓ ભેગા થઈ સાવિત્રી તથા વડની સવિધિ પૂજા કરે છે. બંગાળમાં વિધિ જરા જુદી છે. ત્યાં સ્ત્રીઓ સાવિત્રીને બદલે પોતાના પતિની પૂજા કરે છે.

પોતાના પતિની જીવાદોરી કવખતે તૂટી ન જાય અને પતિના સહવાસમાં જ પોતાનું સઘળું આયુષ્ય વીતે એ કામનાથી આ તહેવાર ઊજવતી આર્ય રમણીઓ અંધ વિશ્વાસથી કેવળ દેવની જ આરાધના ન કરતાં જો સાવિત્રીની માફક જ્ઞાનનું તેજ, સંકલ્પનું બળ અને શ્રદ્ધાની શક્તિ કેળવશે તો કેવળ તેમના કુટુંબજીવનમાં જ નહિ પણ સમસ્ત સમાજજીવનમાં પવિત્ર પ્રેમથી સભર એવું વિશુદ્ધ અને સાત્ત્વિક વાતાવરણ ઊભું થશે.

—માસમાસના તહેવારો-૬—

મૃત્યુ

મૃત્યુ વિષે તથા મૃત્યુ પછી શરીર પર થતા ફેરફારો વિષે આપણામાં ઘણું અજ્ઞાન તથા વહેમો પ્રવર્તે છે. વૈજ્ઞાનિકોએ તે સર્વ માન્યતાઓ ચકાસી તે વિષે નિશ્ચિત માહિતી પ્રાપ્ત કરી છે.

માણસની જ્યારે આખર ઘડી આવે છે ત્યારે ઘણાએ તેના ગળામાંથી એક જાતનો ઘરઘરાટ થતો સાંભળ્યો હશે. એવો ઘરઘરાટ સાંભળતાં જ આપણે કહીએ છીએ કે હવે આ માણસનું મૃત્યુ નિશ્ચિત છે. ઘણાની એવી માન્યતા હોય છે કે દરેક વ્યક્તિ આવા ઘરઘરાટ પછી જ મૃત્યુ પામે છે. પણ તે ભૂલ છે. કેટલા યે લોકો વગર ઘરઘરાટે મૃત્યુ પામે છે, જ્યારે ઘણાં ઘરઘરાટ થવા છતાં બચી જાય છે. એ ઘરઘરાટ ખરું જોતાં આપણે જે ઘોરવાની કે કોગળા કરવાની ક્રિયા કરીએ છીએ તેવી જ છે અને શ્વાસોચ્છ્વાસની ક્રિયા ઉપરનો કાબૂ ઓછો થવાથી તે થાય છે.

બીજી એક માન્યતા એવી છે કે ખૂબ ઠંડા પ્રદેશમાં માણસ ઘવાઇને બેભાન થઈ જમીન પર ઢળી પડે તો તેનું સર્વ લોહી નિમિષ માત્રમાં ઠરી જઈ તે તરત મરણને શરણ થાય છે. યુદ્ધકાળમાં રશિયામાં આ માન્યતા ખૂબ જ પ્રચલિત હતી. પણ વિજ્ઞાને સિદ્ધ કર્યું છે કે જ્યાં સુધી માણસના શરીરમાં પ્રાણ હોય ત્યાં સુધી તેના શરીરનું ઉષ્ણતામાન ૯૮ ડિગ્રી ફેરનહાઇટ જ હોય છે. ગમે તેવી ભયંકર ઠંડી તેને ઠારી શકતી નથી.

ડૂબવાથી નિપજતા મૃત્યુ માટે ઘણી ખોટી માન્યતાઓ પ્રવર્તે છે. ઘણા એમ માને છે કે ડૂબતો માણસ ત્રણ વખત તો પાણીની સપાટી પર આવે જ છે. પણ તે માન્યતા યે ખોટી છે. કેટલાક વળી એમ માને છે કે ડૂબતો માણસ પોતાનું મૃત્યુ પોતાની આંખ સામે થતું જોતો હોવાથી પોતાના સમસ્ત આયુષ્યનું અવલોકન તેની આંખ આગળથી પસાર થાય છે. પણ ડૂબી ગએલા અને બેભાન અવસ્થામાં બચાવી લેવામાં આવેલા મનુષ્યોની જુબાની સાબિત કરે છે કે તેવું કશું જ બનતું નથી. ડૂબતો માણસ બેભાન બની જાય છે પછી તેને કોઇ જ વિચાર સ્પર્શતો નથી.

ઘણે ઊંચેથી નીચે પડી મૃત્યુ પામતો મનુષ્ય પડતાં પહેલાં પડવાની ગતિને કારણે હવામાં જ મૃત્યુ પામે છે એવો ખ્યાલ કેટલાક ધરાવે છે. પણ પૅરેશ્યૂટની શોધને કારણે આ વિધાન ચકાસી જોવાનું શક્ય બનતાં એમ જણાયું છે કે આ માન્યતા પણ નાપાયાદાર છે.

પણ સૌથી વધુ જોરદાર માન્યતા તો એ છે કે મૃત્યુ થતાં જ માણસના વજનમાં ફેરફાર થાય છે! આમાં બે પક્ષ છે. એક પક્ષ માને છે કે મૃત્યુ થતાં જ મૃત શરીરનું વજન ઓછું થાય છે. આના કારણમાં તેઓ એમ જણાવે છે કે આત્માને વજન હોય છે અને તેથી શરીરમાંથી આત્મા જતો રહેતાં શરીરનું વજન ઓછું થાય છે! પણ આ જાતની માન્યતા માટે કોઇ પ્રત્યક્ષ આધાર કે દાખલો નથી. જ્યારે બીજી માન્યતા એવી છે કે મૃત્યુ થયા પછી શરીરનું વજન પહેલાં કરતાં વધારે થાય છે. મુડદાને ઉપાડતાં તેનો જે ભાર આપણને લાગે છે તે ખરેખર આશ્ચર્યકારક હોય છે. આપણને કલ્પના પણ ન આવે કે મુડદું આટલું ભારે હોઇ શકે. પણ આનું કારણ એ છે કે આપણે પોતે આપણા પોતાના શરીરને એટલી આસાનીથી એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જઈ શકીએ છીએ કે આપણને ક્યાંથી ખ્યાલ આવે કે માણસના બે હાથનું જ વજન અધમણની ગુણી જેટલું અને પગનું એક મણ જેટલું વજન હોઇ શકે છે!

મૃત્યુ પામ્યા પછી મુડદાના શરીર પર વાળ તથા નખ વધવાનું કાર્ય તો ચાલુ જ રહે છે એવી વળી એક માન્યતા પણ લોકોમાં છે અને તેના પ્રતિપાદનમાં પોતે જોએલા ઘણા દાખલા પણ તેઓ ટાંકતા હોય છે. પણ ઘણુંખરું આ વાતો કેવળ ગપ્પાં જ છે. હા, ઘણી વખત એવું બને છે કે મૃત્યુ પછી વાળના મૂળમાં રહેલી ગ્રંથિઓ તથા આંગળીનાં ટેરવાં આગળનું માંસ સુકાઇ જવાથી વાળ તથા નખ વધુ બહાર આવ્યા હોય એવું લાગે. (સાયન્સ ડાઈજેસ્ટ)


જાસૂસખાતું : રાજતંત્રનું મહત્ત્વનું અંગ

કોઇ પણ દેશનું રાજતંત્ર જાસૂસખાતા વગર ચાલી શકતું નથી. દુશ્મનો ને દેશદ્રોહીઓની પ્રવૃત્તિથી દેશના રાજ્યકર્તાઓને વાકેફ રાખવા સાથે તે રાજ્યકર્તાઓનાં જીવનનું પણ તેને રક્ષણ કરવાનું હોય છે. તેનાં માણસો કેવા ચકોર ને કાર્યદક્ષ હોવા જોઇએ અને તેમની સહેજ પણ ગફલતથી કેવાં દૂરગામી ને ભયંકર પરિણામો આવે છે તેનો ખ્યાલ સામાન્ય માણસને નથી હોતો.

જાસૂસખાતાનાં માણસો કેવળ પગારથી લલચાએલા ન હોવા જોઇએ. દેશપ્રેમની ધગશ અને દેશરક્ષણની તમન્ના તેમનામાં હોવાં જોઇએ. પરદેશના આવા જાસૂસોના હેવાલ જ્યારે આપણે વાંચીએ છીએ ત્યારે, પગાર ખાતર નહિ પણ કેવળ દેશપ્રેમથી દોરવાઇને કેવાં જીવસટોસટના જોખમો તેઓ ખેડે છે અને કેટલી કુશળતાપૂર્વક કામ કરે છે તેનો ખ્યાલ આવે છે. ઈંગ્લંડના સ્કૉટલૅંડ યાર્ડનાં પરાક્રમોથી કોણ અજાણ હશે? આજે દેશ આઝાદ થતાં આપણા એ ખાતામાં દેશપ્રેમી માણસોની ખૂબ જરૂર પડી છે. ગૃહખાતાના પ્રધાન સરદાર વલ્લભભાઇએ જણાવ્યા મુજબ તેમાં આજસુધી ૮૦ ટકા મુસલમાનો હતા, જેઓ પાકિસ્તાન ચાલ્યા જવાથી તે ખાતું ઘણું મોળું પડી ગયું છે. પણ હવે આ ખાતાને ફરી પગભર અને શક્તિશાળી બનાવવા બુદ્ધિશાળી, કુશળ ને વેધક નજરવાળા યુવાનોની જરૂર છે. ગુજરાન ચલાવવા સાથે ઉત્તમોત્તમ દેશસેવાની તક આપતા દેશના આ અગત્યના ખાતામાં યુવકો વધુ પ્રમાણમાં જોડાય એ દેશની આજે મહત્ત્વની જરૂરિયાત છે. ('પ્રભાકર' પરથી)

કસોટીના જવાબો

(૧) પહેલાં, ત્રાજવાના બન્ને પલ્લામાં પેલા આઠ દડામાંથી ગમે તે ત્રણત્રણ દડા મૂકી જોખવા. જો બન્ને સમતોલ થાય તો બાકી રહેલા બે દડામાં એક દડો હલકો હોવો જોઇએ, જે બીજી વખત ત્રાજવાના એકએક પલ્લામાં મૂકી જોખતાં શોધી શકાશે. પણ જો ત્રણત્રણ દડા જોખતાં એક બાજુ પલ્લું નમી જાય તો ઊંચા થએલા પલ્લામાંના કોઈ પણ બે દડા લઈ બીજી વખત ત્રાજવાનાં પલ્લામાં એકએક મૂકી જોખવા. જો તે પણ સમતોલ થાય તો બાજુ પર રાખેલો ત્રીજો દડો હલકો છે એમ સાબિત થાય અને જો સમતોલ ન રહે, તો જે પલ્લું ઊંચું થયું હોય તેમાંનો દડો હલકો. (૨) ચિત્રમાં બતાવ્યા પ્રમાણે. (૩) ૧૨૬ મિનિટ. કારણ આઠ ટકોરા થવામાં ૭ વિરામ હોય છે. (૪) ૬૪૪૭, ૯૭૬૧૦, સરવાળો ૧૦૩૮૫૭. (૫) પહેલાં એક ત્રિકોણ ત્રણ દિવાસળી વડે ટેબલ પર બનાવો. પછી તે ત્રિકોણના ત્રણે છેડે બાકીની દિવાસળી એવી રીતે ઊભી રાખો કે જેથી ત્રણેના છેડા અદ્ધર હવામાં ભેગા થાય. આમ ત્રણ ત્રિકોણ હવામાં ઊભા થશે અને એક ત્રિકોણ ટેબલ પર. (૬) આપ સમાન બળ નહિ. (૭) (ક) સાચું. (ખ) ખોટું. (ગ) ખોટું. વધુમાં વધુ બે વર્ષ. (ઘ) ખોટું; ગુરુ. (ચ) સાચું. (છ) સાચું.



ચાલુ તવારીખ: મે

તા. ૩ લૉર્ડ લૂઇ માઉન્ટબૅટન જૂનની ૨૧મીએ નિવૃત્ત થતાં તેમને સ્થાને પ્રથમ હિંદી ગવર્નર જનરલ તરીકે શ્રી રાજાજીની વરણી.

તા. ૪ ભાવલપુરના મુસ્લિમ રાજ્યમાં અપહૃત સ્ત્રીઓ પાછી મેળવવા માટે સત્તાવાળાઓની નિષ્ક્રિયતાના વિરોધ તરીકે ગાંધીજીનાં અનુયાયી ને અંતેવાસી કુ. અમતુસ્સલામે આમરણાંત ઉપવાસ શરૂ કર્યા.

તા. ૮ બર્માના એક વખતના મુખ્ય પ્રધાન અને ત્યાંના લોકલાડીલા નેતા આઉં સાનના ખૂનના આરોપી ઉ સોને ફાંસી અપાઈ.

તા. ૧૨ કુ. અમતુસ્સલામે ઉપવાસ છોડ્યા.

તા. ૧૫ પૅલેસ્ટાઈન પરના બ્રિટિશ મૅન્ડેટનો અંત આવતાં જ પૅલેસ્ટાઇનના યહૂદીઓએ તેલાવીવમાં પોતાના નવા રાજ્ય 'ઈઝરાઇલ'ની સ્થાપના કરી. આમ, ૨૦૦૦ વર્ષ બાદ જગતમાં યહૂદી રાજ્ય સ્થપાયું. ◖ ઇજિપ્ત તથા આરબ દેશોએ પૅલેસ્ટાઈન પર હુમલો શરૂ કર્યો. યહૂદીઓ ને આરબો વચ્ચે મોટા પાયા પર યુદ્ધ શરૂ થયું. ◖ સિયામમાં મુસ્લિમોએ ધાર્મિક કારણોસર બળવો કર્યો.

તા. ૧૧ ઈજિપ્તના લશ્કરે પૅલેસ્ટાઈનના ગાઝા શહેરનો કબજો લીધો.

તા. ૧૮ યહૂદીઓએ એકર શહેર કબજે કર્યું.

તા. ૨૧ રત્નાગિરિખાતેની પોતાની રૂ૧૦૦૦ની મિલકત જાહેર હિત માટે આપી દેવાનો વડા પ્રધાન શ્રી ખેરનો નિર્ણય.

તા. ૨૭ ગાંધીજીના ખૂનના આરોપી ગોડસે તથા બીજા ૮ જણા પર દિલ્હીના લાલ કિલ્લામાં મુકદ્દમો શરૂ થયો.

તા. ૨૮ ૪૮૦૦૦ ચો. માઈલનો પ્રદેશ ધરાવતા મધ્ય ભારતના ૨૨ રાજ્યોનું સૌથી મોટું એકમ રચાયું. ◖ દ. આફ્રિકાની ચૂંટણીમાં જનરલ સ્મટ્સની તથા તેના પક્ષની હાર. ડૉ. માલાનના હિંદવિરોધી પક્ષની જીત.

તા. ૨૯ સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી સમિતિએ પૅલેસ્ટાઈનમાં યુદ્ધ બંધ કરવાનું ફરમાન કાઢ્યું.

આ માસ (જૂન) ઈતિહાસમાં

તા. ૩ ગયે મહિને જેમની ૯૦મી વર્ષગાંઠ ઊજવાઇ તે સ્ત્રી-ઉન્નતિના પ્રખર હિમાયતી ને સમાજસેવક **શ્રી** ધોંડો કેશવ કર્વેએ કર્વે મહાવિદ્યાલયની સ્થાપના કરી. ૧૯૧૬.

તા. ૪ '૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામમાં નાનાસાહેબ પેશ્વાએ કાનપુર કબજે કર્યું, ૧૮૫૭.

તા. ૮ ઇસ્લામના સ્થાપક હજરત મહંમદ પયગંબર સાહેબનું મદીનામાં અવસાન, ઇ.૬૩૨.

તા. ૯ વરાળયંત્રની ક્રાંતિકારી શોધ કરનાર અંગ્રેજ જ્યૉર્જ સ્ટીવન્સનનો જન્મ, ૧૭૮૧.

તા. ૧૭ હાસ્યવિષયનું ઇંગ્લંડનું જગનામી ને સમર્થ સાપ્તાહિક 'પંચ' પ્રગટ થયું, ૧૮૪૧.

તા. ૨૮ મુંબાઇ પ્રાંતનું સૌથી જૂનું ગુજરાતી દૈનિક 'મુંબાઈ સમાચાર' શરૂ થયું, ૧૮૮૨.

તા. ૩૦ નિષ્ઠાવાન દેશસેવક હિંદના 'દાદા' દાદાભાઈ નવરોજીનું અવસાન, ૧૯૧૭.



આ માસની વ્યક્તિવિશેષ : **હેલન કેલર**

તદ્દન બાળ વયે આંધળી, બહેરી ને મૂંગી એમ ત્રણે ઇંદ્રિયે અપંગ બનવા છતાં, કેવળ ગંધ ને સ્પર્શની ઇન્દ્રિયોની સહાયથી, પુરુષાર્થ ને પ્રતિભાના બળે ગ્રૅજ્યુએટ થનાર તથા ઉત્તમ લેખિકા ને વક્તા તરીકે નામ કાઢનાર આ અદ્ભુત બાઇનો જન્મ અમેરિકાના આલાબામા પ્રાંતમાં ટુસ્કંબિયા ગામના એક શ્રીમંત કુટુંબમાં ૧૮૮૦ના જૂનની ૨૭મી થયો હતો. પણ દોઢ વર્ષની થતાં તો તે 'સ્કાર્લેટ ફીવર'ની ભયાનક માંદગીમાં સપડાઈ. તે કારણે તેની જોવાની, સાંભળવાની અને બોલવાની એમ ત્રણે શક્તિઓ ચાલી ગઈ. માતાપિતાએ પોતાની એ અપંગ બનેલી પુત્રીને કેળવવા મિસ ઍની સલિવન નામની એક હોશિયાર બાઇને શિક્ષિકા તરીકે રાખી. તેણે ૧૮૮૭ની ૩જી માર્ચે હેલનને સજ્ઞાન બનાવવાના પોતાના ભગીરથ પ્રયત્નો શરૂ કર્યા. પહેલે દિવસે હેલનના એક હાથમાં ઢીંગલી આપીને બીજા હાથમાં 'ઢીં-ગ-લી' શબ્દની જોડણી લખીને તેને વસ્તુનું નામ શીખવવાનો પ્રયત્ન કર્યો. પણ ક્યાંય સુધી હેલનને એ શું થાય છે તેની ખબર જ ન પડી. પણ એકાએક એક દિવસ જ્યારે હેલન એક હાથ પર પાણીની ધાર ઝીલતી હતી ત્યારે તેના બીજા હાથ પર સલિવને 'પા-ણી' શબ્દની જોડણી લખતાં જ હેલનને અગમ્ય રીતે જણાઈ આવ્યું કે જે ઠંડો પ્રવાહી એક હાથ પર પડે છે તેનું જ નામ બીજા હાથ પર લખાય છે. આ ભાન થતાં જ હેલનની અંધકારમય દુનિયામાં પ્રકાશ પથરાઈ ગયો. પછી તો શિક્ષિકાના યોગ્ય માર્ગદર્શન નીચે હેલને પોતાનો શબ્દભંડોળ એવો તો વધાર્યો કે બધા દિંગ થઈ ગયા. વળી સ્પર્શજ્ઞાનવડે જ શીખીને હેલને પોતાની બોલવાની શક્તિ પણ પાછી મેળવી!

જોતજોતામાં અંધ માટેની બ્રેઈલ લિપિ વડે શાળાનું શિક્ષણ પૂરું કરી ઈ. ૧૯૦૦ માં તે બોસ્ટનની રૅડક્લિફ કૉલેજમાં દાખલ થઇ અને પાંચ ભાષાઓ, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, ગણિત ઇત્યાદિ ઉચ્ચ વિષયો શીખી ઇ. ૧૯૦૪ માં બી. એ. પણ થઇ ગઇ. તે પછી તેણે પોતાના જેવા ઇતર હજારો અંધોના ઉત્કર્ષકાર્યમાં ઝુકાવ્યું. તેને માટે એક મોટું ભંડોળ ભેગું કરીને અંધોદ્ધાર માટે 'જહૉન મિલ્ટન સોસાએટી ફૉર ધ બ્લાઇન્ડ' નામની વિખ્યાત સંસ્થા સ્થાપી ને આંધળાઓ માટે બે માસિકો બ્રેઈલ લિપિમાં શરૂ કર્યાં. તેણે લખેલાં ઘણાં પુસ્તકો પૈકી તેની આત્મકથા જગતસાહિત્યમાં ઊંચું સ્થાન ધરાવે છે. આજે ૬૮ વર્ષની વયે અંધોની ઉન્નતિ કાજે જગત-પ્રવાસે નીકળેલાં મિસ હેલન કેલર ઇન્દ્રિયશક્તિ વિના પણ માનવી કેવળ આત્મશક્તિ ને પુરુષાર્થ વડે કેવી અદ્ભુત પ્રગતિ કરી શકે છે તેનું જ્વલંત ઉદાહરણ છે.

વૉટર્લૂનું યુદ્ધ (આ માસનો પ્રસંગવિશેષ): નેપોલિયન અને અંગ્રેજ સેનાપતિ વેલિંગ્ટન વચ્ચે થએલું આ યાદગાર યુદ્ધ તેની દૂરગામી અસરને લીધે જગતના ઇતિહાસમાં મહત્ત્વનું ગણાય છે. હરાવીને એલ્બામાં કેદ કરાએલો નેપોલિયન ત્યાંથી નાસી આવી ફ્રાન્સનો શહેનશાહ બનતાં જ તેને કચડી નાખવા ઈંગ્લંડ, પ્રૂશિયા વગેરે દેશોએ મોટાં સૈન્યો ઉતાર્યાં. વેલિંગ્ટનની સરદારી હેઠળનું અંગ્રેજ સૈન્ય અને બ્લૂશરની સરદારી હેઠળનું પ્રૂશિયન સૈન્ય ભેગાં થાય તે પહેલાં જ નેપોલિયને વેલિંગ્ટન સામે પોતાના એક સરદારને મોકલી પોતે બ્લૂશરની ખબર લેવા નીકળ્યો. લીની આગળ બ્લૂશરને હરાવી-ભગાડીને પોતે વેલિંગ્ટન સામે આવી પહોંચ્યો. બેલ્જિયમના વૉટર્લૂ નામના ગામડાની પાસે ૧૮૧૫ના જૂનની ૧૮મીએ સવારે ૧૧ વાગ્યે ૭૪,૦૦૦ ફ્રેન્ચો અને ૬૭,૦૦૦ અંગ્રેજ, ડચ ને બેલ્જિયન સૈન્ય વચ્ચે ભીષણ યુદ્ધ શરૂ થયું. નેપોલિયનના હલ્લાનો અંગ્રેજોએ વીરતાથી સામનો કર્યો, પણ સાંજ સુધી વિજય અનિશ્ચિત હતો. ત્યાં તો નાસી ગએલો બ્લૂશર એકાએક પોતાના સૈન્ય સાથે આવી પહોંચતાં અંગ્રેજોને અણધારી મદદ મળી ગઈ અને નેપોલિયનની સંપૂર્ણ હાર થઇ. અને આમ, બે દસકા સુધી યુરોપની ધરણીને ધમધમાવનાર નેપોલિયનની સત્તાનો સૂર્ય આ યુદ્ધ પછી સદાને માટે અસ્ત પામ્યો.

હણો ના પાપીને, દ્વિગુણ બનશે પાપ જગનાં,
લડો પાપો સામે અડગ દિલના ગુપ્ત બળથી.
—સુન્દરમ્


રાજગોપાલાચાર્ય વકીલાત કરતા હતા ત્યારે, પોતાને એક ગામડાના શાળાશિક્ષક તરીકે ઓળખાવી એક માણસે તેમની પાસે આવી મદદ યાચી. તેની ઝીણવટથી તપાસ કરી, સાંજ સુધી તેને પોતાને ઘેર રહેવાનું કહી તે કોર્ટમાં ગયા, અને પેલે ગામડે શાળા પર તાર કરી તે માણસની તપાસ કરાવી. એ કલાકમાં જવાબ આવ્યો કે એવો કોઇ માણસ જ ત્યાં શિક્ષક નથી. રાજાજીએ તરત પોલીસને ખબર આપી તે ધુતારાને પકડાવી દીધો. પેલાએ ગુનો કબૂલી દયાની આજીજી કરતાં કરુણાસાગર રાજાજીએ જ કોર્ટ આગળ દયાની અરજી રજૂ કરી કોર્ટે એ ભામટાનો સો રૂપિયા દંડ કર્યો. રાજાજીએ અસરકારક દલીલો કરી દંડની રકમ ઓછી કરાવી. પણ એટલીયે રકમ પેલા માણસ પાસે ન હોવાથી જાતે જ પોતાના ખિસામાંથી તે દંડ ભરી દઈ તે માણસને છોડાવ્યો!

કહેવતોના અર્થ: 'ચોર કોટવાળને દંડે'- પોતે ગુનામાં હોવા છતાં સામો ગળે પડવા આવતા, અગર ખાનદાન માણસોને સામા લેતા પડતા લફંગા માણસની દાંડાઈ દર્શાવતી આ કહેવતમાંની ઉપમા જ તેનો અર્થ સ્પષ્ટ કરે છે. એવી બીજી કહેવતો: 'ચોરી ને ઉપરશિરજોરી'; 'ઘોલૈયામાં જમવું ને પત્રાળાં પાંચ'; 'અણકમાઉ ને ઊનાં પાણી'; 'સામી ઘોડી સાલવવી ને દાઝે દુભાવું' વગેરે.

અનેકાર્થી શબ્દ: પદ્મ=કમળ, રાતુંકમળ; હાથીની સૂંઢ તથા કુંભસ્થળ ઉપરની રંગદાર છાંટ; હજાર અબજ; વિષ્ણુનું એક આયુધ; શરીરનાં ષટ્ચક્રોમાંનું એક; આંગળીનાં કે પગનાં તળિયાં ઉપરનું એક સામુદ્રિક ચિહ્ન.

ગણિતગમ્મત

૧^{૨}+(૧×૨)=૩=૧ થી ૨ સુધીનો સરવાળો=(૨×૩)÷૨
૨^{૨}+(૧×૨)=૬=૧ થી ૩ ,, ,, =(૩×૪)÷૨
૨^{૨}+(૨×૩)=૧૦=૧ થી ૪ સુધીનો સરવાળો=(૪×૫)÷૨
૩^{૨}+(૨×૩)=૧૫=૧ થી ૫ ,, ,, =(૫×૬)÷૨
૩^{૨}+(૩×૪)=૨૧=૧ થી ૬ સુધીનો સરવાળો=(૬×૭)÷૨
૪^{૨}+(૩×૪)=૨૮=૧ થી ૭ ,, ,, =(૭×૮)÷૨
૪^{૨}+(૪×૫)=૩૬=૧ થી ૮ સુધીનો સરવાળો=(૮×૯)÷૨
૫^{૨}+(૪×૫)=૪૫=૧ થી ૯ ,, ,, =(૯×૧૦)÷૨
અને એમ ગમે ત્યાં સુધી આગળ. —મ. ના. ખત્રી



એક તરફ ધારવાળી બ્લેડ

ચિત્રો દોરનારાઓને અને બીજાઓને પણ અનુભવ હશે કે સાદી ફૂટપટીને કાગળ પર મૂકીને શાહીથી લીટી દોરવાનો પ્રયત્ન કરતાં શાહી ફૂટપટીની નીચે ફેલાવાથી લીટી જાડી થઇ જઈ ડાઘા પણ પડે છે. બજારમાં મળતી એક તરફધારવાળી બ્લેડ ફૂટપટીનીચે ચોંટાડવાથી આ મુશ્કેલી દૂર થશે. કામચલાઉ કાર્ય તરીકે બ્લેડને બદલે સાદો જાડો કાગળ ઘેડ વાળીને મૂકવાથી યા છૂટા પૈસા મૂકીને ચલાવી શકાય. મુખ્ય હેતુ તો ફૂટપટીની સપાટી કાગળથી ઊંચી રાખવાનો છે.

જગતનું સૌથી મોટું પ્રાણી વાદળી વ્હેલ છે. તેની લંબાઈ ૧૦૦ ફૂટ કરતાં યે વધારે અને વજન લગભગ ૫૬૦૦ ગણું હોય છે.

હિંદમાં દર ૧૦ લાખ લોક દીઠ ૧૩ છાપાં છે, જાપાનમાં ૧૫૫ ને અમેરિકામાં ૧૭૨ છે.

હિંદુસ્તાનની ગરમ આબોહવામાં માણસને ૨૪ કલાક પરસેવો છૂટતો હોવાથી તેના શરીરમાં ક્ષારની બહુ મોટી ખોટ પડે છે. તે ખોટ દૂર કરવા રોજ લગભગ ૨॥ તોલા મીઠું લેવાવું જોઈએ.

જગતનું સૌથી જૂનું વર્તમાનપત્ર ચીનનું 'પેકિંગ ગૅઝેટ' છે ૧૦૦૦ વર્ષથી તે એકધારું પ્રસિદ્ધ થયા કરે છે. તેના ૫૦૦ ઉપરાંત તંત્રીઓને તો જેલ જવાનો વારો આવેલો!




કલાકણિકા: પીકદાની જેવી વસ્તુમાં પણ કરેલા દખ્ખણ હૈદરાબાદના બારીક અને રૂપસુંદર બીદરીકામનો નમૂનો.

હાથ પરની ચિકાશ ધોવા માટે સાબુ સાથે જૂજ દળેલી ખાંડ વાપરી જોજો; ચિકાશ નીકળવા સાથે હાથ મુલાયમ બનશે.

સોપારીનું નામ જૂના કાળમાં તે વસઈ પાસે આવેલા 'સોપારા' નામના બંદરેથી આવતી તે પરથી પડ્યું છે.

કાગળ, રેશમ, ચા, બંદુકનો દારૂ તથા છત્રી એ સર્વનું ઉત્પત્તિસ્થાન એકલું ચીન છે.

એક વાસણમાં કોલસા કે લાકડાની રાખ લઈ તે પર થોડું પાણી રેડી, અર્ધા કલાક પછી ઉપરનું પાણી નિતારી લઇ ધોવાના સોડાના દ્રાવણ તરીકે ઉપયોગમાં લઇ શકાય. આ દ્રાવણમાં થોડો ચૂનો નાખી ઉકાળવાથી ચાક (Chalk) થશે. ઉપરનું પાણી કૉસ્ટિક પોટાશનું દ્રાવણ છે અને તેના વડે સાબુ બની શકે છે. (મ. પ. જ.)



જગતનાં કુલ ઢોરનો ત્રીજો ભાગ હિંદમાં હોવા છતાં જગતના એકંદર દૂધનો ફક્ત ૧૨½ ટકા જ ભાગ હિંદ પેદા કરે છે, જે બતાવે છે કે યોગ્ય કાળજી તથા માવજતને અભાવે હિંદનાં ઢોર કેટલું બધું ઓછું દૂધ આપે છે.





: દૃશ્ય ચિત્રઃ 'વાંસની ડાળી' કલાકાર-કવેઇ ચ'આંગ-શિહ; ઈ. ૧૬૧૩; મિંગ કાળની એક ઉત્તમ કૃતિ.



ઉપર ચીની ચિત્રકળાના ત્રણ વિવિધ લાક્ષણિક નમૂના આપેલા છે ઉપરનું મોટું ચિત્ર ચીની તસ્વીરાલેખન(portrait,નો, નીચેનું નાનું ચિત્ર, કથાચિત્ર કે પ્રસંગચિત્ર (illustration)નો, અને જમણી બાજુનું ઊભું ચિત્ર દૃશ્યશોભન-ચિત્ર (decorative landscape-bit)નો એકએક ચુનંદો નમૂનો છે ◖ સર્વ પૂર્વીય ચિત્રકળાઓની પ્રથા, હૂબહૂ આલેખનના કરતાં પણ કલાકારને ચિત્રમાં જે કથન કરવું હોય અને કલાકારની મનોભૂમિમાં તેની જે કલ્પના હોય તેને જોરદારરીતે રજૂ કરવાની રહી છે. મથાળાના મોટા તસ્વીરચિત્રમાં ચીનના યુદ્ધદેવતા સમા ગણાએલા પ્રાચીન સરસેનાપતિ 'ક્વાન યૂ'નું પાત્રાલેખન દર્શાવે છે તેમ એ પાત્રના ચહેરા દ્વારા તેનું અંતરંગ આલેખવાનો સવિશેષ હેતુ છે; છતાં વસ્ત્રાલેખન, કે અંગાલેખન, તાદૃશ આલેખનમાં ઊણાં રહેતાં નથી. અને બાજુએ આપેલા વાંસના-ઝાડ જેવા સાદા મામૂલી વિષયના આલેખનમાં પણ પીંછીની ત્વરિત છટા ને આકૃતિ ઉપરનો કાબૂ દર્શાવવા સાથે આખી ચિત્રરચના કેટલી ભારસામ્ય (balance)વાળી અને સપ્રમાણ છે! ચીનાઓ અક્ષરો પણ પીંછીથી જ લખે છે, કલમથી નહિ; એટલે બીજાઓ પેઠે ધીમેથી ઘૂંટીને નહિ પરંતુ ત્વરિત ઝટકા ને સપાટા વડે ચિત્ર આલેખવાની એક અભિનવ લાક્ષણિકતા તથા પીંછી